વર્ષ : 10 ◆ અંક : 5
સપ્ટેમ્બર-ઑક્ટોબર 2020
સળંગ અંક : 59

कर भला होगा भला
- છગનભા



# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

'વિશ્વવિદ્યાલયના કેન્દ્રમાં વહીવટનો માણસ હોય તો વિદ્યાનું જે સ્વચ્છ વાતાવરણ જામવું જોઈએ એ થવું મુશ્કેલ છે. ઊલટું વિદ્યાના માણસો જડ તત્ત્વના નિયંત્રણની હેઠળ મુકાવાનું નભાવી લેવાને પરિણામે પામર પગેપડુ બની જવાનો સંભવ છે. વિશ્વવિદ્યાલયનો કેન્દ્રપુરુષ - કુલપતિ કોઈ મંત્ર આપનાર ધર્મપુરુષ ન હોય તો પણ વિદ્યાપુરુષ તો હોવો જ જોઈએ. વિશ્વવિદ્યાલયને રાજ્ય અને સમાજનો આશ્રય હોય એનો અર્થ એ નથી કે રાજ્યાશ્રય કે સમાજાશ્રય, રાજ્યાધિકારી કે સમાજનેતાઓ કુલપતિપદ શોભાવે એ શરતે જ, મળી શકે. હિંદના આશ્રમોનાં કેન્દ્રોમાં આ રીતે બેસવાની ચેષ્ટા કોઈ વ્યવહારપુરુષે કરી નથી. કેળવણીનું ઊંચું લક્ષ્ય સાધનારા વિદ્યાપુરુષોનું ધ્યાન વ્યવહારપુરુષો લઈ ન શકે. વિદ્યાને વહીવટ હડસેલી શકે, તેનું સ્થાન કદી લઈ ન શકે... આ અંગે એક વાત સ્પષ્ટ કરવી જોઈએ કે વિદ્યાપુરુષ સ્વભાષાભાષી હોય એવો આગ્રહ ન જ હોય. ગમે તે પ્રદેશના, ગમે તે ભાષાના, એ હોઈ શકે. એની હાજરી જ વાતાવરણ સર્જશે. એની આંખને ઈશારે આપણે નાચીશું. મૌન એ એનું મહાવ્યાખ્યાન હશે.''

**ઉમાશંકર જોશી**

※

'The quality of governance of many state educational institutions is a cause for concern. I am concerned that in many States, university appointments, including that of Vice Chancellors, have been politicized and have become subject to caste and communal considerations. There are complaints of favoritism and corruption. This is not as it should be. We should free university appointments from innecessary interventions on the part of governments and must promote autonomy and accountability. I urge states to pay greater attention to this aspect. After all, a dysfunctional education system can only produce dysfunctional graduates.'

**Manmohan Singh**
The then Prime Minister of India : (2007)








'શિક્ષકદિન' નિમિત્તે શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલનાં આચાર્યા ડૉ. ચેતના બૂચ અને
વિદ્યાર્થીઓ દ્વારા અનુક્રમે ગુજરાતના નામદાર રાજ્યપાલશ્રી દેવવ્રત આચાર્ય અને
મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલાં
ડૉ. રાધાકૃષ્ણનનાં પેન્સિલ સ્કેચ ડૉ. ચેતના બૂચ અર્પણ કરી રહ્યાં છે તે પ્રસંગની બે તસવીરો.

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર
વર્ષ : ૧૦, અંક : ૫, સપ્ટેમ્બર-ઑક્ટોબર ૨૦૨૦; સળંગ અંક : ૫૯
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ

● સંપાદકીય : કુલપતિત્વ — મણિભાઈ પ્રજાપતિ ૧
● શ્રદ્ધાંજલિ : એક કર્મઠ, પ્રતિબદ્ધ અને સંવેદનશીલ ગ્રંથાલયી રમણલાલ એલ. પટેલની ચિરવિદાય... — મણિભાઈ પ્રજાપતિ ૮
૧. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર ઇતિહાસની અટારીએથી : આઝાદીની ચળવળ અને સર્વ વિદ્યાલય — પુરુષોત્તમદાસ ર. પટેલ ૧૨
૨. મારી જ્ઞાનસેવા યાત્રા — ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી ૧૩
૩. વિશ્વ સાહિત્યની અટારીએથી : ઇવાન સર્ગેયેવીચ તુર્ગનેવ — ડૉ. મનીષ વ્યાસ ૧૯
૪. ભવ્ય પ્રિન્સિપિયા (Principia) — વિઠ્ઠલભાઈ અં. પટેલ ૨૨
૫. યાયાવર પક્ષીઓ — પ્રિ. (ડૉ.) એમ. આઈ. પટેલ ૨૭
૬. મહિલાઓને સમાન અધિકારની ચળવળનાં ૧૦૦ વર્ષ : ૧૯૨૦-૨૦૨૦ — ડૉ. ભાવના જોશીપુરા ૩૧
૭. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ ૩૪
– ગાંધીની નજરે દુનિયા / મનસુખ સલ્લા
– મહાત્મા ગાંધીનો પુનર્જન્મ / સંપા. : રોહિત શાહ
– મહાત્મા ગાંધી સાથે સંવાદ / સંપા. : પ્રભાકર ખમાર; સહાયક : અનિલ ખત્રી
– આલોક / કેશુભાઈ પટેલ
૮. સંસ્થા સમાચાર
– યુનિવર્સિટી / કૉલેજ વિભાગ ૪૨
– શાળા વિભાગ ૪૬

**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : મો. ૯૬૦૧૨૭૩૮૩૬

**સંપાદકીય**

## કુલપતિત્વ

અલાહાબાદ યુનિવર્સિટીના પૂર્વ-કુલપતિ (૨૦૦૫-૨૦૧૦) પ્રો. રાજેન હર્ષેએ વ્યથા સાથે નોંધ્યું છે કે : "Despite such wonderful experiences, I would not have liked to be a Vice-Chancellor once again. Teaching and research are my inner callings and to be a professor gives me a far soothing feeling than to be a Vice-Chancellor', જ્યારે શબ્દાન્તરે આ જ બાબતમાં સૂર પુરાવતાં 'એસોસિએશન ઑફ ઇંડિઅન યુનિવર્સિટીઝ'ના પૂર્વ સેક્રેટરી જનરલ પ્રો. ફરકન કમર (Furqan Qamar) અને 'University News' નાં સંપાદિકા સિસ્તલા રમા દેવી પાનીએ પણ કુલપતિપદનું ગૌરવ દિનપ્રતિદિન હણાઈ રહ્યાનો એકરાર આ શબ્દોમાં કર્યો છે : 'Gone are the days when the Vice chancellors were regarded as unchallenged leaders commanding respects bordering reverences.' અહીં આ બે વિધાનો ઉદાહરણ તરીકે ઉદ્‌ધૃત કર્યાં છે. આ પદ અને યુનિવર્સિટીઓ સંબંધી હકીકતજન્ય ઉદ્‌ગારો પૂર્વ-વડાપ્રધાન શ્રી મનમોહનસિંહે તેમના કાર્યકાળ દરમ્યાન તેમ જ અન્ય પ્રતિભાસંપન્ન શિક્ષણવિદ્દોએ પણ વખતોવખત રજૂ કર્યાં છે. આવાં વિધાનો વાંચતાંની સાથે જ આઘાત અનુભવતાં સહજમાં ઉદ્‌ગાર નીકળે છે કે આમ કેમ ? એવાં તો કેવાં પરિબળો પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે સક્રિય છે કે જે ટૂંકાગાળાંનાં સ્વાર્થી હિતો કે પક્ષીય હિતોને પોષવા માટે માનવીય હિતો, વિદ્યાર્થીસમાજનાં

હિતો, રાષ્ટ્રીય હિતો વગેરેને દફનાવી રહ્યાં છે ? આ પદ અને યુનિવર્સિટીઓના ગૌરવની પ્રસ્થાપના માટે આ કે તે ગ્રહો-પૂર્વગ્રહો ભૂલી જઈને સંબંધિત stakeholders એ જાગવાની જરૂર છે. અને તે પણ રાષ્ટ્ર હિત કાજે.

કુલપતિ - કુલગુરુ એવી એક વિદ્વત્ત સંસ્થા – યુનિવર્સિટીનો જવાબદાર વડો છે કે તે સંસ્થા પાસે સમગ્ર રાષ્ટ્ર મોટી અપેક્ષાઓ સેવે છે, જેમ કે ઉચ્ચશિક્ષણનું અધ્યાપન, સંશોધન / જ્ઞાનનું નિર્માણ, અને તેનો પ્રચાર - પ્રસાર - પ્રકાશન, રાષ્ટ્રને જવાબદાર નાગરિકોનું ઘડતર કરવું, વિદ્યાર્થીઓ આર્થિક રીતે પગભર થઈ શકે તેવી કાર્યકુશળતાથી સંપન્ન બને વગેરે વગેરે. આ બધી અપેક્ષાઓની પરિપૂર્તિ અર્થે આવશ્યક માળખાગત સુવિધાઓ પૂરી પાડવાની સાથે જ સામાન્ય રીતે ૩ / ૫ વર્ષ માટે કુલપતિની નિમણૂક કરવામાં આવે છે - ક્વચિત્ જેતે વ્યક્તિની પુનઃ નિયુક્તિ પણ કરવામાં આવે છે. કુલપતિના દૃષ્ટિપૂત નેતૃત્વ હેઠળ યુનિવર્સિટી પોતાના હેતુઓ સિદ્ધ કરવા કાર્યરત બની રહે છે. પ્રચલિત પ્રથા અનુસાર જે તે યુનિવર્સિટીના કુલપતિની પસંદગી કરવા માટે ૪ સભ્યોની ‘સર્ચ કમિટિ’ની રચના કુલાધિપતિશ્રી દ્વારા નીમેલા સભ્યના અધ્યક્ષપદે કરવામાં આવે છે. આ સંદર્ભે પાટણ યુનિવર્સિટીના પૂર્વ-કુલપતિ શ્રી નિરંજન દવેસાહેબનું સુચિંતનીય મંતવ્ય : “જે કુલપતિની નિમણૂક કરે છે, તેમનો નીમેલો સભ્ય સર્ચ કમિટિમાં હોય તે ઉચિત નથી, કારણ કે નિર્ણય - પરિપથમાં short circuit થવા સંભવ છે. માનો કે, સરકારીશ્રી કુલપતિની નિમણૂક કરે છે અને સરકારશ્રીનો પ્રતિનિધિ સર્ચ-કમિટિ પર છે, તો સર્ચ-કમિટિના અન્ય સભ્યો લગભગ, છેવટના અર્થમાં બિનઅસરકારક બની રહેવાના. આ ટાળવું જોઈએ. સરકાર સર્ચ કમિટિના સભ્યની નિમણૂક કરવાનો અધિકાર ભોગવે અને કુલાધિપતિ પેનલમાંથી એક વ્યકિતને કુલપતિ તરીકે નિમણૂક આપે તેવું વિચારી શકાય.” ધ્યાનાર્હ બની રહે છે. આ સૂચનાના અમલથી કમ સે કમ દેખીતી પારદર્શિતા બની રહેશે. આમ છતાં, આજના વાટકી વ્યવહાર જગતમાં short circuit થવાની સંભાવનાઓ નકારી શકાય નહીં. આ પરિસ્થિતિ ટાળવા જરૂરી પ્રાવધાનો સાથે પક્ષીય અને પ્રાદેશિકતાના ઘર કરી ગયેલા ખ્યાલો પ્રતિ નિર્મમ બની શિક્ષણના વિશુદ્ધ હેતુસર નિષ્પક્ષ પ્રતિભાઓની સમિતિની રચના કરીને સમિતિ દ્વારા પ્રાપ્ત પેનલમાંથી નિમણૂક કરવામાં આવે તો અપેક્ષાઓ સાકાર થઈ શકે ખરી.

કુલપતિ પસંદ/નિયુકત કરવાની પરંપરાગત રીતિ-નીતિ/ ઔપચારિકતાનો આપણે યથાતથ સ્વીકાર કર્યા બાદ પણ ‘સર્ચ કમિટિ’ પેનલ તૈયાર કરે છે તે સમયે પસંદ કરવામાં આવનાર વ્યકિત સંદર્ભે સહજતયા ઉદ્‌ભવતા નીચેના પ્રશ્નો અંગે સંતર્પક સંતુષ્ટિ અનુભવે છે ખરી ? અને આ જ રીતે appointing authority આ પ્રશ્નોની ખરાઈ કરે છે ખરી ? આ રહ્યા તે પ્રશ્નો :

- **કુલપતિ તરીકે પસંદ કરવામાં આવનાર વ્યક્તિ પ્રથમ દૃષ્ટિએ જ ખરા અર્થમાં કુલપતિપદને ગૌરવાન્વિત કરવાની ક્ષમતા ધરાવે છે ખરી ? અર્થાત્ મૂલ્યનિષ્ઠ છે ખરી ?**
- **શું તે વ્યક્તિ પોતાના વિષય ક્ષેત્રમાં અધ્યયન/ અધ્યાપન/સંશોધન થકી રાજ્યની યુનિવર્સિટીઓમાં પોતાના વિષય ક્ષેત્રમાં ઓળખ ધરાવે છે ખરી ? અર્થાત્ પ્રતિભા-પુરુષ તરીકે ખ્યાત છે ખરી ?**
- **યુનિવર્સિટી એટલે શું ? તેમજ રાજ્ય, રાષ્ટ્ર અને વૈશ્વિક ક્ષેત્રે યુનિવર્સિટી/ઉચ્ચશિક્ષણ ક્ષેત્રના અદ્યતન પ્રવાહોથી પરિચિત છે ખરી ?**
- **ભાવિ કુલપતિ તરીકે યુનિવર્સિટીના વિકાસ માટે કોઈ સ્વપ્નો જોઈ રાખ્યાં છે ખરાં ? અને તેને ક્રિયાન્વિત કરવા માટે કોઈ ખ્યાલ છે ખરો ?**
- **સમાજ (સવિશેષતઃ વિદ્યાર્થીઓ અને અધ્યાપકો) સાથે ઘરોબો કેળવ્યો છે ખરો ? અર્થાત્ તેમના પ્રશ્નો, લાગણીઓ, અપેક્ષાઓ વગેરેથી - mindsetથી સુપરિચિત છે ખરી ?**

કુલપતિની નિમણૂક માટે આ બાબતો ધ્યાનમાં લેવી રહી.

કુલપતિ પાસે રાખવામાં આવતી અનેકવિધ અપેક્ષાઓની સામે પ્રો. નિરંજન દવે એ સમતોલ મંતવ્ય રજૂ કર્યું છે : “અનેકવિધ ક્ષમતા કુલપતિશ્રી પાસે હોવી જોઈએ તેમ ઘણા માને છે. લશ્કરી-શિસ્ત, શૈક્ષણિક' દૃષ્ટિસંપન્નતા, નાણાકીય સમજ, પદ-ગરિમાની સભાનતા, જ્ઞાન, વહીવટી સૂઝ એવી ઘણી બાબતો છે... જોઈએ છે સમગ્ર યુનિવર્સિટી શિક્ષણ વ્યવસ્થામાં વિદ્યાર્થી અને કેવળ વિદ્યાર્થીને જ કેન્દ્રમાં તેમજ તેના

લાંબાગાળાના ઇષ્ટ ભવિષ્યને ધ્યાનમાં રાખી નિર્ણયો કરવાની ક્ષમતાવાળો અને અમલની ધગશ રાખનારો હૈયાઉકલતવાળો માણસ.''

આપણા કવિ - મનીષી ઉમાશંકરભાઈએ પણ આ સંદર્ભે અસંદિગ્ધ રીતે નોંધ્યું છે કે ''વિશ્વવિદ્યાલયનો કેન્દ્રપુરુષ - કુલપતિ કોઈ મંત્ર આપનાર ધર્મપુરુષ ન હોય તો પણ વિદ્યાપુરુષ તો હોવો જ જોઈએ. વિશ્વવિદ્યાલયને રાજ્ય અને સમાજનો આશ્રય હોય એનો અર્થ એ નથી કે રાજ્યાશ્રય કે સમાજાશ્રય, રાજ્યાધિકારી કે સમાજનેતાઓ કુલપતિપદ શોભાવે એ શરતે જ, મળી શકે. હિંદના આશ્રમોના કેન્દ્રમાં આ રીતે બેસવાની ચેષ્ટા કોઈ વ્યવહારપુરુષે કરી નથી. કેળવણીનું ઊંચું લક્ષ્ય સાધનારા વિદ્યાપુરુષોનું સ્થાન વ્યવહારપુરુષો લઈ ન શકે'' ઉમાશંકરભાઈની આ વાત સંબંધિત પક્ષોએ હૈયે ધરવી જ રહી.

યુજીસી રેગ્યુલેશનન્સ ૨૦૧૦ અંતર્ગત કલમ ૭.૩.૦ માં કુલપતિની નિયુક્તિ માટે સ્પષ્ટ આદેશ કરવામાં આવ્યો છે, જે આમ છે : 'Persons of the highest level of competence, integrity, morals and institutional commitment are to be appointed as Vice Chancellors . The Vice Chancellor to be appointed should be a distinguished academician, with a minimum of ten years of experience as Professor in a University system or ten years of experience in an equivalent position in a reputed research and / or academic administrative organization'. અને આ સાથે જ કુલપતિની પસંદગી કરનાર સર્ચ કમિટિના સભ્યોની લાયકાત પણ નિર્ધારિત કરવામાં આવી છે : 'The members of the search committee shall be persons of eminence in the sphere of higher education and shall not be connected in any manner with the university concerned or its colleges.' દુઃખ તો એ છે કે કુલપતિશ્રી તેમજ કુલપતિની શોધ માટેની સર્ચ કમિટિના સભ્યોની લાયકાત અને નિમણૂક સંદર્ભે આટ-આટલાં ટકોરાબંધ પ્રાવધાનો હોવા છતાં ક્વચિત્ અપવાદો બાદ કરતાં રાષ્ટ્રવ્યાપી સ્તરે ઝાઝું ધ્યાન આપવામાં આવતું નથી. વળી, નિમણૂક સંદર્ભે અકલ્પનીય વહેતી વાતો કાને અથડાતાં હબકી જવાય છે.

આમ, આજે આપણે જોઈએ છીએ કે આજે યુનિવર્સિટીઓના કેન્દ્રોમાં વિદ્યાપુરુષ હોવાની વાત તો પ્રાયઃ વિસરાઈ ગઈ છે યા ભૂતકાળની વાત બનતી જાય છે. એક સમય હતો કે આપણા ત્યાં જ શ્રીમતી હંસાબહેન મહેતા, ડોલરરાય માંકડ, પી. સી. વૈદ્ય, ઉમાશંકર જોશી, ઈશ્વરભાઈ પટેલ, રામલાલ પરીખ, ઉપેન્દ્ર બક્ષી, સિતાંશુ યશશ્ચંદ્ર, કુલીનચંદ્ર યાજ્ઞિક, શ્રી અનામિક શાહ (હાલમાં હોદ્દા ઉપર ચાલુ) વગેરે જેવા પ્રતિભા-પુરુષોએ આ સ્થાન શોભાવ્યું હતું / શોભાવી રહ્યા છે. (આ યાદીમાં બીજાં નામો ઉમેરી શકાય. આ નામો અહીં ફક્ત ઉદાહરણ તરીકે જ દર્શાવ્યાં છે.) ત્યારે અને આજે પણ આ સર્વેનું નામ-સ્મરણ થતાં તેમના પ્રતિ અહોભાવ જાગવાની સાથે જ હૈયું નતમસ્તક થઈ જાય છે. કુલપતિ માટે ખરા અર્થમાં વિદ્યાપુરુષ સિવાય કોઈ આ કે તેનો ખ્યાલ જ ન હોવો જોઈએ. અને આ માટે જરૂર જણાય તો પ્રાદેશિકતાના સીમાડાઓ ઓળંગીને પણ સાચા પ્રતિભા-પુરુષને આ સ્થાન માટે પસંદ કરવો જોઈએ. આ સંદર્ભે નોંધવું રહયું કે આપણા ઉમાશંકરભાઈએ વિશ્વભારતી શાંતિનિકેતનમાં કુલાધિપતિ તરીકે, આનંદશંકર ધ્રુવ 'બનારસ હિન્દુ યુનિવર્સિટી'માં, ઉપેન્દ્ર બક્ષી 'યુનિવર્સિટી ઑફ દિલ્હી'માં વગેરેએ કુલપતિ તરીકે કે લોર્ડ ભીખુ પારેખ અને ડૉ. આઈ. જી. પટેલે લંડન સ્કૂલ ઑફ ઇકોનોમિકસ', (ઇંગ્લેંડ) માં ડાયરેક્ટર તરીકેનું પદ શોભાવ્યું હતું તે વાતનો આજે પણ ગુજરાતી તરીકે ગર્વભેર ઉલ્લેખ કરતા રહીએ છીએ અને કરતા રહેવું પણ જોઈએ. તો આપણે બિનગુજરાતી કુલપતિ માટે પણ આવો જ અહોભાવ ધરાવવો જોઈએ. પ્રાદેશિકતા કે અન્ય ખ્યાલોમાંથી બહાર નીકળવું એ સમયની માંગ છે. 'વસુવૈધ કુટુમ્બકમ' ની ભાવના તો આપણો મૂલ મંત્ર રહ્યો છે, આ સંદર્ભે આપણી યુનિવર્સિટીઓ પૈકીની એક એવી એમ. એસ. યુનિવર્સિટીનું culture અને ખ્યાતિ ઘણું બધું શીખવી જાય છે. આ બોધપાઠ લેવો રહ્યો.

●●●

આ સાથે જ ચાલો આપણે દેશના એક

પ્રતિભાસંપન્ન શિક્ષણવિદ્ પ્રો. અમરિક સિંહ (૧૯૨૧-૨૦૧૦) કે જેમણે પંજાબી યુનિવર્સિટી, પટિયાલાના કુલપતિ તરીકે ૧૯૭૭-૭૯ ના સમયગાળામાં સેવાઓ આપી હતી, તેમના અનુભવો જાણીએ. આ એ પ્રો. અમરિક સિંહ છે કે જેમને પૂર્વ-વડાપ્રધાન મનમોહનસિંહે શ્રદ્ધાંજલિ આપતાં 'One of our most distinguished educationists and a scholar with a deep understanding of culture and values' તેમજ પોતાના સહૃદયી અને સનન્માનનીય અંગતમિત્ર તરીકે ઓળખાવ્યા હતા. તેઓશ્રી ૫૦૦થી અધિક કુલપતિશ્રીઓના સીધા સંપર્કમાં રહ્યા હતા અને આ પૈકીના ઘણા પોતાના મિત્રો પણ હતા. પરિણામે તેઓશ્રી યુનિવર્સિટીઓ અને કુલપતિશ્રીઓની કામગીરી ઇત્યાદિથી સુપેરે સુપરિચિત હતા. કુલપતિશ્રી તરીકેનાં સંસ્મરણો વર્ણવતું તેમનું પુસ્તક 'Asking for Trouble : What it Means to be a Vice–Chancellor. New Delhi : Vikas Publishing House, 1984. xii + 269 p.' યુનિવર્સિટી વહીવટ સાથે જોડાયેલા સંબંધિત પક્ષોએ - સવિશેષતઃ કુલપતિશ્રીઓએ તેમજ આ પદ મેળવવા પ્રયાસ કરનારાઓએ વાંચવા જેવું છે. આ પુસ્તક નવલકથા વાચન જેવું રસપ્રદ હોવાની સાથે આપણને ઘણોબધો અર્થબોધ કરાવી જાય છે.

અહીં કુલપતિ તરીકે પોતાની નિયુક્તિ પૂર્વેની પ્રક્રિયાથી શરૂ કરી વિદાય સુધીની બાબતો ૩૨ પ્રકરણોમાં આવરી લીધી છે. અહીં વર્ણિત ઘટનાઓ ૪ દશક પૂર્વેની છે, જે આજે પણ યથાવત આકાર લઈ રહી છે. અર્થાત્ પરાપૂર્વથી રીતિ-નીતિઓ ચાલી આવે છે. ગ્રંથનું શીર્ષક કુલપતિપદનો સીધા નિર્દેશ કરે છે, પરંતુ યુનિવર્સિટી સંબંધી વ્યાપક પરિપ્રેક્ષ્યમાં વિચાર-વિમર્શ રજૂ કરવામાં આવ્યો છે. અહીં યુનિવર્સિટી પરિસરની દૈનિક ઘટનાઓ અને તેમાં સ્થાનિક રાજકારણીઓ, કર્મચારી અને શિક્ષક સંઘો, વિદ્યાર્થી સંઘો વગેરેનું કુલપતિ ઉપર દબાણ લાવી ધાર્યું કરાવવાની પ્રયુક્તિઓ, યુનિવર્સિટી ગ્રંથાલય અને કૉલેજ ગ્રંથાલયોની બિન અસરકારકતા, સેલ્ફ ફાયનાન્સ કૉલેજોની રીતિ-નીતિ, ભરતીમાં રાજકીય હસ્તક્ષેપ અને તેના પરિણામે યુનિવર્સિટીમાં outstanding અધ્યાપકોનું પ્રમાણ નહિવત, યુનિવર્સિટીઓમાં પ્રશ્નો પેદા થવાનું કારણ કુલપતિઓની કામગીરી ભાગલાવાદી અને પક્ષીય વલણના કારણે વગેરે બાબતોને યથાતથ ઉજાગર કરી આપવામાં આવી છે. અહીં માત્ર સમસ્યાઓનું ચિત્રણ જ નહીં, પરંતુ પ્રત્યેક સમસ્યાના મૂળમાં જઈને તેનો ઉકેલ શિક્ષણ / યુનિવર્સિટીના હિતમાં દર્શાવ્યો છે. 'સ્વાયત્તતા અને ઉત્તરદાયિત્વ'ના પ્રકરણમાં સ્વાયત્તતાની રોકકળ સામે આપણે આપણું ઉત્તરદાયિત્વ અદા કરી રહ્યા નથી તેમ સ્પષ્ટ નોંધીને અધ્યાપકો, વ્યવસ્થાતંત્ર વગેરે સૌને પ્રાપ્ત ફરજોનું કર્તવ્યનિષ્ઠા સાથે પાલન કરવા જણાવ્યું છે. આ સ્થિતિ વચ્ચે સક્ષમ કુલપતિની આવશ્યકતા ઉપર ભાર મુકવાની સાથે હકીકતનો પર્દાફાશ કરતાં - વાસ્તિવકતાને ઉજાગર કરતું મંતવ્ય ધ્યાનાર્હ બની રહે છે : 'Whether a politician or a bureaucrat, neither of them likes a strong Vice – Chancellor.'

●●●

કેટલાક નીવડેલા કુલપતિશ્રીઓ / શિક્ષણવિદ્દોએ કુલપતિ હોવું એટલે શું? તે વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યાં છે. આ પૈકીના થોડાક વિચારો આ સાથે ઉદધૃત કર્યા છે કે જે સંબંધિત stakeholders માટે માર્ગસૂચક બની રહેશે. અને આ સાથે એ અપેક્ષા પણ બની રહે છે કે સવિશેષતઃ Appointing authority of Vice-Chancellor આ અમૃત-વચનોનું પાન કરીને કુલપતિઓની નિમણૂક કરશે તો શિક્ષણ અને સવિશેષતઃ ઉચ્ચશિક્ષણનું ભવિષ્ય અથવા યુનિવર્સિટીઓની સ્થાપના પાછળના હેતુઓની યથાર્થમાં પૂર્તિ થવાની સાથે જ ક્રિયાશીલ જ્ઞાનસમૃદ્ધ સમાજનું નિર્માણ થશે, જે અંતતઃ રાષ્ટ્રની આગવી ઓળખ ઊભી કરશે.

● 'વિશ્વવિદ્યાલયના કેન્દ્રમાં વહીવટનો માણસ હોય તો વિદ્યાનું જે સ્વચ્છ વાતાવરણ જામવું જોઈએ એ થવું મુશ્કેલ છે. ઊલટું વિદ્યાના માણસો જડ તત્ત્વના નિયંત્રણની હેઠળ મુકાવાનું નભાવી લેવાને પરિણામે પામર પગેપડુ બની જવાનો સંભવ છે. વિશ્વવિદ્યાલયનો કેન્દ્રપુરુષ - કુલપતિ કોઈ મંત્ર આપનાર ધર્મપુરુષ ન હોય તોપણ વિદ્યાપુરુષ તો હોવો જ જોઈએ. વિશ્વવિદ્યાલયને રાજ્ય અને સમાજનો આશ્રય હોય એનો અર્થ એ નથી કે રાજ્યાશ્રય કે સમાજાશ્રય, રાજ્યાધિકારી કે

સમાજનેતાઓ કુલપતિપદ શોભાવે એ શરતે જ, મળી શકે. હિંદના આશ્રમોનાં કેન્દ્રોમાં આ રીતે બેસવાની ચેષ્ટા કોઈ વ્યવહારપુરુષે કરી નથી. કેળવણીનું ઊંચું લક્ષ્ય સાધનારા વિદ્યાપુરુષોનું ધ્યાન વ્યવહારપુરુષો લઈ ન શકે. વિદ્યાને વહીવટ હડસેલી શકે, તેનું સ્થાન કદી લઈ ન શકે.

વિદ્યા અને વહીવટના ગજગ્રાહમાં ક્યારે પણ વહીવટ વિદ્યાને સ્થાનભ્રષ્ટ કરે એમ ન બને એની તકેદારી રાખવામાં જ આપણે આ બાબતમાં તો આપણી સારી વ્યવહારબુદ્ધિ બતાવી લેખાશે. એનો અર્થ એ નથી કે ક્યારેક વિદ્યાપુરુષોનો વહીવટ દોષયુકત હોય તો તેમને નિયામકસભા - વિદ્યાસભાના મતથી દૂર કરી ન શકાય. અને દુષ્ટ વહીવટ માટે પંકાયેલા વિદ્યાપુરુષો તો કેન્દ્રસ્થાન પર આવવાનો સંભવ જ ન હોય.

આ અંગે એક વાત સ્પષ્ટ કરવી જોઈએ કે વિદ્યાપુરુષ સ્વભાષાભાષી હોય એવો આગ્રહ ન જ હોય. ગમે તે પ્રદેશના, ગમે તે ભાષાના, એ હોઈ શકે. એની હાજરી જ વાતાવરણ સર્જશે. એની આંખને ઈશારે આપણે નાચીશું. મૌન એ એનું મહાવ્યાખ્યાન હશે.''

**ઉમાશંકર જોશી**

● 'The quality of governance of many state educational institutions is a cause for concern. I am concerned that in many States, university appointments, including that of Vice Chancellors, have been politicized and have become subject to caste and communal considerations. There are complaints of favoritism and corruption. This is not as it should be. We should free university appointments from innecessary interventions on the part of governments and must promote autonomy and accountability. I urge states to pay greater attention to this aspect. After all, a dysfunctional education system can only produce dysfunctional graduates.'

**Manmohan Singh**

The then Prime Minister of India : (2007)

●'Almost everything connected with university functioning today is either influenced or conditioned by corruption. It begins with the appointment of the Vice Chancellor. It is rarely that the right kind of person is selected. Whoever is selected is selected on considerations of caste, community, region and, above all, political acceptability. Acceptability includes the willingness to be convenient. Anyone who has a mind of his own and chooses to assert himself is looked upon with distrust. Such a man can create difficulties for those in power. What is wanted is a man who will bend the rules and conduct himself in such a way that the wishes of those above him, principally the Chief Minister, are carried out without any difficulty or impediment.'

**Amrik Singh**

● 'The Vice Chancellor should function with sincerity of purpose and as an open book. Political and administrative exigencies should not overshadow the basic interests of the institution. One should not allow any personal or vested interests to affect ones work. It is also important that colleagues are taken in confidence and a synergetic team-work model emerges. These, I believe, would enble Vice Chancellors to work with full capacity and effectively further the institutional objectives and goals.'

**A M Pathan**

● 'What is the policy of MHRD and UGC? To create and give birth to new Universities and Institutions just for the record books ? To give lectures bemoaning

on why no academic institution from India is among the top 200 QS or Times Rankings ? To keeping harping on the lack of leadership to innovate or engage expertise from ecross the world to assist in its human resources development endeavor ? Are Vice Chancellors appointed to lead from the front or expected to hold the bureaucrats' hands ? And if she / he does not, then readily charge them for 'Corruption' ? And what about the new Institution ? Who cares ? Kill it too ! That's infanticide in Higher Education.'

**Darlando T Khathing**

● 'Generally the Vice Chancellor should be a distinguished educationist of eminent scholar in any of the disciplines or professions, with a high standing in his field and adequate administrative experience. We are not generally in favour of appointment of persons who have retired from other fields. An exception to this general recommendation should be made only in the case of very outstanding persons whose association with the universities would be desirable from every point of view and should not be made an excuse for 'accommodaing' or 'rewarding' individuals who do not fulfill the conditions laid down'.

**Kothari Education Commission, ૧૯૬૬**

● 'Over the years, it has been painful to watch the deterioration from a tradition of 'no interference' to unbelievable level of interference' in the functioning of the universities. It is all the more disquieting to hear about the instances of serious compromises being made in the selection and appointment of Vice Chancellors and their detrimental effect on the recruitment of teaching faculty. Consequentially, these have had adverse impact on the quality of teaching and research in our temples of learning.'

'A widespread situation prevails in the selection of Vice Chancellors with political interference – unfortunately, a national phenomenon. Vice Chancellors of many state universities are appointed either on the basis of allegiance to the ruling party or some undesired practices. It is a matter of shame that in some states, persons are willing to compromise unethically to be appointed as members / chairpersons of search committees of Vice Chancellors.'

**M Anandakrishnan**

● At present, the universities and institutions of higher education, whether at state or central level, are experiencing leadership crisis. This crisis is faced in three ways. Firtly, not all vice chancellors are appointed on the basis of their academic merit and proven record of administrative capability and intergrity. Secondly, when the incumbent head of the institution completes his tenure, a senior-most person is given charge of the office, without any scrutiny of his merit, input or capabilities. An officiating head thus appointed is, many a times, unable to take important, crucial and timely decisions, and if taken, they are often in conflict or contrast with the government norms. In the process, the sanctity of the governing principles and objectives are eclipsed or sometimes totally lost and the

institution bears the cost and consequences. Thirdly, a source of crisis is faced by the officiating head of the institution himself. One fine morning he is asked to take over and shoulder the responsibility of the highest office for which he may be illprepared or may not have any previous exposure to the scale of responsibility he is entrusted to shoulder. A simple solution to avoid such situation is to make the new appointments well in advance.'

**Manikrao M Salunkhe**

'વ્યક્તિની જેમ, સરકારને પણ કાનભંભેરણી થતી હોય છે. યુનિવર્સિટી જેવી સંસ્થાનું ગૌરવ સમજી ન શકતી વ્યક્તિઓ સરકારને સમજાવતી હોય છે કે સરકાર ગ્રાન્ટ આપે અને સરકારનું જ કહયું ન માને તે કેમ ચાલે ? કાયદાથી Parameters of operation નિશ્ચિત પણ હોય પછી તેનો આદર થવો જોઈએ. સરકાર જે ગ્રાન્ટ આપે છે, તે રાજ્યનું ધન સમાજને આપે છે. સરકારનું પોતીકું કશું નથી એવો સાક્ષીભાવ રાખવામાં આવે તો દાતા તરીકેનો અહંકાર ન રહે.'

**નિરંજન દવે**

● 'Vice Chancellor should be a person with vision and qualities of academic leadership with ability for administration and should command respect among all sections of the society. It was not in favour of appointing government officials as Vice Chancellors. It emphasized that Vice Chancellors should be accorded high status and treated with dignity and regard. This is particularly important in our country where bureaucracy holds the upper hand and often tries to downgrade the positions of Vice Chancellors in terms of protocol, pay scales and privileges.'

**Prof. Ramlal Parikh,**
**Committee of U.G.C. (1993)**

આગળ ઉપર કુલપતિશ્રીઓની નિમણૂક અને આનુસંગિક બાબતો વિશે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો છે. પરંતુ આ સાથે જ કુલપતિશ્રીઓ પ્રાયઃ કેવી વિકટ પરિસ્થિતિઓમાં તેમજ કેવા અને કોનાં દબાણો હેઠળ (જેમ કે અધ્યાપક સંઘ, કર્મચારી સંઘ, વિદ્યાર્થી સંગઠનો, સ્થાનિક રાજકારણીઓ, સંબંધિત મંત્રાલયો / વિભાગોનું આદેશાત્મક વલણ) પોતાનું ઉત્તરદાયિત્વ વહન કરી રહ્યા છે તે અને આ સાથે જ તેઓ કેટલા અંશે સ્વાયત્ત ? વગેરે બાબતો ગંભીર વિચારણા માગી લે તેવી છે. આવી વાસ્તવિક મુશ્કેલભરી સ્થિતિ પ્રતિભાપુરુષને પણ મૂંઝવણમાં મુકી દે છે. આ પરિસ્થિતિમાં યુનિવર્સિટીના હિતમાં નિર્ણયો લેવામાં કુલપતિનો વિવેક / કોઠાસૂઝ અને નૈતિક હિંમત જ ખપમાં લાગે છે. આ કાર્ય વિચારીએ તેટલું સહેલું પણ નથી. એક અધ્યાપક તરીકે પોતાનાં વાંચન - લેખન - સંશોધનને તો અનિચ્છાઓ પણ કામચલાઉ ધોરણે અભરાઈ ઉપર મૂકી દેવાં પડે છે. કુલપતિપદ માટેનો આ ત્યાગ નાનો સૂનો નથી. આ ઉપરાંત કલ્પનાતીત આરોપો અને ઘણી બધી પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે. આ પદ ભારે જવાબદારીવાળું તેમજ સમાજજીવનમાં ઉચ્ચતમ માનમોભા સાથેનું હોવા છતાં તેની નિમણૂકમાં પર્યાપ્ત ધ્યાન આપવામાં આવતું નથી તે ગંભીર ચિંતા અને ચિંતનનો પ્રશ્ન છે. આ સંદર્ભે પ્રો. અમરિક સિંહનું દો-ટૂક મંતવ્ય 'The ViceChancellor if he is poor in caliber and ineffective in functioning can do a lot of damage to the institution he heads.. At the same time why sub-standarad Vice Chancellors get appointed and manage to stay on is because nobody is bothehed as the fact of accountability, either of the academics or of the administration' આંખ ઉઘાડનાર બની રહે છે.

**'सबको सन्मति दे भगवान'**

**મણિભાઈ પ્રજાપતિ**

શ્રદ્ધાંજલિ

# એક કર્મઠ, પ્રતિબદ્ધ અને સંવેદનશીલ ગ્રંથાલયી રમણલાલ એલ. પટેલની ચિરવિદાય...

મણિભાઈ પ્રજાપતિ

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સેવા-નિવૃત્ત યુનિવર્સિટી લાઈબ્રેરિઅન, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના ઉપપ્રમુખ અને 'અખિલ ગુજરાત યુનિવર્સિટી અને કોલેજ પેન્શનર્સ સમાજ ના સંગઠન મંત્રી શ્રી રમણલાલ એલ. પટેલ (૧૯૪૬)નું કોરોનાના કારણે શિક્ષકદિન, તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ અને તેમનાં ધર્મપત્ની શ્રીમતી ભારતીબેન પટેલનું કોરોનાના જ કારણે તા. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ અવસાન થતાં ગુજરાતના ગ્રંથાલય ક્ષેત્ર અને 'પેન્શનર્સ સમાજ'માં ઘેરા શોકની લાગણી પ્રર્વતી ગઈ.

શ્રી રમણભાઈ એક કર્મઠ, પ્રતિબદ્ધ - committed, સંવેદનશીલ અને વ્યવહારદક્ષ ગ્રંથાલયી તેમજ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના પ્રજ્ઞાવાન અને વિદ્યાર્થીવત્સલ અધ્યાપક તેમજ સવિશેષતઃ સહૃદયી અને પરગજુ વ્યક્તિત્વથી સંપન્ન હોવાની સાથે આખા બોલા છતાં સૌજન્યશીલ તેમજ સુંદર અક્ષરો અને તેની સાથે જ વિશુદ્ધ ભાષાભિવ્યક્તિ એ તેમની પોતીકી મૂડી હતી. એક કર્મઠ અને દ્રષ્ટિપૂત ગ્રંથાલયી તરીકે પ્રારંભમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગ્રંથાલય અને ત્યારબાદ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયના વ્યવસ્થાપન અને ગ્રંથાલયસેવાઓના આયોજનમાં કરેલ કામગીરી ભારે સરાહનીય અને અનુકરણીય રહી છે. ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં તેમના કાર્યકાળ દરમ્યાન ગ્રંથાલય યાંત્રિકીકરણનો પ્રારંભ કરવામાં આવતાં સારી પ્રગતિ હાંસલ કરી હતી. ગ્રંથાલયના સુચારુ સંચાલન માટે કર્મચારીઓ કરોડરજ્જુ સમાન છે તે આપ્તવાણીને આત્મસાત કરીને ગ્રંથાલયના વિવિધ સ્તરના કર્મચારીઓ સાથે માનવીય સંસ્પર્શ સાથે સંબંધો કેળવવા ઉપરાંત વિવિધસ્તરના કર્મચારીઓમાં ગ્રંથાલય પરિવારની તથા પરસ્પર સૌહાર્દની ભાવના પેદા કરતાં તેઓશ્રી સૌના પોતીકા બની જવાની સાથે સ્નેહાદરના અધિકારી બની રહ્યા હતા. તેમની પ્રકૃતિ જ મૂલતઃ **"सर्वेषां सुहृत नित्यं सर्वेषां च हिते रताः"** રહી હતી. તેમના સાથી કાર્યકરો પૈકી શ્રી મહિપતસિંહ વાઘેલા અને શ્રી અશ્વિન ભાવસારની તેમના પ્રતિ શ્રદ્ધા-ભકિત સાથેની કર્તવ્યનિષ્ઠા રહી હોવાના કારણે યુનિવર્સિટી ગ્રંથાલયના કામકાજ સંબંધી ઘણી બધી જવાબદારીઓ તેઓશ્રી પ્રસન્નતાપૂર્વક ઉઠાવી લેતા રહયા હોવાથી યુનિવર્સિટીના વખતોવખતના કુલપતિશ્રીઓ શ્રી રમણભાઈને વિવિધ જવાબદારીઓ સાંપતા રહયા હોવાથી યુનિવર્સિટી ગ્રંથાલય વિશે નિશ્ચિંત બની તેનું સરળતાથી વહન કરી શકતા હતા. તેમને સાંપવામાં આવેલ બહુવિધ જવાબદારીઓ પૈકી યુનિવર્સિટીના વૃત્તપત્ર 'વિદ્યાવૃત્ત'નું સંપાદન - પ્રકાશન, યુનિવર્સિટીના પ્રકાશન અધિકારી, બી.એડ. પ્રવેશ એકમ, કર્મચારી ભરતી સંબંધી આયોજન, યુનિવર્સિટી કેલેન્ડર, સેનેટ-સિન્ડિકેટની ચૂંટણીઓ વગેરે સંબંધી રહી છે. આ બધાં કાર્યો તેમણે પ્રામાણિકતા અને ઉત્તરદાયિત્વની સભાનતા સાથે નિર્ધારિત સમયમર્યાદામાં સંપન્ન કર્યાં હતાં. પરિણામે તેઓશ્રી યુનિવર્સિટીના અઘોષિત 'Officer on Special Duty' બની રહ્યા હતા. આશ્ચર્ય અને દુઃખ તો એ છે કે આટ-આટલી કાર્યનિષ્ઠા અને સંસ્થાભકિત હોવાની સાથે અને યુનિવર્સિટીના કુલસચિવ, લાઈબ્રેરિઅન, પરીક્ષા નિયામક અને મુખ્ય હિસાબી અધિકારીની નિવૃત્તિવયમર્યાદા યુજીસીના નિયમ મુજબ ૬૨ વર્ષની હોવા છતાં રમણભાઈ ૫૮ વર્ષની વય પૂર્ણ

કરવાના આરે આવતાં તેમની સેવાનિવૃત્તિનો આદેશ રૂબરૂમાં ન આપતાં રાત્રે ઘેર પહોંચાડવામાં આવ્યો હતો. તત્કાલીન કુલપતિશ્રી - કુલસચિવશ્રી સાથે અંતરંગ ઘરોબો હોવા છતાં અને તે દિવસે યુનિવર્સિટીનાં કેટલાંક કાર્યો રૂબરૂમાં સંપન્ન કર્યાં હોવા છતાં નિવૃત્તિ-પત્રનો નિર્દેશ પણ કોઈએ કર્યો ન હતો. આ અણધારી સ્થિતિ સમયે મનમાં કોઈ કડવાસ લાવ્યા સિવાય રમણભાઈએ પૂર્ણધૈર્ય, સમતા અને સ્વસ્થતા જાળવીને પોતાના વાજબી હક માટે કોર્ટનો રાહ પકડતાં તેઓશ્રી વિજયી નીવડતાંની સાથે જ સ્વભાવવશ પૂર્વવત જવાબદારીઓ નિવૃત્તિપર્યંત નિભાવતા રહ્યા હતા. તેમની ક્ષમાપનાની અને કામગરાની પ્રકૃતિના કારણે જ સૌના વહાલા બની રહ્યા હતા.

તેમણે પ્રેક્ટિસિંગ ગ્રંથાલયીની સાથે સાથે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના મુલકાની અધ્યાપક તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી (૧૯૭૫-૧૯૯૩) અને આ જ યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં રીડર તરીકે રેગ્યુલર ધોરણે ભરતી થતાં ૨૦ ડિસેમ્બર, ૧૯૯૩થી ૧૫ એપ્રિલ, ૧૯૯૪ સુધી આ પદ ઉપર તેમણે સેવાઓ આપી હતી. ત્યાર બાદ ગુજરાત યુનિવર્સિટી (૧૯૯૩-૨૦૦૮)માં મુલકાતી અધ્યાપક તરીકે નિવૃત્તિપર્યંત સેવાઓ આપી હતી. આ સેવાકાળ દરમ્યાન અને ત્યારબાદ પણ ગુજરાત યુનિવર્સિટી, ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, શ્રીમતી ઈંદિરા ગાંધી ઓપન યુનિવર્સિટી અને ગૂજરાત વિદ્યાપીઠમાં મુલાકાતી અધ્યાપક તરીકે પ્રસંગોપાત્ત સેવાઓ આપતા રહ્યા હતા. પરિણામે તેમનો વિદ્યાર્થી ચાહકવર્ગ ઘણો મોટો રહ્યો છે. તેમના માર્ગદર્શન હેઠળ M.L.I.Sc.ના ૬૦+ વિદ્યાર્થીઓએ લઘુશોધ નિબંધો તૈયાર કર્યાં હતા. તેમના અધ્યયન - અધ્યાપનના વિષયો મુખ્યતઃ ડ્યૂઈ ડેસિમલ કલાસિફિકેશન અને યુનિવર્સલ ડેસિમલ કલાસિફિકેસન હોવાની સાથે ગ્રંથાલય વ્યવસ્થાપન, સૂચિકણ વગેરે રહ્યા હતા. વર્ગીકરણ વિષય ક્ષેત્રમાં તેમનું જ્ઞાન પ્રભાવક હતું, જેની તેમના વિદ્યાર્થીઓ હોંશે હોંશે પ્રશંસા કરતા જોવા મળ્યા છે. આ લખનારે પણ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનની સ્નાતક અને અનુસ્નાતક કક્ષાઓની પ્રાયોગિક પરીક્ષાઓ સમયે પ્રસ્તુત વિષયક્ષેત્રે તેમના આધિકારિક જ્ઞાનનો અનુભવ કર્યો છે. વર્ગીકરણ પદ્ધત્તિઓના અધ્યયન - અધ્યાપન વિશે તેમના સંદર્ભે આ એક હકીકતજન્ય બાબત છે. તેમની અધ્યાપનકળા પણ સ્પર્શી જાય તેવી રહી હતી. શિક્ષક સંદર્ભે મહાકવિ કાલિદાસનું મંતવ્ય -

**'शिष्टा क्रिया कस्यचिदात्मसंस्था**
**संक्रान्तिरन्यस्य विशेषयुक्ता ।**
**यस्योभयं साधु स शिक्षकाणां**
**धुरि प्रतिष्ठापयितव्य एव ॥**

(ભાલવિકાગ્નિમિત્રમ્ ૧.૧૬)

અર્થાત્ 'કોઈ (શિક્ષક)માં પોતાની અંદર રહેલ વિદ્યા ઉત્તમ હોય છે. જ્યારે બીજાનામાં વિદ્યાનું સંક્રમણ (શીખવવાની કળા) વિશેષતાવાળું હોય છે. જેનામાં બંને સારાં હોય તેને જ શિક્ષકોમાં મોખરે સ્થાન આપવું જોઈએ' તેમને યથાર્થમાં લાગુ પડે છે. એટલે કે ગ્રંથાલય વિજ્ઞાનના શિક્ષક તરીકે તેઓશ્રી વિષય ક્ષેત્રનું સ્પર્શી જાય તેવું જ્ઞાન ધરાવવાની સાથે તેને વિદ્યાર્થીઓમાં સંક્રમિત કરવાની કળા - અધ્યાપનકળા પણ તેટલી જ શ્રેષ્ઠ ધરાવવાના કારણે મોખરાના સ્થાનના અધિકારી બની રહ્યા હતા.

એક ગ્રંથાલયી અને ગંથાલયશાત્રના અધ્યાપક તરીકે રાજ્ય કે રાષ્ટ્રીયસ્તરનાં કેટલાંક અધિવેશનોમાં ભાગ લેવાની સાથે ઘરઆંગણે યુનિવર્સિટી ગ્રંથાલય અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના સંયુકત ઉપક્રમે આયોજિત IATLIS, GGSS વગેરેનાં વાર્ષિક અધિવેશનોના આયોજનોમાં તેમની સક્રિયતા નોંધપાત્ર રહી હતી. ગંથાલય વિજ્ઞાન વિશેના તેમના કેટલાક લેખો વિવિધ પ્રોસિડિંગ્સ ઉપરાંત ગ્રંથાલયશાત્રનાં કેટલાંક સંપાદિત પુસ્તકોમાં પ્રકાશિત છે. આ ઉપરાંત ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત કોર્સ મટિરિઅલ્સ અંતર્ગત B.Lib.Sc. માટે ગ્રંથાલય વર્ગીકરણ સિદ્ધાંત, ગ્રંથાલય સૂચિકરણ સિદ્ધાંત અને M.Lib.Sc. માટે શૈક્ષણિક સંશોધનના કેટલાક એકમોનું લેખન તેમજ પરામર્શન તેમણે કર્યું છે. આ ઉપરાંત આ પૂર્વે આ યુનિવર્સિટી માટે IGNOU ના અંગ્રેજી કોર્સ

મટિરિઅલ્સ પૈકી 'Library Classification – Practical : DDC'નો ગુજરાતી અનુવાદ પણ તેમણે કર્યો છે. ગ્રંથાલયશાસ્ત્રના વિવિધ અધ્યનશીલ લેખો ઉપરાંત પોતાના ગુરુવર્યો સ્વ. પી. એફ. પટેલસાહેબ અને સ્વ. રમેશચંદ્ર ગાંધીસાહેબ વિશે તેમનાં જીવનચરિત્ર વિશેના લેખોમાં તેમના અધ્યાપકીય નિષ્ઠા, વહીવટીય સૂઝ અને ગ્રંથાલય ક્ષેત્રે પ્રદાનનું મૂલ્યાંકન સ્વાનુભાવ આધારિત કર્યું છે. આ બંને ગુરુવર્યો વિશે તેમનાં સ્નેહીજનોનો સંપર્ક સાધવા ઉપરાંત પ્રાપ્ત સાહિત્ય વગેરેનો સંશોધનાત્મક અભિગમથી અભ્યાસ કરીને હૃદયસ્થભાવે નિવાપાંજલિ અર્પણ કરી છે. આ ઉપરાંત તેમના પૂર્વ-સાથીદાર અને અંતરંગ સખા એવા મદદનીશ ગ્રંથપાલ શ્રી મહિપતસિંહ વાઘેલા અને ગૂજરાત વિદ્યાપીઠના સેવાનિવૃત્ત ગ્રંથપાલ શ્રી નવલસિંહ વાઘેલા વિશે પણ તેમણે અભ્યાસપૂત અને સ્મરણીય ચરિત્રો લખ્યાં છે. આ બંને ચરિત્રો તો તેમના અવસાન થયાના થોડાક દિવસો પૂર્વે જ તૈયાર કરીને આ લખનારને સોંપ્યાં હતાં. આ બધાં ચરિત્ર-ચિત્રણો રમણભાઈની સર્જક-પ્રતિભાના દ્યોતક છે.

'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ'નો પર્યાય બની રહેલા તેના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ શાહનું ૨૦૧૫માં અવસાન થયા પછી તેના પ્રમુખ તરીકે શ્રી કિરીટભાઈ ભાવસાર અને ઉપપ્રમુખ તરીકે શ્રી રમણભાઈ પટેલ દ્વારા ધુરા સંભાળી લેવામાં આવી. આ જવાબદારી સંભાળતાંની સાથે જ તેઓશ્રીએ 'સંઘ'ને સમર્પિત બની રહી ગતિ પ્રદાન કરવામાં અસાધારણ ભૂમિકા અદા કરી હતી. પ્રમુખશ્રી કિરીટભાઈ સુસ્વાસ્થ્યના અભાવે પ્રસંગોપાત્ત યોજાતી મિટિંગો, કાર્યક્રમોમાં ઉપસ્થિત ન રહી શકતા હોવાથી તેમની અનુપસ્થિતિનો અહેસાસ થવા ન દઈ સઘળાં કાર્યો સંપન્ન કરતા રહ્યા હતા. સંઘના પ્રમુખ શ્રી કિરીટભાઈ ભાવસારનું વર્ષ ૨૦૧૯માં અવસાન થયા બાદ પોતે ઉપપ્રમુખપદે ચાલુ રહીને 'સેવા સંઘ'ના અદના સેવક અને કર્મઠ મંત્રી શ્રી પંકજ બાવીસી પ્રમુખપદ સંભાળે તેવો આગ્રહ રાખ્યો અને તેને ક્રિયાન્વિત કરવામાં તેમની દૂરંદેશિતા અને **'तेन त्यक्तेन भुंजीथा'**ની ભાવના જ કારણભૂત જોવા મળી છે. વર્ષ ૨૦૧૬ થી ૨૦૨૦ સુધી સંઘના વાર્ષિક અધિવેશનોનું સફળતાપૂર્વક આયોજન કરવા અંતર્ગત વિષય નિર્ધારણ, પ્રાપ્ત લેખોનું સંપાદન, પ્રોસિડિંગ્સનું પ્રકાશન, સ્થળનિર્ધારણ અને અન્ય આનુસંગિક બાબતોનું વ્યવસ્થાપન વગેરે પાછળની તમામ જવાબદારીઓની સભાનતા સાથેની શ્રી રમણભાઈ, શ્રી પંકજભાઈ અને શ્રી કિરીટભાઈ ગંધકવાલાની દ્રષ્ટિપૂત કામગીરી વ્યવસાયિક નિષ્ઠા અને સમર્પિતતાની દ્યોતક બની રહે છે. આ ૫ અધિવેશનોનાં પ્રોસિડિંગ્સનું શ્રી રમણલાલ પટેલ અને શ્રી પંકજ બાવીસીએ સંયુકત રીતે કરેલ સંપાદન બહુવિધ રીતે મૂલ્યવાન બની રહે છે - ખાસ તો ગ્રંથાલય વિજ્ઞાનના અદ્યતન વિષયો સંદર્ભે ગુજરાતી ભાષામાં સામગ્રી સુલભ કરાવવામાં. આ ઉપરાંત આ બધાં પ્રોસિડિંગ્સમાં તેમના કેટલાક લેખો ઉપરાંત પ્રાસંગિક ઉદ્‌બોધનો પણ સમાવિષ્ટ છે, જે તેમને સમજવા માટે ઉપકારક બની રહેશે.

ડૉ. રમણભાઈને નજીદીકથી ઓળખનાર જરૂર કબૂલ કરશે કે તેઓશ્રી 'Work is Worship' કે ગીતામંત્ર **'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन....'**ની ભાવનાનું મૂર્તિમંત સ્વરૂપ હતા. યુનિવર્સિટી ગ્રંથાલયી તરીકે વયોચિત નિવૃત્તિ મેળવ્યા બાદ 'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ' સાથે જોડાવું એ સ્વધર્મનું પાલન હતું, પરંતુ 'અખિલ ગુજરાત યુનિવર્સિટી અને કોલેજ પન્શનર્સ સમાજ' સાથે તેના એક કાર્યકર તરીકે - સંગઠન મંત્રી તરીકે જોડાવા પાછળ શ્રી કનુભાઈ શાહનો આગ્રહ અને પેન્શનર્સ સમાજ માટે કંઈક કરી છૂટવાની તેમની ઉદાત્ત ભાવના જ ઉત્તરદાયી રહી છે. ખાસ તો એટલા માટે કે આ સમાજ સાથે જોડાઈને તેમને પ્રત્યક્ષ કોઈ લાભ થવાનો ન હતો. કારણ કે યુનિવર્સિટી ગ્રંથપાલને યુજીસીનાં નહીં, પરંતુ રાજ્ય સરકારનાં પગારધોરણો ઈત્યાદિ લાગુ પડતાં હોવાથી આ સમાજ રમણભાઈનાં - યુનિવર્સિટી ગ્રંથપાલોનાં હિતોની રક્ષા ન કરી શકે તેનાથી તેઓ જ્ઞાત હોવા છતાં જોડાયા હતા. આ સેવાકાર્યમાં જોડાઈને શ્રી કનુભાઈ શાહના અંતરંગ સહાયક - સખા બનીને સમયના અવરોધને ધ્યાને લીધા સિવાય ડગલેને પગલે કનુભાઈ સાથે રહયા હતા. જેની પ્રતીતિ 'સમાજ' દ્વારા સંપન્ન કરેલાં કાર્યોની સાથે સાથે

શ્રી કનુભાઈના અવસાન બાદ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા લેખો 'કનુભાઈ શાહના પ્રેરક પ્રસંગો'. *અભિદૃષ્ટિ* ૧૪.૧૫૦ (ઓગસ્ટ ૨૦૨૦) : ૧૯ - ૨૨ અને 'ભાવાંજલિ - શ્રદ્ધાંજલિ - સ્મરણાંજલિ'. *નિવૃત્ત સાથી* ૧૫૬ (જુલાઈ ૨૦૨૦) : ૭ - ૯ ના માધ્યમથી થાય છે. આ સાથે જ કનુભાઈ પ્રતિ વિશેષ આસ્થાભાવ ધરાવતા હોવાથી કનુભાઈની સ્મૃતિમાં પ્રકાશિત *'અભિદ્રષ્ટિ'* જુલાઈ ૨૦૨૦ના અંકના પુરસ્કર્તા પણ બન્યા હતા. આવા મૂઠી ઊંચેરા રમણભાઈ પટેલ ખરા અર્થમાં 'કર્મયોગી પુરુષ' હતા.

યુનિવર્સિટી ગ્રંથપાલ અને ગ્રંથાલયશાસ્ત્રના અધ્યાપક તરીકે હોદ્દાગત આવશ્યક આનુસંગિક કામગીરીઓ ઉપરાંત 'ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન' દ્વારા ભરતી કરવામાં આવનાર ગ્રંથપાલોની પસંદગી સમિતિના સભ્ય (૨૦૦૧-૦૩), ગુજરાત રાજ્ય સાર્વજનિક ગ્રંથાલય અધિનિયમની મુસદ્દા સમિતિના સભ્ય (૧૯૯૯-૨૦૦૧), ગુજરાત રાજ્ય ગ્રંથાલય નિયામકની કચેરી દ્વારા રાજા રામમનોહર રાય લાઈબ્રેરી ફાઉન્ડેશનના ઉપક્રમે સાર્વજનિક પુસ્તકાલયો માટે પુસ્તકોની પસંદગી સમિતિના સભ્ય (૨૦૦૧-૦૫), સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક સ્ટાફ ટ્રેનિંગ કૉલેજો દ્વારા ગ્રંથપાલો માટે આયોજિત ચારેક ઓરિએન્ટેશન અને રિફ્રેસર કોર્સિસના કો-ઓર્ડિનેટર, રાજ્યની કેટલીક યુનિવર્સિટીઓની ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિષયની અભ્યાસ સમિતિઓના સભ્ય, ગ્રંથપાલો માટેની 'કર્મયોગી તાલીમ'ના પ્રશિક્ષક વગેરે કાર્યો હેતુ તેમની નિયુક્તિ કરવામાં આવતાં તેમણે સેવાઓ આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી રમણભાઈ પટેલનું વતન ચાંદખેડા ગામ. હાલમાં અમદાવાદનો એક ભાગ, જ્યાં તેમનો જન્મ કૃષકપરિવારમાં તા. ૨૭ સપ્ટેમ્બર, ૧૯૪૬ના રોજ થયો હતો. પિતાશ્રીનું નામ શ્રી લલ્લુભાઈ અમીચંદદાસ પટેલ અને માતાનું નામ શ્રીમતી નાથીબહેન. તેમનાં પત્નીનું નામ શ્રીમતી ભારતીબહેન. તેમના પરિવારમાં બે પુત્રો ડૉ. નીરજ અને ધવલ. તેમણે ચાંદખેડાની સરકારી પ્રાથમિક શાળામાં અને સાબરમતીની ધર્મનગર હાઈસ્કૂલમાંથી શિક્ષણ મેળવ્યા પછી એચ. કે. આર્ટ્સ કોલેજ, અમદાવાદમાંથી B.A. (૧૯૬૭)નો અભ્યાસ અર્થશાત્ર સાથે પૂર્ણ કર્યા બાદ ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાંથી B.Lib.Sc. (૧૯૬૮)ની ડિગ્રી મેળવી હતી. સમયાન્તરે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટમાંથી M.A. (૧૯૭૬) અર્થશાત્ર અને ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ દ્વારા સૌ પ્રથમ શરૂ કરવામાં આવેલ ગ્રંથાલયશાત્રના અનુસ્નાતક અભ્યાસક્રમની પ્રથમ બેચમાં પ્રવેશ મેળવી M.L.I.Sc. (૧૯૮૭) ની ડિગ્રી પ્રથમ વર્ગ સાથે મેળવી હતી.

ગ્રંથાલય ક્ષેત્રે વ્યવસાયિક કારકિર્દીનો પ્રારંભ મહેસાણાની મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં ગ્રંથપાલ તરીકે જૂન ૧૯૬૮માં જોડાઈને કર્યો હતો. આ સમયે આ લખનાર સદર કૉલેજમાં એસ.વાય. બી.એ.ના વર્ગમાં અભ્યાસ કરતો હોવાથી તેમના ગ્રંથાલયિત્વથી સુપરિચિત રહ્યો છે. આ સેવાકાળ દરમ્યાન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના યુનિવર્સિટી ગ્રંથાલયમાં, ટેક્નિકલ આસિસ્ટન્ટ તરીકે પસંદગી થતાં ૨૩ ડિસેમ્બર, ૧૯૬૮ના રોજ અહીં જોડાયા. આ જ યુનિવર્સિટીના ગ્રંથાલયમાં ૧૯૭૫માં આસિસ્ટન્ટ લાઈબ્રેરિઅન તરીકે અને ત્યારબાદ યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં રીડર તરીકે પસંદ થતાં તા. ૨૦ ડિસેમ્બર, ૧૯૯૩ના રોજ આ પદભાર સંભાળી લીધો હતો. રીડર તરીકેના સેવાકાળ દરમ્યાન પોતાના વતનની માતૃસંસ્થા ગુજરાત યુનિવર્સિટીમાં યુનિવર્સિટી લાઈબ્રેરિઅન તરીકે પસંદગી થતાં ૧૬ એપ્રિલ, ૧૯૯૩ ના રોજ અહીં જોડાયા અને વયોચિત નિવૃત્તિપર્યંત અર્થાત્ તા. ૩૧ ઑક્ટોબર, ૨૦૦૮ સુધી તેમણે સેવાઓ આપી હતી.

સદ્ગત ઉભય આત્માઓને ઈશ્વર ચિર શાંતિ અર્પે તેવી આર્તસ્વરે સર્વ વિદ્યાલય પરિવારની પ્રાર્થના.

**સંપર્ક : ડૉ. નીરજ રમણલાલ પટેલ**

મો. ૯૩૨૭૪૪૩૦૮૧

**ધવલ રમણલાલ પટેલ**

મો. ૯૮૯૮૦૯૩૭૯૪

**મણિભાઈ પ્રજાપતિ**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર

ઇતિહાસની અટારીએથી

# આઝાદીની ચળવળ અને સર્વ વિદ્યાલય

**પુરુષોત્તમદાસ ર. પટેલ**

તા. ૨૬ જાન્યુઆરી અને ૧૫ ઑગસ્ટના દિવસે ધ્વજવંદન સરકારી રાહે આજે દેશભરમાં થાય છે. પણ એક સમય એવો હતો કે ધ્વજવંદન કરવામાં જોખમ હતાં.

એ વખતે ગુજરાતભરમાં સૌ પ્રથમ વિદ્યાર્થી આશ્રમના મુખ્ય દરવાજાની આગળના ચોકમાં, ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. એ સમયે કૉંગ્રેસ ધ્વજવંદન કરવાનું હતું. એના પોલીસ રિપોર્ટ નીચેથી ઉપર સુધી દોડતા થયા હતા.

આમેય આ સંસ્થા રાષ્ટ્રીય લેખાતી. ગાંધીજી જેવા મહાપુરુષ-મહાત્માનાં પગલાં આ સંસ્થામાં થયેલાં. મહાત્માજી વડોદરા રાજ્યમાં આવે તે પણ એક શિક્ષણ સંસ્થામાં પધાર્યાનો પ્રસંગ એ સમયના વડોદરા રાજ્યને ચિનગારીભર્યો લાગ્યો હતો. મહાત્માજીએ વિદ્યાર્થી આશ્રમમાં વિદ્યાલય અને આશ્રમના શિક્ષકો વિદ્યાર્થીઓને સંબોધ્યા. એ ઉપરાંત વિદ્યાર્થી આશ્રમના અંદરના ચોકમાં નાગરિકોની જાહેર સભાને સંબોધી. મીઠા સત્યાગ્રહની લડતમાં આ સંસ્થાના કેટલાક શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધેલો જ. ૧૯૩૦-૩૨ અને બીજી નાનીમોટી લડતોમાં પણ. આમ આ સંસ્થા રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ અને આઝાદીની નાનીમોટી લડતોમાં ઓતપ્રોત થયેલી હતી.

આમ છતાં વડોદરા રાજ્યના શિક્ષણખાતાને આ સંસ્થા પ્રત્યે માન હતું. એના શિક્ષણના કાર્યમાં વડોદરા રાજ્યનું શિક્ષણખાતું કદી આડે આવ્યું નહોતું. એટલું જ નહિ, પણ આ સંસ્થાના શિક્ષણના પ્રયોગો કરવાની તેમજ પોતાને યોગ્ય લાગે તેવાં પાઠ્યપુસ્તકો પસંદ કરવાની અને અભ્યાસક્રમ ઘડવાની છૂટ આપી હતી.

આનો લાભ લઈ સંસ્થાએ શિક્ષણક્ષેત્રે એક જબરદસ્ત પ્રયોગ કર્યો હતો. ઉદ્યોગના અને જીવનોપયોગી શિક્ષણને આગળ રાખી શાળાકીય કેળવણીનું આયોજન કર્યું હતું. શાળા બે સમયે ભરાતી. સવારે ભાષાઓ, ગણિત, ઇતિહાસ-ભૂગોળ વગેરે વિષયોનું શિક્ષણ અપાતું અને બપોરે ૨થી ૫ ત્રણ કલાક ઉદ્યોગોનું શિક્ષણ અપાતું. ઉદ્યોગોમાં ખેતી, સુથારી, કાંતણવણાટ, રંગકામ, નેતરકામ, મુદ્રણકામ વગેરે વિષયો શિખવાડવામાં આવતા.

એ રીતે આ સંસ્થા એ સમયના વડોદરા રાજ્યમાં શિક્ષણક્ષેત્રે પૂરી સ્વતંત્રતા ભોગવતી હતી. જેનું સ્વપ્ન સ્વરાજ્ય આવ્યા પછી આજે આવતું નથી.

સ્વરાજ પછી શિક્ષણ સંસ્થાઓને નિયમો, હુકમોથી જકડી નાખવામાં આવી છે. શિક્ષણને માટે આ સારું નથી.

શિક્ષણખાતા તરફથી આ સંસ્થાને ઘણી છૂટછાટ મળી હતી. શિક્ષણખાતું અહીં થતાં શિક્ષણના પ્રયોગોની પ્રશંસા કરતું પણ વહીવટી તંત્ર-મુલકી અને પોલીસખાતાને આ સંસ્થાની કામગીરી ગમતી નહોતી.

આ સંસ્થામાં એ સમયના કૉંગ્રેસના અગ્રણીઓ-આઝાદીના લડવૈયા આવે અને પ્રવચનો કરે તે સરકારી તંત્રને ગમતું નહોતું. આ સંસ્થાના શિક્ષકો, વિદ્યાર્થીઓ સત્યાગ્રહની લડતોમાં ભાગ લે તે ગમતું નહોતું. એમાં આ સંસ્થાના ચોગાનમાં કૉંગ્રેસના ધ્વજનું વંદન કરવામાં આવ્યું, રાષ્ટ્રગીતો ગવાયાં, વન્દે માતરમ્ ગવાયું. આથી પોલીસ અને મુલકી ખાતું ઊંચુંનીચું થયું. એમને આમાં રાજદ્રોહ દેખાયો. આ સંસ્થાને આ રીતે પ્રવૃત્તિઓ કરવા દેવામાં જોખમ દેખાયું.

આ સંસ્થાને જપ્ત કરવાના કાગળના ઘોડા શરૂ થયા. તાલુકામાંથી પ્રાંતમાં અને પ્રાંતમાંથી જિલ્લામાં એમ છેવટે એ સમયના દીવાનસાહેબ સુધી એ ઘોડા પહોંચ્યા.

દીવાનસાહેબ પાસે રજૂઆતો થઈ. સંસ્થા તરફથી પણ થઈ.

અંતે દીવાનસાહેબે એ કાગળના ઘોડા પાછા ધકેલ્યા.

અને સંસ્થા જપ્ત ના થઈ. આમ છતાં ૧૯૩૦-૩૨ અને ૧૯૪૨માં આ સંસ્થાએ રાષ્ટ્ર પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો અને સહન પણ ઠીકઠીક કર્યું હતું. શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સંચાલકોએ હકાલપટ્ટી અને જેલના સ્વાદ ચાખેલા.

આ સંસ્થા સહન કરતી ખાડાટેકરા વટાવતી આગળ વધ્યા કરી છે, પરંતુ એનામાંથી રાષ્ટ્રભાવના અને રાષ્ટ્રભક્તિની કમીના થઈ નથી.

રાષ્ટ્રની આઝાદી માટે સહન કરવામાં આ સંસ્થાએ પોતાની ફરજ માની છે અને તેનું તેને ગૌરવ છે.

**(સૌજન્ય : સુવર્ણ જયંતી : સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયંતી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક, સાપ્તાહિક : વર્ષ ૧, અંક ૩, તા. ૨૬-૨-૧૯૭૦ પૃષ્ઠ ૩).**

# મારી જ્ઞાનસેવા યાત્રા

**ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી**

ગુજરાત એ આધુનિક ભારતીય સમવાયીતંત્રનું એક અગત્યનું રાજ્ય ગણાય છે. રાજકીય સ્થિરતા, શાંતિ અને કાયદાના શાસનની દૃષ્ટિએ રાજ્યનું સંચાલન અને વહીવટ ખૂબ વ્યવસ્થિત રીતે થઈ રહેલ છે. પરિણામે, આર્થિક, ઔદ્યોગિક, સામાજિક, સાંસ્કૃતિક વગેરે ક્ષેત્રોમાં આબાદી, સંપન્ન અને સુખચેન પ્રજા અનુભવતી આવી છે.

ગુજરાત રાજ્યના એક ભાગ તરીકે ઉત્તર ગુજરાતનો પ્રદેશ પણ ઉત્તરોત્તર વિવિધ ક્ષેત્રે વધુ પ્રગતિ સાધતો રહ્યો છે. અલબત્ત, કોઈ પણ ભૌગોલિક પ્રદેશના વિકાસનો આધાર અનેક પરિબળો પર આધાર રાખતો હોય છે. એ પૈકી કુદરતી સંપત્તિ - જેવી કે જમીન, સાગર, નદી, પર્વતો, ખાણવિસ્તારો ખનિજો, આબોહવા વગેરે. પ્રદેશમાં ઔદ્યોગિક વિકાસનું પ્રમાણ વાહનવ્યવહારની સવગવડો, સંદેશા વ્યવહારની સુવિધાઓ, આધુનિક જ્ઞાન-વિજ્ઞાનની સુવિધાઓ, વ્યાપારવણજ, બેંકો અને નાણાકીય સુવિધાઓ વગેરે વિકાસ માટે એક ઘણું અગત્યનું પરિબળ છે. માનવ સંસાધન, લોકોની સુવિધાઓ, શિક્ષણનો વ્યાપ અને ગુણવત્તા, ખાસ કરીને વંચિત વર્ગો માટે શિક્ષણ, શિક્ષણમાં સંશોધન તથા જ્ઞાન-વિજ્ઞાનના નિર્માણની સુવિધા જે બધાના સમન્વિત વિનિયોગથી સમાજ એક ‘શાણો સમાજ’ બન્યો હોય છે. અને તેથી સાચે જ ૨૧મી સદીને જ્ઞાનયુગ ‘Knowledge Age’ કહેવામાં આવી છે.

ઉત્તર ગુજરાતના પ્રદેશમાં વિકાસ માટેનાં આ બધાં વાનાં વર્ષોથી કરવામાં આવી રહ્યાં છે. અહીં શિક્ષણ, તાલીમ, સંશોધન, નવીનીકરણ (Innovation)ને મૂડીરોકાણ ગણવામાં આવ્યું છે. પરિણામે ઠેર ઠેર શિક્ષણ સંસ્થાઓ સ્થપાતી રહી છે. આમ, એ સંસ્થાઓ માટે આવશ્યક સંસાધનો જેવાં કે નાણાભંડોળ, જમીન, મકાન, આવશ્યક શૈક્ષણિક સામગ્રી, જરૂરી માનવ સંસાધન વગેરેની સઘળી જરૂરિયાતો સંતોષવા માટે લોકસહકાર વ્યાપક રીતે મળતો રહ્યો. રાજ્ય અને કેન્દ્ર સરકારની પ્રોત્સાહક શિક્ષણનીતિ પણ શિક્ષણક્ષેત્રના વિકાસમાં ઘણી ઉપકારક નીવડી છે.

આવા ઉત્તર ગુજરાતના એક ફરજંદ હોવું એ મારા માટે સદ્‌ભાગ્ય તેમજ ગૌરવની બાબત છે. મારો જન્મ તા. ૩૧/૦૭/૧૯૨૭ ના રોજ હાલ ગાંધીનગર જિલ્લામાં આવેલ ગામ કલોલમાં થયેલો. મૂળ કલોલ એ ગાયકવાડી વડોદરા રાજ્યના મહેસાણા પ્રાંતમાં આવેલ તાલુકા મથકનું ગામ હતું. વર્ષ ૧૯૪૯ માં ‘વડોદરા રાજ્ય’નું આઝાદ ભારતના મુંબઈ ઈલાકામાં વિલીનીકરણ થયું હતું.

મારો જન્મ એક મધ્યમવર્ગીય મુસ્લિમ ઘાંચી પરિવારમાં થયો હતો. અમારો પારિવારિક વ્યવસાય તેલઘાણીના ગૃહઉદ્યોગનો હતો. ઘાણી બળદ વડે ચલાવવામાં આવતી. ઘાણીની આવક એ અમારી કૌટુંબિક આજીવિકાનું મુખ્ય સ્રોત હતું. પૂરક આવક માટે અમે તેલ ઉપરાંત અન્ય પરચૂરણ ચીજવસ્તુઓ વેચતા. વળી એક કે બે ભેંસ રાખી તેનું દૂધ વેચી પૂરકઆવક ઊભી કરતા. આર્થિક ઉપાર્જનના કામમાં કુટુંબના સર્વે સભ્યો જોડાતાં. અમે ચાર ભાઈઓ, બે બહેનો, માતાપિતા અને દાદા મળીને નવ સભ્યોનું અમારું કુટુંબ હતું. મહત્તમ પરિશ્રમ, ચીવટભરી કરકસર અને નેક કમાણીનું શિક્ષણ આપતું અમારું કુટુંબ એક અવૈધિક તાલીમ શાળા બની રહેલું.

એ વખતે કલોલમાં ગાયકવાડી શાસન દ્વારા સંચાલિત ધોરણ ૧થી ૬ સુધીની પ્રાથમિક શાળા હતી, જેમાં ફક્ત છોકરાઓ માટે વ્યવસ્થા હતી; એવી રીતે માત્ર કન્યાઓ માટે પણ ધોરણ ૧થી ૬ ની પ્રાથમિક શાળા હતી. અલબત્ત, કન્યાઓની તુલનામાં છોકરાઓની સંખ્યા વધુ રહેતી. મેં મારું પ્રાથમિક શિક્ષણ છોકરાઓ માટેની કેન્દ્રીય પ્રાથમિક શાળામાં લીધું. તેમાં પ્રાથમિક ધોરણ ૧ અને ૨ પૂરાં કરી, ધોરણ ૩ અને ૪ માટે એક કિલોમીટર દૂર આવેલી તેની શાખામાં પાયગાશાળામાં ધોરણ ૩થી ૪ નો અભ્યાસ કરેલો. આ બધાય વર્ગોમાં શિક્ષણ માત્ર

ભણતરરૂપનું વાચન-લેખન અને ગણનનાં કૌશલ્યોનું થતું. શૈક્ષણિક સાધન ગણો તો સ્લેટ-પેન, ગુજરાતી વાચનમાળા અને ગણિતપોથી. વર્ગખંડમાં અદબ-પલાંઠી વાળીને બેસીને ભણવાનો અમારો નિત્યક્રમ. હા, એટલું ખરું કે અમારા શિક્ષક સાહેબો ખૂબ જ ખંતીલા અને પ્રેમાળ. ધોરણ-૧ના શિક્ષક શ્રી કુબેરભાઈ બારોટ, ધોરણ ૨ના શ્રી નાથાલાલ ત્રિવેદી, અને ધોરણ ૩ અને ૪ના શ્રી રણછોડભાઈ પટેલને એમના વિદ્યાર્થી વાત્સલ્યને હું કદી ભૂલી શકીશ નહીં. મારા એ પ્રાથમિક શિક્ષણનો કાર્યકાળ જૂન ૧૯૩૩થી મે ૧૯૩૬-૩૭ નો રહ્યો. પ્રાથમિક કક્ષાનાં ધોરણ ૧થી ૪ પસાર કરીને હું કલોલમાં જ આવેલી સરકારી એ. વી. સ્કૂલ (Anglovernacular School) ના ધોરણ ૧માં જોડાયો. તેમાં મેં અંગ્રેજી ધોરણ ૧થી ૪ નો અભ્યાસ કર્યો. તે તબક્કાનો કાર્યકાળ જૂન-૧૯૩૭થી મે-૧૯૪૧નો રહ્યો. આ તબક્કા દરમિયાન અમને કેટલાક વિશિષ્ટ અનુભવો મળ્યા. અમે મર્યાદિત તાસ વ્યવસ્થાનો લાભ લીધો. રમત-ગમત, બૉય સ્કાઉટ, પર્યટનો વગેરે પ્રવૃત્તિઓમાં અમે જોડાયા. અંગ્રેજી ભાષાના શિક્ષણનો લાભ લઈ શકયા. અમે અમારી કિશોરાવસ્થાને જાણે કે માણી શકયા. એ તબક્કાના વિદ્વાન અને પ્રેમાળ શિક્ષકો શ્રી આર. બી. ત્રિવેદીસાહેબ, શ્રી મણિલાલ નરસિંહભાઈ બારોટસાહેબ અને શ્રી મોહનલાલ લલ્લુભાઈ શુકલસાહેબે અમારા જીવનઘડતરમાં આપેલ ફાળો અણમોલ છે.

આમ અંગ્રેજીવાળા પૂર્વમાધ્યમિક શિક્ષણનાં ધોરણ ૧થી ૪ પૂરાં કરી, હું કલોલની વખારિયા પી. જે. હાઈસ્કૂલના ધોરણ ૫ (આજનું ધોરણ ૯) માં દાખલ થયો. આ શાળા સરકારના ખૂબ અપૂરતા અનુદાનથી ચાલતી એટલે વિદ્યાર્થીઓ પાસેથી ફી વસૂલ કરતી હતી. હા, નબળી આર્થિક સ્થિતિવાળા વિદ્યાર્થીઓને ફીમાં થોડી ઘણી રાહત પણ આપતી.

મેં વખારિયા હાઈસ્કૂલમાં વર્ષ ૧૯૪૧-૪૨માં ધોરણ ૫, વર્ષ ૧૯૪૨ - ૪૩ માં ધોરણ ૬ અને વર્ષ ૧૯૪૩-૪૪ માં ધોરણ ૭ (મૅટ્રિક્યુલેશન કક્ષા) કર્યાં. કલોલ તાલુકા કેળવણી મંડળ આ હાઈસ્કૂલનો વહીવટ કરતું હતું. એ લોકસેવાને વરેલી સંસ્થા હોવાથી વિદ્યાર્થીઓને માસિક ફી ભરવામાં ઘણી રાહત આપતી, મને ધોરણ ૫, ૬ અને ૭ એ ત્રણેયમાં મારી માસિક ફીમાં ૫૦% રાહત આપવામાં આવેલી જે બદલ એ સંસ્થાનો હું આજે પણ આભાર ભૂલી શકું તેમ નથી.

એ ત્રણ વર્ષોનો ગાળો મારા માટે આનંદ અને વિષાદ બંનેનો સમય હતો. આનંદ એટલા માટે કે મને કેટકેટલા ઉત્તમ શિક્ષકો મળ્યા. અંગ્રેજીના મૂળ પૂનાના શ્રી ગજાનન મહાદેવ વૈદ્યસાહેબ, શ્રી ભોગીલાલ જીવરાજ પારેખસાહેબ, શ્રી કપિલરાય છાયાસાહેબ, વગેરે. ગુજરાતીના તો આપણા હાસ્યસાહિત્યકાર સ્વ. બકુલ ત્રિપાઠીના પિતાશ્રી પદ્મમણિશંકર ત્રિપાઠીસાહેબ, સંસ્કૃત અને ગુજરાતીના શ્રી મધુસૂદન ચૂનીલાલ વૈદ્યસાહેબ, ઇતિહાસના શ્રી રોડિયાસાહેબ.

મેં મુંબઈ યુનિવર્સિટીની મૅટ્રિક્યુલેશન પરીક્ષા જૂન ૧૯૪૪માં પ્રથમ વર્ગમાં પસાર કરી. એ પરીક્ષામાં પ્રથમ નંબર શ્રી ગુણવંતલાલ પુરુષોતમદાસ શાહનો આવેલો, અને મારો બીજો હતો. જૂન ૧૯૪૪માં શાળામાંથી વિદાય લેતી વેળા એ વખતના આચાર્ય શ્રી જે. પી. પરીખસાહેબે મને છાતી સરખો ચાંપી આશીર્વાદ આપ્યા કે 'તું અંગ્રેજી ભાષાનો સારો શિક્ષક થઈ શકીશ. જા કલ્યાણ કર'. એમના એ શબ્દો મારા માટે જીવનભર પ્રેરણા સ્રોત બની રહ્યા. મૅટ્રિક્યુલેશને મારા માટે ઉચ્ચ શિક્ષણનાં દ્વાર ખોલી નાંખ્યાં. ૧૯૪૪-૪૫ નું વર્ષ શિક્ષણની દૃષ્ટિએ મારા માટે આત્મખોજનું વર્ષ બની રહ્યું. ૧૯૪૫ જૂન મહિનામાં મેં વડોદરા ખાતેના કલાભવનમાં ડિપ્લોમા મિકેનિકલ એન્જિનિયરિંગના વર્ગમાં પ્રવેશ લીધો. કલોલના દાનવીર મેમણ દાઉદભાઈ વલીભાઈએ વડોદરા યાકુતપુરામાં આવેલી મુસ્લિમ યતીમખાના છાત્રાલયમાં મને નિઃશુલ્ક પ્રવેશ અપાવવા એમણે ભલામણ કરી. આમ ત્યાં મફત રહેવા-જમવા વ્યવસ્થા થઈ હતી. સર્વ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ હતી. છતાં કલાભવનમાં હું ગોઠવાઈ શક્યો નહિ. એ છોડીને મેં બરોડા કૉલેજના સાયન્સ વિભાગના પ્રથમ વર્ષ વિજ્ઞાનના વર્ગમાં પ્રવેશ લીધો. પણ, ત્યાં પણ જીવ ન ચોંટ્યો. ત્યાંથી ઑગસ્ટ-૧૯૪૪ના છેલ્લા અઠવાડિયામાં અમદાવાદ પહોંચ્યો. ત્યાં સરસપુરમાં આવેલી R. C. Technical Instituteના આચાર્ય શ્રી તૈયબજી સાહેબનો સંપર્ક સાધી મારી પરિસ્થિતિ રજૂ કરી, પ્રવેશ માટે માંગણી કરી. તેઓએ Spinning & Weaving Certificate Courseમાં એક સ્થાન ખાલી હતું તેમાં, સખત મહેનત કરવાની શરતે પ્રવેશ આપ્યો. હું બે મહિના આ અભ્યાસક્રમમાં જોડાયેલો રહ્યો.

ઑક્ટોબર-૧૯૪૪નો સમય આવી પહોંચ્યો. દિવાળીના તહેવારો આવવાના, રજાઓ આવવાની, કેટલાક

નવા અનિવાર્ય ખર્ચ કરવાના આવ્યા. હું કલોલ ઘેર જ, મારાં વિધવા માતુશ્રી અને છૂટાછેડા લીધેલ બહેન સાથે રહીને R. C. Technical Instituteમાં અભ્યાસ કરવા આવ-જા કરતો હતો. વર્ષ ૧૯૪૧-૪૨, ૧૯૪૨-૪૩ અને ૧૯૪૩-૧૯૪૪ માં ત્રણ-ત્રણ મોતના કારી ઘા સહન કરવા પડેલા. એક, અગિયાર વર્ષનો નાનોભાઈ મહંમદ ઑક્ટોબર ૧૯૪૧માં કલોલમાં થયેલી કૉલેરાની મહામારીનો ભોગ બન્યો હતો, ત્યારબાદ સપ્ટેમ્બર ૧૯૪૨માં મારા પિતાશ્રીનું દમની બીમારીથી અવસાન થયું હતું અને તે પછી ૧૯૪૩માં વૃદ્ધાવસ્થાને કારણે મારા દાદાનું અવસાન થયેલું. આ ત્રિવિધ આપત્તિઓથી અમારું કુટુંબ આર્થિક મુશ્કેલીઓથી ઘેરાઈ ગયું હતું. તેમાંથી માર્ગ કાઢવા મેં તેલઘાણી, દૂધ વેચાણ અને પરચૂરણ વેપારની કામગીરી વ્યવસ્થિત કરવાનો નિર્ણય લીધો. સાથે કલોલની કૉર્ટમાં હંગામી ફી-કારકૂનની નોકરી પણ સ્વીકારી લીધી. આ થતાં આર્થિક રીતે અમે પગભર થવા લાગ્યાં. સંજોગોમાં અનુકૂળતાઓ વધવા લાગી. મે ૧૯૪૫ આવતાં મારી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાની ઝંખના જાગી. મારા મૅટ્રિક્યુલેશન વર્ષના આચાર્ય શ્રી જે. પી. પરીખસાહેબની શુભેચ્છા યાદ આવી. ‘અંગ્રેજી ભાષાનો શિક્ષક થજે’. મને થયું કલોલમાં ઘેર રહીને અમદાવાદની કોઈ સારી કૉલેજમાં વિનયન વિદ્યાશાખાનો અભ્યાસ કરવો - F.Y. Artsમાં. એમના શબ્દો યાદ કરીને અમદાવાદની ગુજરાત કૉલેજના પ્રથમ વર્ષ વિનયન F.Y.Arts માં જૂન ૧૯૪૫માં પ્રવેશ લીધો. આમ મારી ઉચ્ચ શિક્ષણ માટેની યાત્રા પુનઃ શરૂ થઈ. મેં પ્રથમ વર્ષ વિનયનની કૉલેજ યોજિત વાર્ષિક પરીક્ષા માર્ચ ૧૯૪૬માં સમગ્ર વિદ્યાર્થીઓમાં બીજા ક્રમે પસાર કરતાં, કૉલેજ તરફથી મને માસિક ૧૨ રૂપિયાની સ્કોલરશિપ આપવામાં આવી. વર્ષ દરમિયાન અમને ખૂબ ઉત્તમ શિક્ષણ આપ્યું. જ્યાં અધ્યાપકો હતા ડૉ. ધીરુભાઈ ઠાકર (ગુજરાતી), પ્રો. ફિરોઝ દાવર (અંગ્રેજી), પ્રો. ટી. એન. દવે (સંસ્કૃત), પ્રો. એન. એમ. નામજોષી (નાગરિકશાસ્ત્ર અને રાજ્ય બંધારણ), પ્રો. કાંટાવાલા અમોને અઠવાડિયે એક તાસ રમતગમત અને કસરતની તાલીમ આપતા. ઉપરાંત, કૉલેજ સમય બાદ યોજાતી વિવિધ પ્રવૃત્તિઓની તાલીમ પૈકી વક્તૃત્વકલા, નાટ્યકલા, લેખનકૌશલ્યો વગેરેની તાલીમ ડૉ. ધીરુભાઈ ઠાકરસાહેબના નેતૃત્વ નીચે ચાલતી. હું વક્તૃત્વકલા તેમજ વાચન-લેખનનાં કૌશલ્યોને લગતી પ્રવૃત્તિઓમાં હિસ્સો લેતો હતો.

વિનયનનું બીજું વર્ષ એટલે ઇન્ટરમિડિએટ આર્ટ્સનું વર્ષ. એની વાર્ષિક પરીક્ષા મુંબઈ યુનિવર્સિટી લેતી. એમાં મારા વિષયો હતા અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, તર્કશાત્ર અને ભૂગોળ. વર્ષ દરમિયાન અમને પ્રો. ફિરોજ દાવર (અંગ્રેજી), પ્રો. અનંતરાય રાવળ (ગુજરાતી), પ્રો. એસ. એસ. ભટ્ટ (સંસ્કૃત), પ્રો. વાલવાલકર (તર્કશાસ્ત્ર), પ્રો. બી. એ. સાલેટોર (ભૂગોળ) વગેરેના માર્ગ દર્શનનો ખૂબ લાભ મળ્યો. વળી, મને પ્રથમ વર્ષ વિનયનની વાર્ષિક પરીક્ષામાં સમગ્ર મુંબઈ ઇલાકાની સરકારી કૉલેજોના વિદ્યાર્થીઓ પૈકી વધુમાં વધુ ગુણ પ્રાપ્ત કરનાર મુસ્લિમ વિદ્યાર્થીઓ પૈકી પ્રથમ સ્થાન મેળવનાર વિદ્યાર્થી તરીકે મને મુંબઈ ઇલાકાના ડાયરેકટર ઑફ પબ્લિક ઇન્સ્ટ્રકશન તરફથી માસિક રૂ. ૧૫ (પંદર રૂપિયા) ની સ્કોલરશિપ આપવામાં આવી. આમ મને બે સ્કોલરશિપ પેટે રૂ ૧૨/- અને રૂ. ૧૫/- = રૂ ૨૭/- માસિક આર્થિક સહાય મળી. વળી સત્ર ફીમાં પણ મને ૫૦% માફી પણ મળી. આ બે પ્રકારના આર્થિક સહારાથી મારી શૈક્ષણિક યાત્રા સફળ બની રહી.

મેં જૂન, ૧૯૪૭માં ગુજરાત કૉલેજમાં જ પ્રથમ વર્ષ - જુનિયર બી.એ.ના અર્થશાત્ર ઓનર્સ (B.A. Hons Jr.)માં પ્રવેશ લીધો. તેમાં મુખ્ય વિષય તરીકે મેં અર્થશાસ્ત્ર અને ગૌણ વિષય તરીકે ઇતિહાસ રાખ્યો. એપ્રિલ-૧૯૪૮માં કૉલેજની Jr. B.A.ની પરીક્ષા પસાર કરી, જૂન-૧૯૪૮ મેં B.A. (Hons) Sr.ના વર્ષમાં પ્રવેશ લીધો. એમાં પણ અંગ્રેજી ફરજિયાત ઉપરાંત અર્થશાસ્ત્રનાં વિષય તરીકે છ પ્રશ્નપત્રો અને ગૌણ વિષય તરીકે ઇતિહાસનાં બે પ્રવેશપત્રોનો અભ્યાસક્રમ કર્યો. માર્ચ-એપ્રિલ ૧૯૪૯માં લેવાયેલી મુંબઈ યુનિવર્સિટીની સ્નાતક B.A. (Hons)ની આખરી પરીક્ષા મુખ્ય વિષય અર્થશાસ્ત્રમાં ૫૫% ગુણ સાથે પસાર કરી. આમ, સમગ્ર ગુજરાત કૉલેજના વર્ષ ૧૯૪૮-૪૯ ના વર્ગની યુનિવર્સિટી યોજિત પરીક્ષામાં કુલ પ્રાપ્ત ગુણની દૃષ્ટિએ હું પ્રથમ સ્થાને આવ્યો હોવાથી મને કૉલેજ તરફથી અપાતી ‘દક્ષિણા ફેલોશિપ’ બે વર્ષ ૧૯૪૯-૫૦ અને ૧૯૫૦-૫૧ માં એનાયત કરવામાં આવી હતી, ઉપરાંત અર્થશાસ્ત્ર વિષય B.A. (Hons) પરીક્ષામાં કૉલેજમાં સૌથી વધુ ગુણ મેળવવા બદલ ‘Garett Prize in Economics’ અનાયત કરવામાં આવ્યું હતું.

‘દક્ષિણાફેલો’ તરીકે જૂન, ૧૯૪૯થી મારી કામગીરી શરૂ થઈ હતી. તદનુસાર મારે એમ.એ. (અર્થશાસ્ત્ર) નો અભ્યાસ કરવાનો હતો જેની ટર્મ ફીમાંથી મને મુક્તિ મળી

હતી. વળી મને માસિક રા. ૫૦ નું સ્ટાઈપેન્ડ મળવાનું હતું. બદલામાં મારે કૉલેજમાં થતા શિક્ષણકાર્યમાં સહાયક તરીકે કામગીરી કરવાની હતી, વળી મારે વિદ્યાર્થીઓના છાત્રાલયના એક બ્લોકમાં રહીને એના વહીવટમાં રેકટર / સુપરિન્ટેન્ડેન્ટ ને સહાય કરવાની હતી. આમ સારા ગુણથી પાસ થવા બદલ મને વિવિધ રીતે સન્માવવામાં આવ્યો હતો.

ગુજરાત કૉલેજમાં ફેલો તરીકેની કામગીરી મેં નવેમ્બર ૧૯૪૯ સુધી કરી, પછી કુટુંબને આર્થિક રીતે સહાયભૂત થવા તે છોડી દઈ કલોલની હાઈસ્કૂલમાં માસિક રૂ. ૧૦૦/- ના પગારથી મદદનીશ શિક્ષકની નોકરી સ્વીકારી. તા. ૧/૩/૧૯૫૦થી મારી શિક્ષક તરીકેની નોકરી નિયમિત ધોરણની બનાવી સંચાલક મંડળે મને માસિક રૂ. ૯૦/- ના પગારથી પુનઃ નિયુકિત આપી. આ જગા પર મેં કરેલ કામગીરી સંતોષકારક હોઈ સંચાલક મંડળે મને માસિક રૂ. ૫૦/- (પચાસ રૂપિયા)ના સ્ટાઈપેન્ડથી તાલીમ બાદ બે વર્ષની નોકરી કરવાની બાંહેધરી સાથે, બી.એડ.ની તાલીમ લેવા અમદાવાદ ખાતેની એ. જી. ટીચર્સ કૉલેજમાં જૂન-૫૩થી જોડાવા અનુમતિ આપી. મેં ગુજરાત યુનિવર્સિટીની માર્ચ-એપ્રિલ ૧૯૫૪ની પરીક્ષા પ્રથમ વર્ગમાં પ્રથમ સ્થાને પસાર કરી. એ વખતના કૉલેજના મારા આચાર્ય શ્રી એલ. આર. દેસાઈ, પ્રા. વી. એન. સાને, પ્રા. એમ. જી. દેસાઈ, પ્રા. એચ. જી. દેસાઈ, પ્રા. આર. એસ. ત્રિવેદી, પ્રા. સી. બી. શેઠ વગેરેનું મને શિક્ષકની તાલીમ માટે ઉત્તમ માર્ગદર્શન મળેલ જેથી યુનિવર્સિટી પરીક્ષામાં ઉત્કૃષ્ટ રિઝલ્ટ પ્રાપ્ત કરી શકાયું હતું.

મારી બી.એડ. પરીક્ષાની ઊંચી સિદ્ધિ બદલ કૉલેજે મને પગાર ધોરણ રૂ. ૨૦૦-૧૦-૩૦૦ની ટ્યૂટરની જગાની ઑફર કરી હતી, પરંતુ મારા ગામની કલોલની વખારિયા હાઈસ્કૂલે મને શાળામાં પ્રથમ મદદનીશ (વાઈસ પ્રિન્સિપાલ)ની જગા રૂ. ૨૦૦-૧૦-૩૦૦ ના સ્કેલમાં ઑફર કરી, મેં તેને પસંદગી આપી મેં એ જગાએ જૂન-૧૯૫૮ સુધી કામ કર્યું.

બાદમાં અમે કેટલાક શિક્ષકોએ મળી એક નવી માધ્યમિક શાળા 'ભારત હાઈસ્કૂલ'ના નામે કલોલમાં જ શરૂ કરી. અમારો ઉદ્દેશ હતો શિક્ષકો દ્વારા સંચાલિત શાળા સ્થાપવી. આ સંસ્થાને પગભર કરી, અન્ય સહકાર્યકરોને તેનું સંચાલન સોંપી મેં જૂન-૧૯૬૧ થી અમદાવાદ મુકામે પ્રકાશ હાઈસ્કૂલ ટ્રસ્ટે શરૂ કરેલ આચાર્ય શ્રી આર. એસ. ત્રિવેદીના આચાર્યપદ નીચે ચાલનારી 'પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન'માં અધ્યાપકપદ સ્વીકાર્યું. આમ મેં શિક્ષક પ્રશિક્ષણ ક્ષેત્રે પ્રવેશ કર્યો. આ કૉલેજમાં એક વર્ષ વ્યાખ્યાતા તરીકેની જગાએ રૂ. ૨૦૦-૧૦-૩૦૦ ના સ્કેલમાં કામગીરી કરી શિક્ષક પ્રશિક્ષણ ક્ષેત્રે વધુ પ્રગતિ સાધવા જૂન ૧૯૬૨માં હું વલ્લભવિદ્યાનગર ખાતે આવેલી એસ.ટી.ટી. કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે પગાર ધોરણ રૂ. ૨૫૦-૫૦-૪૦૦માં જોડાયો. આ કૉલેજ યુનિવર્સિટીની Constituent કૉલેજ હોવાથી ઉચ્ચકક્ષાની કામગીરી કરવાની ઘણી તકો ત્યાં મળી રહી. ઉદાહરણ તરીકે, યુનિવર્સિટીએ મને વર્ષ ૧૯૬૬-૬૭માં યુએએસએ સરકારની Fulbright Tecacher Exchange Programe અંતર્ગત મને એક વર્ષની રજા આપી અને હું એ કામગીરી માટે યુ.એસ.એ.ની મારી અધ્યાપકીય ક્ષમતાઓને વધુ ધારદાર બનાવી શક્યો. વળી, વર્ષ ૧૯૬૪-૬૫ અને ૧૯૬૫-૬૬માં મને યુનિવર્સિટીએ M.Ed. ડિગ્રીનો અભ્યાસ કરવા ચાલુ નોકરીએ પરવાનગી પણ આપેલી ને મેં એ પરીક્ષા (૧૯૬૬) પ્રથમ વર્ગમાં પ્રથમ સ્થાને પસાર કરતાં મને યુનિવર્સિટીનો ગોલ્ડ મેડલ પણ એનાયત થયો હતો. આમ, વલ્લભવિદ્યાનગરની એમ. બી. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનમાં મેં મારી અધ્યાપકીય ક્ષમતા દૃઢ બનાવી. શિક્ષણ, સંશોધન અને વિસ્તરણનાં ત્રણેય ક્ષેત્રોમાં નોંધપાત્ર કામગીરી કરવાની મને સુંદર તક મળી રહી.

આ જ અરસામાં મોડાસા (જિ. સાબરકાંઠા)ના શ્રી મ. લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળે જૂન ૧૯૬૮ થી બી.એડ. ડિગ્રી માટેની તાલીમ કૉલેજ શરૂ કરવા ગુજરાત યુનિવર્સિટી પાસે પરવાનગી માગી, જે મળતાં અને રાજ્ય સરકારની અનુમતિ મળતાં કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસા ના નામથી જૂન ૧૯૬૮માં શરૂ કરવામાં આવી. પાછળથી આ જ કૉલેજનું નવું નામકરણ 'બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન' કરવામાં આવ્યું જે નામે આજે પણ ચાલુ છે. હું જુલાઈ ૧૯૬૮ થી એ કૉલેજના આચાર્યપદે જોડાયો. એ પદે હું છેક તા. ૩૧/૧૦/૧૯૮૭ સુધી વયનિવૃત્ત થયો ત્યાં લગી ચાલુ રહેલ. સંચાલક મંડળ, વાલીઓ, તાલીમાર્થીઓ, અને શૈક્ષણિક-બિનશૈક્ષણિક સ્ટાફ વગેરેના સહયોગથી કૉલેજને એક નમૂનેદાર તાલીમી સંસ્થા બનાવી શકાઈ. ગુજરાત રાજ્યની શ્રેષ્ઠ કૉલેજ સ્પર્ધામાં તેને પાટણની કૉલેજ ઑફ એજ્યુકેશન સાથે સહિયારું

રૂ.૫૦,૦૦૦/- (પચાસ હજાર રૂપિયા)નું પારિતોષિક મળેલ. મારા આચાર્ય તરીકેના કાર્યકાળ દરમિયાન કૉલેજને રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર અને UGC, NCERT, NCTE વગેરે પ્રતિષ્ઠાનો તરફથી અનેક વિકાસ યોજનાઓ માટે સહાય સાંપડી હતી. આજે એ કૉલેજ આચાર્ય શ્રી ડૉ. બી. ડી. પટેલ ના નેતૃત્વ નીચે અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી રહી છે, જેના પાયામાં આદ્ય સ્થાપકોની પ્રેરણા અને પરંપરાઓ રહેલાં છે.

મોડાસાની એજ્યુકેશન કૉલેજમાંથી નિવૃત્ત થતાં મને રાજ્ય સરકારે પાટણ મુકામે શરૂ કરવામાં આવનાર 'ઉત્તર ગુજરાત યુનિવર્સિટી'ના ઉપકુલપતિ પદે નિયુક્ત કર્યો. યુનિવર્સિટીના આદ્ય સ્થાપક કુલપતિ તરીકે નિયુક્ત થયા હતા ગુજરાત જ નહીં, બલ્કે ભારતની આઈ.એ.એસ. કેડરના ખૂબ તેજસ્વી કક્ષાના, પીઢઅનુભવી અને કલ્પનાશીલ વહીવટકર્તા એવા શ્રી કુલીનચંદ્ર પ્રો. યાજ્ઞિકસાહેબ સાથે એમના સહાયક સાથીદાર તરીકે જોડાવાનું મળ્યું એને હું મારું મોટું સદ્‌ભાગ્ય માનું છું. શ્રી યાજ્ઞિકસાહેબ વ્યવહારદક્ષ વહીવટકર્તા ઉપરાંત એક કલ્પનાશીલ સ્વપ્નદૃષ્ટા છે. દુનિયામાં વિદ્યમાન અનેકવિધ વિદ્યાસંસ્થાઓના માહિર છે. વળી પોતે ખૂબ વિચારશીલ ચિંતક, વિચારક અને સર્જક છે. ઉપરાંત તેઓ કોઈ પણ કક્ષાએ, ગૂઢાતિગૂઢથી માંડી તદ્દન સામાન્ય વિષય પર ખૂબ સરળ ભાષામાં પ્રત્યાયન કરવામાં કાબેલ છે. એના પાયામાં પારદર્શિતા, પ્રામાણિકતા અને નૈતિક હિંમત ધરાવતા મનીષી છે. સુસંસ્કારની સોડમ ધરાવતી ભાષા અને વર્ણનશૈલી તો એમની જ / બસ હૃદય સોંસરવી ઊતરી જાય એવી વેધક !

મેં શ્રી યાજ્ઞિકસાહેબ સાથે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનાકાળનાં વર્ષમાં તા. ૧૭/૧૧/૧૯૮૭ થી તા. ૩૧/૦૭/૧૯૯૨ સુધીના ગાળામાં કામ કર્યું. ત્યારબાદ કુલપતિ શ્રી યાજ્ઞિકસાહેબ કુલપતિપદેથી નિવૃત્ત થયા ત્યારે મને કાર્યકારી કુલપતિ તરીકેની કામગીરી તા. ૦૧/૦૮/૧૯૯૨ થી તા. ૦૫/૦૪/૧૯૯૪ સુધીના ગાળામાં સંભાળી. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનો વિચાર બીજમાંથી વિકાસ કરવાની કામગીરી પડકાર રૂપ હતી. કુલપતિ શ્રી યાજ્ઞિકસાહેબની આગેવાની નીચે અધિકારીઓ, કર્મચારીઓ, વિવિધ સત્તામંડળને માટે નિયુક્ત થયેલા પ્રતિનિધિઓ અન્ય કાર્યકર્તાઓ વગેરેને સાંકળી લઈને યુનિવર્સિટીનું નિર્માણ કામ હાથ ધરવામાં આવ્યું હતું. સૌમાં એક પરિવારની ભાવના બંધાઈ હતી. વળી કામને એક ધર્મકાર્ય Mission તરીકે સૌએ સ્વીકાર્યું હતું. પરિવારની કાર્યપદ્ધતિ પણ સહિયારા પુરુષાર્થ અને જવાબદારીમાં ભાગીદારીનો શિરસ્તો પાળવામાં આવતો. આ રીતે જે મુખ્ય સિદ્ધિઓ હાંસલ થઈ એ નીચે મુજબ હતી.

- યુનિવર્સિટી માટેની વ્યવસ્થાઓ માટે જરૂરી જમીનના સંપાદન માટેની કાર્યવાહી
- આરંભ માટે જરૂરી ઇમારતો માટેના પ્લાન
- ઉત્તર ગુજરાત યુનિવર્સિટી એ ગુજરાત યુનિવર્સિટીમાંથી છૂટી પાડી અલગ કરવામાં આવી હતી, તેથી ગુજરાત યુનિવર્સિટીનાં ધારાધોરણો, આર્ડિનન્સ રેગ્યુલેશન્સ, રૂલ્સ વગેરેનું વ્યવસ્થિતિકરણ
- યુનિવર્સિટીના વિવિધ વિભાગોનું આયોજન.
- યુનિવર્સિટીના વિવિધ મહેકમ અને માનવસંસાધનનું આયોજન.
- સંલગ્ન કૉલેજો સાથે સંબંધો માટેની આચાર સંહિતા
- યુનિવર્સિટીના વિકાસનો પરિપ્રેક્ષ્ય પ્લાન.
- યુનિવર્સિટીનો રજ્ય સરકાર સાથેનો અદાનપ્રદાન સંબંધ.

આ સહિયારા આયામોથી આ સમયગાળા દરમિયાનના યુનિવર્સિટીનું પાયાનું આદ્ય માળખું તૈયાર કરી શકાયું. એક બાજુ, ગુજરાત યુનિવર્સિટી તરફથી મળેલ વારસાને ચાલુ રાખવાનું અને જરૂર પડે ત્યાં ફેરફાર કરવાનું વલણ રાખવામાં આવ્યું. બીજી તરફ નવી પરિસ્થિતિઓમાં કામ કરવા જરૂરી નવીનીકરણોને પણ કરવાનું રાખ્યું. શરૂઆતમાં યુનિવર્સિટી કાર્યાલય પાટણ આર્ટસ - સાયન્સ કૉલેજોના છાત્રાલયોમાં બેસતી. પછીથી કે. ડી. પોલિટેક્નિકના મકાનમાં ઉપલબ્ધ કરાવેલ ભાગોમાં કાર્યરત રહી. 'ગાંધીસ્મૃતિ'નું મકાન એના ટ્રસ્ટીમંડળ પાસેથી યુનિવર્સિટીમાં તબદીલ કરાવી તેમાં પુસ્તકાલય, સભાખંડ વગેરેની સગવડો ઊભી કરવામાં આવી, આ જ અરસામાં યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર 'ઉદીચ્ય' શરૂ કરવામાં આવ્યું. ઉપરાંત, ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ નાટ્યકાર સ્વ. ચન્દ્રવદન ચીમનલાલ મહેતા પાસે યુનિવર્સિટી ગીતની રચના કરાવી યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલે તેની મંજૂરી આપી. વળી યુનિવર્સિટીનાં તમામ સત્તામંડળોને પણ યુનિવર્સિટીના કાયદા અને ધારાધોરણો અનુસાર કાર્યરત

કરવામાં આવ્યાં. ટૂંકમાં, એક 'કામ કરતી' યુનિવર્સિટી અસ્તિત્વમાં આવી જે શિક્ષણ, પરીક્ષણ, મૂલ્યાંકન, સેવાપરાયણ, પ્રવૃત્તિઓ જેવી કે N.C.C., N.S.S., યુવામહોત્સવો, Sports Competitons વગેરે રાબેતા મુજબ કાર્યરત હોય. આમ આદ્ય કુલપતિ શ્રી યાજ્ઞિકસાહેબે તા. ૩૧/૦૭/૧૯૯૨ના રોજ પોતાના હોદાનો ચાર્જ છોડ્યો ત્યારે યુનિવર્સિટી પ્રારંભિક કક્ષાનું મકકમ સ્થાન અને નામ પ્રાપ્ત કરી ચૂકી હતી.

મેં તા. ૦૧/૦૮/૧૯૯૨ થી કાર્યકારી કુલપતિનો ચાર્જ સંભાળ્યો ત્યાર પછીનાં મારા સંચાલનનાં બે વર્ષ દરમિયાન મારે સૌના સહયોગથી એમણે સ્થાપિત કરેલ કાર્યક્રમો, પરંપરાઓ, કાર્યશૈલીઓ વગેરે વધુ દઢ કરી નવા આયામો હાથ ધરવાના હતા. એ ગાળા દરમિયાન યુનિવર્સિટીનું નવું વહીવટી ભવન અને પટેલ શિવાભાઈ ઉમેદભાઈ યુનિવર્સિટી લાઈબ્રેરીના ભવનોનું ઉદ્દઘાટન કરાવી તેમને કાર્યરત કરવાનાં હતાં. આ ઉપરાંત યુનિવર્સિટી માટે સંપાદિત કરાયેલ જમીનની ફરતી દીવાલ બંધાવવાનું તથા મારા કાર્યકારી કુલપતિ પદ દરમિયાન મેં સૌના સહકારથી નીચે પ્રમાણેનાં કામ કર્યાં.

૧. નવા વહીવટી ભવનનું ઉદ્દઘાટન કરાવી, તેને સંપૂર્ણ રીતે કારગત બનાવ્યું.
૨. નવા યુનિવર્સિટી ગ્રંથાલયને પૂર્ણ રીતે કાર્યરત બનાવ્યું.
૩. યુ.જી.સી. ની સૂચના અનુસાર નવા અભ્યાસક્રમો તથા ચાલુ અભ્યાસક્રમોની સુધારણાની ઝુંબેશ હાથ ધરી.
૪. પરીક્ષા સુધારણા માટે વાર્ષિક અભ્યાસક્રમ આયોજન અને પ્રશ્નપત્ર માટે ડિઝાઈન અને બ્લૂપ્રિન્ટ બનાવી ઉપયોગમાં લેવાની પ્રથા દાખલ કરી.
૫. પરીક્ષા સંચાલન માટે પરીક્ષણ કેન્દ્રોને ઝૂમખાંમાં સમાવી તેમને પરીક્ષાના સંચાલનમાં વધુ ભાગીદારી અને વધુ જવાબદારી સોંપી.
૬. યુનિવર્સિટી પરીક્ષાઓનો પરીક્ષાર્થીઓની ઉત્તરવહીઓ તપાસવા મધ્યસ્થ મૂલ્યાંકન પ્રથાને વધુ કાર્યક્ષમ બનાવી પરીક્ષા પરિણામો સમયસર જાહેર કરવાની ચોકકસ તારીખો સમાવતું વાર્ષિક એકેડેમિક કેલેન્ડર બનાવવાની પ્રથા દાલખ કરવામાં આવી.
૭. યુનિવર્સિટી પરીક્ષાઓનાં પરિણામ જાહેર થયા બાદ પરીક્ષાર્થીઓને તેમનાં ગુણાપત્રકો, પારિતોષિકો, ગોલ્ડ મેડલ વગેરે સમયસર મળી રહે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી.
૮. આંતર કૉલેજ, તેમજ આંતર યુનિવર્સિટી યુવક મહોત્સવોમાં યુનિવર્સિટી ઉત્તમ દેખાવ કરી શકે એ માટે વિદ્યાર્થીઓને જરૂરી તાલીમ આપવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી.
૯. સંલગ્ન કૉલેજોમાં મેરિટના આધારે પ્રવેશ આપવા તથા રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલી અનામત બેઠકોની ટકાવારી જાળવવાની વ્યવસ્થા અમલ હેતુ તેની દેખરેખ Monitoringsની પ્રથા શરૂ કરવામાં આવી.
૧૦.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ધારો ૧૯૮૬ અન્વયે યુનિવર્સિટીનાં વિવિધ સત્તામંડળોની રચના કરવામાં આવી અને તેમાં સમાજના વિવિધ વર્ગો Stake holdersનું નિયત પ્રતિનિધિત્ત્વ જળવાય તે જોવામાં આવ્યું.

ટૂંકમાં તા. ૦૫/૦૪/૧૯૯૪ ના રોજ કાર્યકારી કુલપતિપદનો ચાર્જ છોડતાં મેં યુનિવર્સિટી જીવનથી સજળનેત્રે, યુનિવર્સિટી ગીતનો મર્મ મનમાં મમળાવતાં મમળાવતાં ઢળતા સૂરજ શાખે મિત્રો - સહકાર્યકરો - વિદ્યાર્થી ભાઈ-બહેનોની વિદાય લીધી.

**અમે ઉત્તર ગુર્જરવાસી,**
**અમે જ્ઞાન તેજના પ્યાસી,**

**સપનાં સરજી સાર્થક કરવા પૃથ્વી પટે અભ્યાસી,**
**વિરાટ વિશ્વને અંતર ધરવા સતત જ્ઞાન-અભિલાષી,**

**આનર્તે આ વિદ્યાધામે સરસ્વતી સહવાસી,**
**પાવનકારી શુચિસ્મિતાના વિદ્યાપીઠ નિવાસી,**

**અમે પટ્ટનપુરના વિદ્યાપીઠના જ્ઞાનપિપાસુ છૈયા,**
**રક્ષણ કરતી, પાવન કરતી સરસ્વતી તું મૈયા !**

**જ્ઞાનદીપથી ઉજ્જ્વલ કરશું લોક-લોહનાં હૈયાં,**
**હતી લુપ્ત તે થઈ સજીવન પાર કરો અમ નૈયા.**

**ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી**
પાંચ હાટડી બજાર,
કલોલ (ઉ.ગુ.) - ૩૮૨૭૨૧
ટે.નં. ૦૨૭૬૬-૨૨૨૩૩૬

# વિશ્વ સાહિત્યની અટારીએથી

# ઈવાન સર્ગેયેવીચ તુર્ગનેવ *(Ivan Segeyevich Tugenev)*

**ડૉ. મનીષ વ્યાસ**

ભારતમાં અંગ્રેજી સાહિત્યના વિદ્યાર્થીઓ, તજ્જ્ઞો, શિક્ષકો અને વિવેચકો જેટલા બ્રિટિશ સાહિત્ય, અમેરિકન સાહિત્ય અને (હમણાં તાજેતરના કેટલાંક વર્ષોમાં) આફ્રિકન સાહિત્યથી જેટલા પરિચિત છે, તેટલા રશિયન સાહિત્યથી નથી એમ કહેવું કદાચ અતિશયોક્તિપૂર્ણ નથી. એક એવરેજ ભારતીય સાહિત્ય રસિકની રશિયન સાહિત્ય અને સાહિત્યકારો સાથે પ્રારંભિક ઓળખાણ ટૉલ્સ્ટૉય અને દોસ્તોએવસ્કીથી આગળ વધુ નથી. ક્યાંક ક્યાંક મેક્સિમ ગોર્કીનો આછો પાતળો ઉલ્લેખ જોવા મળી જાય છે. 'ઉદાસીનતા' પાછળનું એક કારણ એ છે કે ભારતીય વિશ્વવિદ્યાલયોમાં ચાલતા ભાષા ભવનમાં રશિયન સાહિત્યને ન તો ફરજિયાત વિષય તરીકે ન તો વૈકલ્પિક વિષય તરીકે ભણાવવામાં આવે છે. ક્યાંક-ક્યાંક વર્લ્ડ ક્લાસિક્સ તરીકે દોસ્તોએવસ્કીની Crime and Punishment અને ટૉલ્સ્ટૉયની War and Peace વળી અભ્યાસક્રમમાં જોવા મળી જાય છે, પરંતુ આ મહાન કૃતિઓનો રસાનુભવ કર્યા પછી પણ, રશિયન સાહિત્ય પૂરેપૂરું જાણી લીધું છે એમ કહેવું કેટલું યોગ્ય છે ? કાલિદાસના ગ્રંથોનો આસ્વાદ માણ્યા પછી, જે વાચક ભાસ, ભવભૂતિ કે બાણના રસથી વંચિત રહી જાય, તેને સંસ્કૃત સાહિત્યનો અભ્યાસી કેમ કહેવો ? દોસ્તોએવસ્કી અને ટૉલ્સ્ટૉયની કૃતિઓ કાલાતીત છે. એમાં લેશમાત્ર પણ સંશય નથી, પરંતુ રશિયન સાહિત્ય માત્ર આ બે જ લેખકોમાં સમાઈ જાય છે એમ માનવું પણ નિશંકપણે ભૂરભરેલું છે. માટે જ રશિયન સાહિત્ય વિશેના લેખની શરૂઆત ઈવાન તુર્ગનેવથી કરવી વધુ યોગ્ય લાગે છે.

ઈવાન સર્ગેયેવીચ તુર્ગનેવ (૨૮મી સપ્ટેમ્બર, ૧૮૧૮ - ૨જી સપ્ટેમ્બર, ૧૮૮૩) નવલકથાકાર, ટૂંકી વાર્તાકાર, કવિ, નાટ્યકાર અને ભાષાંતરકાર તરીકે પ્રખ્યાત છે. ખાસ તો પાશ્ચાત્ય જગતમાં રશિયન સાહિત્યનો પ્રસાર અને તેને લોકપ્રિય બનાવવામાં જેનું મહત્તમ યોગદાન રહ્યું છે તેવા સાહિત્યકાર તરીકે તુર્ગનેવને ઓળખવામાં આવે છે. તુર્ગનેવની કૃતિઓની લોકપ્રિયતા વિશાળ રશિયાઈ ભૂખંડને ઓળંગીને દૂર-સુદૂર યુરોપિયન અને અમેરિકન વાચક સુધી પહોંચી છે તેનું સૌથી મુખ્ય કારણ એ પણ છે કે તુર્ગનેવ પહેલા રશિયન લેખક હતા. જેમણે પોતાની કૃતિઓ થકી social criticism - સમકાલીન રશિયન સમાજમાં વ્યાપ્ત દૂષણોને વાચા આપી હતી. આ અર્થમાં તુર્ગનેવને વીસમી સદીના ઉત્તરાર્ધમાં થઈ ગયેલા વિખ્યાત સાહિત્યકારો અને સાહિત્ય વિવેચકો જેવા કે રસેલ કાર્સન (Rachel Carson), જ્હોન કુત્ઝી (John Coetzee), કેન સારો-વિવા (Ken Saro-Wiva), મેરી ટૅરેલ (Mary Terrel), ઍલિસ વૉકર (Alice Walker) વિ.ની શ્રેણીમાં મૂકી શકાય. અલબત્ત, ઉપરોક્ત સર્જકોની સરખામણીએ તુર્ગનેવ પૂર્ણ સમયના ઍક્ટિવિસ્ટ નહોતા, પરંતુ તે સમયના સામાજિક દૂષણો પૈકીનાં મુખ્ય દૂષણ ખેતગુલામી (serfdom)ને પોતાની કૃતિઓમાં વાચા આપી હતી. સાહિત્ય સર્જન માટે અનિવાર્ય એવી સાહિત્યિક કલ્પના અને કૌશલ્ય તો તુર્ગનેવમાં હતું જ; તેથી પણ વધુ સમકાલીન રશિયન ઉમરાવોના સામાજિક વ્યવસ્થાના ઢાંચામાં ખેતમજૂરોના શોષણ પ્રત્યે તુર્ગનેવ 'અસામાન્ય' રીતે સંવેદનશીલ હતા. તે એટલા માટે ખુદ તુર્ગનેવનો જન્મ ઉમરાવોના પરિવારમાં થયો હતો. વિદેશી સ્ત્રી શિક્ષિકા (governess)ના નિરીક્ષણમાં ઉછેર થવાને કારણે તુર્ગનેવ યુવાવસ્થામાં જ ફ્રેંચ, જર્મન અને અંગ્રેજી ભાષામાં મહારત પ્રાપ્ત કરી હતી. વળી, ચાર વર્ષની ઉંમરમાં જ માતા-પિતા સાથે જર્મની અને ફ્રાન્સની મુલાકાત લેવાનો અવસર મળ્યો હતો. જેના પરિણામ સ્વરૂપ આગળ જતાં તુર્ગનેવના લખાણોમાં રૂઢિચુસ્તતાનો અભાવ જોવા મળે છે; જે તેને સમકાલીન લેખકોથી નોખા પાડે છે. તુર્ગનેવના રૂઢિચુસ્ત રશિયામાં લેખકની ભૂમિકા એક સુધારક (reformist) તરીકેની પણ હોઈ શકે છે. તે ખૂબ જ નવીન અને સાથે-સાથે કેટલેક અંશે 'ખતરનાક' બાબત હતી.

ઉમરાવ કુટુંબમાં ઉછેર થવાના કારણે તુર્ગનેવના શિક્ષણમાં કોઈ જ બાધા નહતી. તેમણે યુનિવર્સિટી ઑફ મોસ્કો અને યુનિવર્સિટી ઑફ સેન્ટ પિટ્સબર્ગ ખાતે ૧૮૩૪થી ૧૮૩૭ દરમિયાન ક્લાસિક્સ, રશિયન સાહિત્ય અને ભાષાશાસ્ત્ર (philology)નો અભ્યાસ કર્યો હતો. જ્યારે ૧૮૩૮થી ૧૮૪૧ વચ્ચે તેઓ યુનિવર્સિટી ઑફ બર્લિનમાં રહ્યા હતા. જ્યાં તેમણે તત્ત્વજ્ઞાન અને

ઇતિહાસમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી આગળ નોંધ્યું એ પ્રમાણે જર્મનીમાં તેમના વસવાટને કારણે તેઓ સ્પષ્ટપણે માનતા હતા કે ખેતગુલામી રશિયન સામાજિક વ્યવસ્થામાં રહેલું એક મોટું કલંક છે. અને આ કલંક યુરોપીયન આદર્શોને તત્કાલીન રશિયન સામાજિક ઢાંચામાં અપનાવવામાં આવે તો જ દૂર થઈ શકે છે. દોસ્તોએવસ્કી અને ટૉલ્સ્ટૉયની તુલનામાં તુર્ગનેવ વધુ refined હતા. આથી જ તેમના લખાણમાં ધર્મ એક ચાલક બળ તરીકે જોવા નથી મળતું. આનાથી ઊલટું, સાહિત્યિક ગોષ્ઠીઓમાં તુર્ગનેવ એક અજ્ઞેયવાદી તરીકે વધુ પ્રચલિત હતા.

તુર્ગનેવને લેખક તરીકે પ્રસ્થાપિત કરવામાં A Sportsman's Sketchesનો સિંહફાળો રહેલો છે. પ્રસ્તુત કૃતિ ટૂંકી વાર્તાઓનો સંગ્રહ છે. જે એક સામાન્ય ખેત મજૂરની રોજબરોજની જિંદગી સાથે સંકળાયેલ છે. અલબત્ત, આ વાર્તાઓ લેખકે ગ્રામ્યજીવન અને પ્રકૃતિ સાથે વિતાવેલા સમયનો નિચોડ છે. અહીં એ નોંધવું રહ્યું કે આ કૃતિના પ્રકાશન પછી જ રશિયન સમાજ ખેતગુલામી પ્રથાના દૂષણોથી પરિચિત થયો એમ કહી શકાય. એની ફળશ્રુતિ સ્વરૂપ આ પ્રથાના વિરોધમાં જનમાનસમાં વિરોધનો સૂર ઊઠ્યો અને પુસ્તકના પ્રકાશનના નવ વર્ષે એટલે કે ૧૮૬૧માં આ દૂષણનો અંત પણ આવ્યો. તુર્ગનેવ પોતે પણ આ કૃતિને રશિયન સાહિત્યમાં પોતે આપેલા યોગદાન પૈકીનું શ્રેષ્ઠ યોગદાન માને છે.

આ પુસ્તક એક રીતે આત્મકથાનક પણ છે, કારણ કે જે પાત્રોની ચર્ચા એમાં વર્ણવવામાં આવી છે. તે પાત્રો તુર્ગનેવ માટે જીવંત ચરિત્રો હતા. તુર્ગનેવના પૂર્વજોને રશિયન સમ્રાટ ઝાર (Tsar) તરફથી લગભગ પંદરમી સદીમાં પચાસ હજાર એકર જમીન ભેટમાં મળી હતી. સ્પષ્ટ છે કે તુર્ગનેવના જન્મ પહેલાંથી જ તેઓ ગુલામો ઉપર રાજ કરતાં હતા. એક દસ્તાવેજ પ્રમાણે તુર્ગનેવના દાદીએ ખેતગુલામને સોટીથી માર મારતા તેનું મૃત્યુ નિપજ્યું હતું. બીજી બાજુ તુર્ગનેવની માતા પણ આ વિશાળ ઍસ્ટેટનું સંચાલન એકતરફી જોહુકમી અને હિંસાથી જ કરતાં હતા. તુર્ગનેવનું આ સ્પાસકોય ઍસ્ટેટ તત્કાલીન રશિયન ઉમરાવ સમાજનું લઘુ પ્રતિબિંબ હતું. A Sportsman's Sketchesના પ્રકાશન પહેલાં ખેતગુલામોની વાસ્તવિક પરિસ્થિતિથી રશિયન સમાજ અનભિજ્ઞ હતો. જે રીતે અમેરિકામાં અબ્રાહમ લિંકને ગુલામી પ્રથા નાબૂદ કરવાનું ભગીરથ કાર્ય હતું. તેવું જ કામ તુર્ગનેવનું પણ. ફરક એટલો હતો કે લિંકને ધારાસભામાં ખરડો પસાર કરાવ્યો, જ્યારે તુર્ગનેવે પોતાના લેખન દ્વારા લોહીનું એક પણ ટીપું પાડ્યા વગર ગુલામીને નાબૂદ કરાવડાવી. ખેતગુલામી નાબૂદ થતાં જ ઉમરાવોની આવક અને સત્તામાં અણધાર્યો કાપ આવ્યો. નવા કાયદા પ્રમાણે હવે મજૂરો માલિકોની સમકક્ષ હતા. છેલ્લા લગભગ ચારસો વર્ષ પછી ખેતમજૂરોને પોતાના વ્યક્તિત્વનો દાવો કરવાની આઝાદી હતી. આનું એક પરિણામ એ પણ આવ્યું કે ઉમરાવોને સૌ પ્રથમ વખત મજૂરોના વ્યક્તિ સ્વાતંત્ર્યથી પરિચિત થવું પડ્યું. બાકી તો આ મજૂરો નિર્જીવ વસ્તુઓ જ હતા ને ? ગુલામી પ્રથા નાબૂદ કરતાં ખરડાને મંજૂરી આપતી વખતે ઍલેક્ઝાંડર બીજાએ તુર્ગનેવની આ કૃતિના યોગદાનની સ્વીકૃતિ જાહેરમાં કરી હતી.

તુર્ગનેવના સાહિત્યમાં રશિયન અને યુરોપિયન સંસ્કૃતિ વચ્ચેના ઘર્ષણની વાત પણ ઊંડે-ઊંડે જોવા મળે છે. આ ઘર્ષણ કદાચ તુર્ગનેવના યુરોપ પ્રત્યેના ઝોકનું પરિણામ પણ હોય શકે છે. આથી જ તુર્ગનેવના વિચારો ભવિષ્યોન્મુખ હતા. તુર્ગનેવનું રશિયા બે ભિન્ન-ભિન્ન વિચારધારાઓમાં વહેંચાયેલું હતું. એક વિચારધારા નવીન યુરોપિયન રેશનાલિઝમને સમાજ વ્યવસ્થાનો ભાગ બનાવવા માટે તરફદારી કરતી હતી. જ્યારે બીજી વિચારધારા રૂઢિગત સામાજિક ઢાંચાને જાળવી રાખવા માગતી હતી.

એક તરફ જ્યાં A Sportsman's Sketchesના પ્રભાવ હેઠળ રશિયન સમાજમાં અભૂતપૂર્વ સુધારા થયા, તો બીજી તરફ દોસ્તોએવસ્કી જેવા સાહિત્યકારે તેને પ્રકૃતિ-વર્ણનના એક ઉત્કૃષ્ટ ઉદાહરણ તરીકે બિરદાવ્યું છે. તુર્ગનેવની ખાસિયત જ એ છે કે તે માનવ અને પ્રકૃતિ બંનેને માઇક્રોસ્કોપની આંખ વડે જૂએ છે. A Sportsman's Sketchesના પ્રકાશનના બે વર્ષ બાદ ૧૮૫૪માં પોતાના નિર્વાસન સમયમાં તુર્ગનેવે Mymy (Mumu) શીર્ષકથી ટૂંકી વાર્તા પ્રકાશિત કરી. આ વાર્તાનો 'નાયક' એક બહેરો અને મૂંગો ગેરાસિમ નામનો ખેતમજૂર છે. જેને પોતાના કૂતરા પ્રત્યે અનહદ લગાવ છે, પરંતુ એક મજૂર કૂતરો શી રીતે પાળી શકે ? છેવટે તે કૂતરાને પાણીમાં ડુબાડીને મારી નાખવાની ફરજ પાડવામાં આવે છે. A Sportsman's Sketchesની જેમ જ આ ટૂંકી વાર્તાએ રશિયન સમાજ ઉપરના જબરદસ્ત પ્રભાવ પાડ્યો. સમગ્ર વાર્તામાં ગેરાસિમ દિન-હિન ખેડૂતવર્ગના પ્રતિનિધિ તરીકે ઊભરી આવે છે. તુર્ગનેવના શબ્દોમાં :

Of all her servents, the most remarkable personage was the porter, Gerasim, a man full twelve inches over the normal height, of heroic build, and deaf and dumb from his birth... Endowed with extraordinary strength, he did the work of four men; work flew apace under his hands, and

it was a pleasant sight to see him when he was ploughing, while with his huge palms pressing hard upon the plough.

પોતાની કારકિર્દીના બીજા તબક્કામાં તુર્ગનેવે A Nest of the Gentry (૧૮૫૮) નવલકથામાં લિઝા નામથી સ્ત્રી પાત્રનું સર્જન કર્યું. જે આજે પણ ઉચ્ચ કોટિનું પાત્રાલેખન ગણાય છે. ૧૮૫૯માં લખાયેલી On the Eve નવલકથા બલ્ગેરિયન ક્રાંતિકારી ઇન્સારોવ ઉપર પ્રેરિત છે. સન ૧૮૬૨માં વિખ્યાત નવલકથા Father and Sonsના પ્રકાશન થકી તુર્ગનેવ સમગ્ર વિશ્વમાં ખ્યાતિ પામે છે. આ નવલકથાએ વિશ્વ સાહિત્યને 'નાસ્તિકતાવાદ' (Nihilism)ના સિદ્ધાંતની ભેટ આપી. શીર્ષક ઉપરથી જ ખ્યાલ આવી જાય છે કે આ કૃતિ બે તદ્દન જુદી-જુદી પેઢી વચ્ચેના સંઘર્ષની કથા છે. એક તરફ જૂની પેઢી છે જે નવીન સુધારાઓની સ્વીકૃતિ પ્રત્યે ઉદાસીન વલણ ધરાવે છે. જ્યારે નવી પેઢી તદ્દન નવા સિદ્ધાંત પર નવા સમાજનું નિર્માણ કરવા માટે તમામ પ્રચલિત રશિયાના પરાજયથી લઈને ખેતમજૂરોની ગુલામીનો અંત આણતા Emancipation Act સુધીના છ વર્ષના સમયગાળાનું ચિત્રણ આ નવલકથામાં અંકિત થયેલું છે. નવીન સમાજ વ્યવસ્થાના હિમાયતી તરીકે યુવાન નાયક બાઝારોવ (Bazarov)નું પાત્રાલેખન આજે પણ વાચકો માટે એટલું જ પ્રસ્તુત છે. અલબત્ત, આ નવલકથા રૂઢિચુસ્ત વાચકોનો પ્રતિસાદ મેળવવામાં નિષ્ફળ નીવડી. જેના પરિણામે હતાશ થઈ ગયેલા તુર્ગનેવે સ્વદેશ-ત્યાગનો નિર્ણય કર્યો. વિશ્વ સાહિત્યમાં તો આ પ્રકારની હતાશાનો સામનો કરવો પડ્યો હોય એવા અસંખ્ય સર્જકો છે. એક ઉદાહરણ તરીકે નોબલ પ્રાઇઝ વિજેતા રૂડયાર્ડ કિપ્લિંગ (Rudyard Kipling)ને એમ કહેવામાં આવ્યું હતું કે તેમણે અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરતાં જ આવડતું નથી. પ્રકાશકો કે વાચકોનો પ્રસંગોપાત્ત અણગમો મહાન સર્જકોના જીવનનો અનિવાર્ય અંગ છે એમ માનવું જ રહ્યું ને ! પોતાની ઉત્કૃષ્ટ કૃતિને મળેલા મોળા પ્રતિસાદે તુર્ગનેવની સાહિત્યિક ઊર્જાને નિષ્ક્રિય બનાવી દીધી. જેના પરિણામે તુર્ગનેવ પોતાના વાચકોથી દૂર ચાલ્યા ગયા.

લેખક તરીકે તુર્ગનેવ પોતાના સમકાલીન સાહિત્યકારો જેવા કે દોસ્તોએવસ્કી અને ટૉલ્સ્ટૉયથી તદ્દન નોખા હતા, પરંતુ લેખનની ગુણવત્તામાં જરીકે ઊણા નહોતા. આ બંને સાહિત્યકારો જે રીતે તેમના લખાણોમાં નૈતિક અને ધાર્મિક વિચારધારાને તેમની કૃતિઓમાં સમ્મિલિત કરતા હતા તેનો તુર્ગનેવને સખત વિરોધ હતો. મહદંશે તુર્ગનેવ Art for Art's sakeના હિમાયતી હતા. જેઓ સાહિત્ય સર્જનમાં કોઈ પણ પ્રકારની રૂઢિચુસ્તતાનો અનુચિત હસ્તક્ષેપ નાપસંદ કરતા હતા. ૩જી સપ્ટેમ્બર, ૧૮૮૩માં કરોડરજ્જુની ગાંઠના કેન્સરને કારણે પૅરિસમાં તેમનું અવસાન થયું.

પોતાના સુધારાવાદી લખાણોને કારણે તુર્ગનેવ જેટલા રશિયામાં લોકપ્રિય નહોતા તેથી વધુ યુરોપ અને અમેરિકામાં હતા. હેન્રી જેમ્સ (Henry James) અને જોસેફ કૉનરેડ (Joseph Conrad) જેવા સર્જકોએ તો તુર્ગનેવને દોસ્તોએવસ્કી અને ટૉલ્સ્ટૉયથી પણ વધુ મહાન લેખક તરીકે મૂલવે છે. જ્યારે રશિયન-અમેરિકન નવલકથાકાર વ્લાદિમીર નૅબકૉફ (Vladimir Nabokov) તુર્ગનેવને ઓગણીસમી સદીમા થઈ ગયેલા ચાર મહાન ગદ્ય લેખકો પૈકી એક માને છે. દોઢ સદી જેટલો સમય વીતવા છતાં પણ તુર્ગનેવની કૃતિઓ આજે પણ એક યા બીજી રીતે વાચકો, લેખકો અને ફિલ્મ નિર્માતાઓને આકર્ષિત કરે છે. ૧૯૩૭માં તેમની 'Betzin Lea' નામની ટૂંકી વાર્તા ઉપરથી સર્ગેઈ આઈસેનસ્ટેઈન (Sergei Eisenstein) Bezhin Meadow નામની ફિલ્મ બનાવી હતી. જ્યારે ૧૯૯૬માં Rudin નામની નવલકથાના આધારે એલિઝાબેથ ઍગ્લોફે (Elizabeth Egloff) 'The Lover'નામનું નાટક રચ્યું હતું. તુર્ગનેવની અન્ય એક નવલકથા Torrents of Spring પરથી જેર્ઝી સ્કોલીમોવસ્કી (Jerzy Skolimowski)એ બનાવેલી ફિલ્મે ૧૯૮૯માં Cannes Film Festival ખાતે Golden Palm Award જીત્યો હતો.

**Further Reading**


Turgenev, Ivan, *Fathers and Sons.* Penguin Classics, 2009.

—. *A Hunter's Sketches.* Trans. Constance Garmett. Wildside Press, 2003

—. *The Torrents of Spring.* Port Hole Books, 1996

—. *Rudin.* Oxford World Classics, 1992

—. *Virgin Soil.* World of Books, 2000

—. *A Desperate Character and Other Stories.* Books Express, 2004

Jones, Malcolm. *The Cambridge Companion to the Russian Novel.* Cambridge University Press, 1998.



- ડૉ. મનીષ વ્યાસ

મો. ૯૪૨૮૦૪૭૪૬૩

# ભવ્ય પ્રિન્સિપિયા *(Principia)*

**વિઠ્ઠલભાઈ અં. પટેલ**

**પ્રસ્તાવના :**

બ્રિટનમાં યુનિવર્સિટી ઑફ કેમ્બ્રિજ ઈ. સ. ૧૨૦૯માં સ્થપાયેલી, જ્યારે યુનિવર્સિટી ઑફ ઑક્સફર્ડે ઈ. સ. ૧૦૯૬માં ભણાવવાનું શરૂ કરેલું. બ્રિટનની આ બંને યુનિવર્સિટીઓ દુનિયાની પહેલી દશ યુનિવર્સિટીઓમાંની ગણાય. કોણ જાણે શાથી પણ વિજ્ઞાનમાં યુનિવર્સિટી ઑફ કેમ્બ્રિજ આગળ પડતી ગણાય અને તેના વિદ્યાર્થીઓમાં ન્યૂટન અને ડાર્વિન ખૂબ જ જાણીતા છે. આ બંને વિદ્યાર્થીઓને દુનિયા ભૂલી જઈ શકે તેમ નથી.

ન્યૂટનની જિંદગીની શરૂઆત જ રામભરોસે થયેલી., તેઓ ઇંગ્લૅન્ડ-વુલ્સથોર્પ (Woolstharpe)માં ઈ. સ. ૧૬૪૨માં નિયત સમય કરતાં વહેલાં જન્મેલા. એ જમાનામાં ન્યૂટનની જીવવાની ઘણી ઓછી શક્યા હતી. આ ઉપરાંત જન્મના થોડાક મહિના પહેલાં જ તેમના પિતાનું નિધન થયું હતું. તેમના પિતાનું નામ પણ આઈઝેક ન્યૂટન હતું. આઈઝેકની ખરી કરુણતા તો તે એ કે તેઓ ત્રણ વર્ષના હતા ત્યારે તેમની માતાએ તેમને તેમની દાદીની પાસે મૂકીને બીજાં લગ્ન કર્યાં હતાં. આખરે તે વિધવા બનતાં પાછાં આવ્યાં અને ન્યૂટનને ખેતીમાં જોડવા ખૂબ જ પ્રયત્ન કર્યો, પણ ન્યૂટનને ખેતીમાં કોઈ રસ ન હતો. આ બાબતે ન્યૂટનના મામા અને ન્યૂટનના જૂના શિક્ષક વચ્ચે પડ્યા. ન્યૂટનના મામા કેમ્બ્રિજમાં ભણેલા હોઈને, ન્યૂટનને કેમ્બ્રિજમાં ભણવા મોકલ્યો. કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં ૨૬ વર્ષની વયે ન્યૂટન લૂકેસિઅન અધ્યાપક બન્યા અને ઘણા બધા વિષયોમાં સંશોધન કર્યું. ન્યૂટને એક સરસ મજાનો ગ્રંથ પણ લખ્યો છે. આ પ્રોફેસર ન્યૂટન અને તેમના પુસ્તક વિશે વિદ્યાર્થીઓના મત જુદા પ્રકારના છે. એક દિવસ ન્યૂટન યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતા-ચાલતા જતા હતા ત્યારે એક વિદ્યાર્થીએ તેમને જોઈને તેમના મિત્રને કહ્યું, ''અરે, જુઓ, આ જઈ રહેલા પ્રોફેસરે એવું પુસ્તક લખ્યું છે કે જે ન તો તે કે બીજું કોઈ સમજી શકે.''

સૂર્ય અને તેની આસપાસ ભ્રમણ કરતા ગ્રહ વચ્ચેનું આકર્ષણ-બળ તેમના અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં છે તે ઘણા બધા માનતા થયેલા. આ આકર્ષણ -બળ ન્યૂટનના ગુરુત્વાકર્ષણના નિયમ તરીકે ઓળખાય છે અને તેને $F = G \frac{m_1 \times m_2}{r^2}$ થી દર્શાવવામાં આવે છે. અહીંયાં $m_1$- સૂર્યનું દ્રવ્ય, $m_2$- ગ્રહનું દ્રવ્ય, r સૂર્ય અને ગ્રહ વચ્ચેનું અને G અચળ છે. પૂંછડિયા તારા ઉપરના કામના કારણે પૂંછડિયો તારો 'હેલીનો તારો' તરીકે ઓળખાય છે. આ ખગોળશાસ્ત્રી અને ગણિતશાસ્ત્રી ડૉ. એડમોન્ડ હેલી (Edmond Halley), હૂકના નિયમથી જાણીતા બનેલા ભૌતિકશાસ્ત્રી રૉબર્ટ હૂક (Robert Hooke) અને મોટી આગમાં બળી ગયેલા લંડનને ફરીથી બાંધનાર ક્રિસ્ટોફર રેન (Christoper Wren) ત્રણે જણ આકર્ષણ-બળ અને ગ્રહની ભ્રમણ કક્ષાના આકાર વચ્ચેના સંબંધની ચર્ચા કરતા હતા. ત્રણે જણે 1684માં જાહેર કર્યું કે જે આકષણ-બળ અને ગ્રહની ભ્રમણ કક્ષાના આકાર વચ્ચેનો સંબંધ બતાવશે તેને 40 શિલિંગનું ઇનામ આપીશું. હૂક એવું માનતા હતા કે તેઓ આ સરળતાથી કરી શકશે પણ તેમણે કરી ન બતાવ્યું.

હેલી ઑગસ્ટ, 1684માં ન્યૂટનને મળવા કેમ્બ્રિજ ગયેલા. બંને વચ્ચે ઘણી વાતો થઈ. આખરે હેલીથી પૂછ્યા વગર ન રહેવાયું. જો ગ્રહ સૂર્યની આસપાસ પરિભ્રમણ કરતો હોય અને બંને વચ્ચેનું આકર્ષણ-બળ અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં હોય તો ગ્રહની ભ્રમણકક્ષાનો આકાર તમારી દૃષ્ટિએ કેવો હોય ? ન્યૂટને તુરત જ જવાબ આપ્યો કે તે ભ્રમણકક્ષ ઉપવલયી

(elliptic) છે. હેલી જવાબથી અચંબો પામ્યા અને આનંદિત થયા અને પૂછ્યું કે તમે કઈ રીતે જાણો ? ન્યૂટને જણાવ્યું કે તેમણે આ ગણી બતાવ્યું છે. હેલીએ કુતૂહલતાથી આ કામ જોવાની ખૂબ જ ઇંતેજારી બતાવી. ન્યૂટને તેમનાં ઘણાં કામોમાં આ કામ શોધવાનો ખૂબ પ્રયત્ન કર્યો, પણ આ કામ આ બધાં કામોમાંથી શોધી ન શક્યા અને ન્યૂટને ખેદ સાથે જણાવ્યું કે ફરીથી બધું ગણીને તમને મોકલી આપશે.


ન્યૂટને આપેલા વચન પ્રમાણે ફરીથી બધું ગણવા મંડ્યા, પણ જે ભ્રમણકક્ષા ઉપવલયી આવવી જોઈએ તે આવતી ન હતી. આથી બીજી રીતથી ગણ્યું અને ભ્રમણકક્ષા ઉપવલયી મળી. તેમણે ફરીથી પહેલી રીતે પણ ગણ્યું અને આખરે ભ્રમણકક્ષા તે રીતે પણ ઉપવલયી મળી. નવેમ્બર, 1684માં ફરીથી ગણેલી સાબિતી ન્યૂટને ડૉ. એડવર્ડ પેગેટ (Edward Pagat)ની સાથે હેલીને મોકલી આપી. હેલીએ આ બધા કામમાં અસાધારણ સર્જનાત્મક કલ્પનાશક્તિ જોઈને તુરત જ નવેમ્બર માસમાં ન્યૂટનને મળવા ગયા અને આ બધાં પરિણામો પ્રસિદ્ધ કરવા માટે ન્યૂટનને સમજાવી શકાય.

આ નોંધ જે 'De motu Corporum in gyrum (On the motion of bodies in an orbit)' તરીકે ઓળખાય છે, તેમાં ત્રણ વ્યાખ્યાઓ, ચાર અનુમાનો (hypotheses), બે પૂર્વ પ્રમેયો (Lemmas) અને 11 વિધાનો (Propositions) છે અને જેમાં વર્ગના વ્યસ્તનો કાયદો અને ઉપવલયી (elliptic) ભ્રમણકક્ષા જોડાયેલી છે તે બતાવ્યું છે.

ન્યૂટને તેમનાં ખગોળશાસ્ત્ર અને ગતિવિજ્ઞાનનાં સંશોધનનાં પરિણામો કોઈએ ન કહી હોય તેવી સતત અને સખત મહેનત કરીને, 'Philosophiae Naturalis Principia Mathematica (Mathematical Principles of Natural Sciences)'માં આપ્યાં. આ પુસ્તક લૅટિન ભાષામાં છે. આ પુસ્તકને લૅટિન ભાષામાં ટૂંકમાં 'Principia (Fundamental Principles)' તરીકે ઓખવામાં આવે છે. ન્યૂટને તેમના શરીરની જરાયે કાળજી રાખ્યા વગર લખ્યું. તેમના શરીરને ખાવાનું અને ઊંઘવાનું જોઈએ તે પણ ભૂલી ગયા. પ્લેગના વર્ષોમાં જે તેમનો જુસ્સો હતો, તે જુસ્સો આ પુસ્તક લખવામાં હતો. ઊભા-ઊભા રૂમમાં જ થોડુંક ખાતા. ઊભા-ઊભા તેમના મેજ ઉપર લખતા. જો એ બહાર જવાની હિંમત કરતા તો એવું લાગતું કે તે ખોવાઈ ગયા છે. અસ્થિર હોય તે રીતે ચાલતા. કોઈ પણ કારણ વગર ઊભા રહેતા અને તેમની રૂમમાં પણ પાછા આવી જતા. તેમની આસપાસ હસ્તલિખિત પોથીનાં હજારો પાનાં પડેલાં અને એમાંયે ઘણાંયે ચાર દાયકા પહેલાંનાં અને તારીખ વગરનાં પણ ખરાં. તેમણે કોઈ દિવસ આ રીતે લખેલું ન હતું. એક જ આશાથી લખતા : કોઈ દિવસ એક-એક શબ્દ કોઈ વાંચશે. કલાકોના કલાકો ખાવાની કે ઊંઘવાની પરવા કર્યા સિવાય ઉચ્ચ કોટિનો ગ્રંથ લખ્યા કરીને Book I એપ્રિલ, 1686માં હેલીને મોકલી આપી. હેલીએ રૉયલ સોસાયટીને જણાવ્યું કે ન્યૂટનનું પુસ્તક I મળ્યું છે અને મે, 1686ના રોજ આ પુસ્તક છપાવવાનો નિર્ણય લેવામાં આવ્યો અને હેલીને આ છપાવવાનું કામ સોંપવામાં આવ્યું. ઘણીબધી મુશ્કેલીઓ આવી પણ હેલીએ માર્ચ 6, 1687ના રોજ Book II ન્યૂટન જોડેથી મેળવીને એપ્રિલ 4, 1687ના રોજ Book III ન્યૂટન જોડેથી મેળવીને જુલાઈ 1687માં ન્યૂટનને લખ્યું કે, ''આખરે તમારાં પુસ્તકનો અંત આવ્યો. (At last brought your book to an end)'' હેલીનું ભારે કામ તો ન્યૂટન પાસે લખાવવાનું હતું. રૉયલ સોસાયટી પાસે આ પુસ્તક છપાવવાના પૈસા ન હોઈને હેલીને બધું ખર્ચ આપવું પડ્યું. હેલીને આપણે તેમના પૂંછડિયા તારાના કામના કારણે ઓળખીએ છીએ, પણ બહુ ઓછા લોકોને વિજ્ઞાનનું ખૂબ જ અગત્યનું પુસ્તક છપાવીને પ્રસિદ્ધ કરવાના હેલીના અમૂલ્ય કામની ખબર હશે.

આખરે 1687માં ન્યૂટનનું લૅટિન ભાષામાં લખાયેલું પુસ્તક, ''Philosophiae Naturalisis Principia Mathematica'' પ્રસિદ્ધ થયું. આ ઐતિહાસિક પ્રસંગ હોઈને આ પુસ્તકનું પહેલું પાનું આકૃતિ-1માં આપ્યું છે.

પહેલી 400 પ્રતો છાપવામાં આવેલી અને નવ શિલિંગ તે સમયે તેની કિંમત હતી. હેલીએ ન્યૂટનને જુલાઈ 5, 1687ના રોજ 40 પુસ્તકો કેમ્બ્રિજ મોકલી આપેલાં. બીજી આવૃત્તિ (લૅટિનમાં) જુલાઈ 1713 અને



PHILOSOPHIÆ
NATURALIS
PRINCIPIA
MATHEMATICA

Autore *J S. NEWTON*, *Trin. Coll. Cantab. Soc.* Matheseos Professore *Lucasiano*, & Societatis Regalis Sodali.

IMPRIMATUR
S. PEPYS, *Reg. Soc.* PRÆSES.
*Julii* 5. 1686.

*LONDINI*,
Jussu *Societatis Regiæ* ac Typis *Josephi Streater*. Prostat apud plures Bibliopolas. *Anno* MDCLXXXVII.

**આકૃતિ-૧**

ત્રીજી આવૃત્તિ ન્યૂટનના અવસાન (20 માર્ચ, 1727) પહેલાં માર્ચ 1726માં બહાર પડેલી. આ પુસ્તકનું અંગ્રેજી ભાષાંતર એન્ડ્રુ મોટ (Andrew Motte)એ કરેલું અને તે 1729માં પ્રસિદ્ધ થયું. મોટના 1729ના ભાષાંતરને 1803માં લંડનમાં ફરીથી છાપવામાં આવેલું. ફ્લોરિઅન કેજોરિએ (Florian Cajori) મોટના ભાષાંતરને ફેર તપાસીને 1934માં યુનિવર્સિટી ઑફ કેલિફોર્નિયા પ્રેસે, ''પ્રિન્સિપિયા''નું સુંદર અંગ્રેજી ભાષાંતર પ્રસિદ્ધ કરેલું. આ આવૃત્તિ અડધા ચામડાના બાઇન્ડિંગવાળી, મોટા અક્ષરો અને મનોહર અક્ષરોવાળી હતી. ચાઇનીઝ, ડચ, અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન, ઇટાલિયન, જાપાનીઝ, મોંગોલિયન, પોર્ટુગીઝ, રોમાનીઅન, રશિયન અને સ્વિડિશ ભાષાઓમાં ''પ્રિન્સિપિયા''નું ભાષાંતર થયું છે.

સુબ્રમણ્યમ્ ચંદ્રશેખરે (Subrahmanyan Chandrasekhar) અંગ્રેજીમાં 'Newton's Principia for the Common Reader' 1995માં પ્રસિદ્ધ કર્યું.

આઈ. બર્નાર્ડ કૉહેન (I. Bernard Cohen) અને એને વ્હાઇટમેન (Ann Whitemann)નું 'Principia'નું અંગ્રેજીમાં ભાષાંતર 1999માં યુનિવર્સિટી ઑફ કેલિફોર્નિયા પ્રેસે પ્રસિદ્ધ કર્યું. સાથે-સાથે બર્નાર્ડ કોહનની 'A Guide to Newton's Principia' પણ 1999માં યુનિવર્સિટી ઑફ કેલિફોર્નિયા પ્રેસે પણ પ્રસિદ્ધ કરી છે.

કોલિન પાસ્કનું (Colin Pask)નું 'મૅગ્નિફિસન્ટ પ્રિન્સિપિયા' પણ 2019માં પ્રોમીથીઅસ બુક્સે પ્રસિદ્ધ કર્યું છે.

લૅટિન ભાષામાં લખાયેલા 'Principia'ની પ્રથમ આવૃત્તિની નકલો અમેરિકાની અને બ્રિટનની ઘણી જૂની યુનિવર્સિટીઓની લાઇબ્રેરીઓમાં ખૂબ જ સારી રીતે સાચવીને રાખેલી છે. અરે! 2016માં આ પુસ્તક 37 લાખ ડૉલરમાં હરાજીમાં વેચાયેલું.

લગભગ નવેમ્બર 1684માં બીજી વખત હેલી ન્યૂટનને પુસ્તક લખવા માટે સમજાવવા કેમ્બ્રિજ ગયેલા અને એપ્રિલ 1686માં Book-I ન્યૂટને રૉયલ સોસાયટીને આપી તે સમય ગણતાં Book-I લખવાનો સમય દોઢેક વર્ષ ગણાય. Book-III હેલીને એપ્રિલ 4, 1687માં મળ્યું. આથી, Book-I, Book-II અને Book-III લખવાનો કુલ સમય અઢી વર્ષ ગણાય. ન્યૂટને 1684થી 1687ના સમય દરમિયાન નવ પાનાનો De Motu Corporum in gyrum (on the motion of bodies in an orbit) લેખ હેલીને મોકલી આપેલો. તેને ન્યૂટને 460 પાનાના ગ્રંથ 'Principia'માં ફેરવ્યો. એક વખતે નવ પાનાંનો લેખ લખવાનો શરૂ કર્યા પછી તેમની પાસે નવું-નવું શોધવાના જુસ્સાના કારણે 'પ્રિન્સિપિયા' જન્મ્યું.

**પ્રિન્સિપિયાની રચના**

પ્રિન્સિપિયાની શરૂઆત જ વ્યાખ્યાઓથી થાય છે, જાણે કે સૌથી પહેલી પ્રસ્તાવના તો ખરી. પાયાના માળખામાં પ્રસ્તાવના, વ્યાખ્યાઓ, સ્વીકૃતિ સિદ્ધાંતો અથવા ગતિના નિયમો અને ગ્રંથો I, II, III.

આકૃતિ-2માં બતાવ્યા પ્રમાણે ત્રણે ગ્રંથોને જુદા-જુદા વિભાગોમાં વહેંચ્યા છે. દરેક વિભાગનું વર્ણન કરતું શીર્ષક પણ આપેલું છે. દરેક વિભાગમાં મુખ્ય પરિણામો સાધ્યો (Propositions) કહેવાય છે. આ પરિણામોની સાબિતીમાંથી ઘણી વખત સરળતાથી અન્ય પરિણામો જેને આપણે ઉપપ્રમેયો (Corollaries) તરીકે ઓળખીએ છીએ.

જુદા-જુદા પ્રકારનાં બળો અને આ બળો જુદી-જુદી જાતની ગતિ પેદા કરે છે. તેનો અભ્યાસ એ જ

પ્રિન્સિપિયાનો મુખ્ય ધ્યેય છે. આ બધાની વિશ્વના તારાઓ અને ગ્રહો ઉપર અસર ત્રીજા પુસ્તકમાં વિસ્તારથી આપી છે. આ અભ્યાસને એક સદી પછી લાપ્લાસ "Celestial Mechanics (ખગોળીય યંત્રશાસ્ત્ર)" તરીકે ઓળખતા.

THE AUTHOR'S PREFACE
DEFINITIONS
AXIOMS, OR LAWS OF MOTION

BOOK I. OF THE MOTION OF BODIES
SECTION
I. *Of the method of first and last ratios, by the help whereof we demonstrate the propositions tha follow*
II. *Of the invention of centripetal forces*
III. *Of the motion of bodies in eccentric conic sections*
IV. *Of the finding of elliptic, parabolic and hyperbolic orbits, from the focus given*
V. *How the orbits are to be found when neither focus is given*
VI. *How the motions are to be found in given orbits*
VII. *Concerning the rectilinear ascent and descent of bodies*
VIII. *Of the invention of orbits wherin bodies will revolve, being acted upon by any sort of centripetal force*
IX. *Of the motion of bodies in moveable orbits; and of the motion of the apsides*
X. *Of the motion of bodies in given superficies, and of the reciprocal motion of funependulous bodies*
XI. *Of the motion of bodies to each other with centripetal forces*
XII. *Of the attractive forces of spherical bodies*
XIII. *Of the attractive forces of bodies which are not of a spherical figure*
XIV. *Of the motion of very small bodies when agitated by centripetal forces tending to the several parts of any very great body*

BOOK II. OF THE MOTION OF BODIES (continued)
SECTION
I. *Of the motion of bodies that are resisted in the ratio of velocity*
II. *Of the motion of bodies that are resisted in the duplicate ratio of their velocities*
III. *Of the motion of bodies that are resisted partly in the ratio of the velocities, and partly in the duplicate of the same ratio*
IV. *Of the circular motion of bodies in resisting mediums*
V. *Of the density and compression of fluids; and of hydrostatics*
VI. *Of the motion and resistance of funependulous bodies*
VII. *Of the motion of fluids and the resistance made to projected bodies*
VIII. *Of the motion propagated through fluids*
IX. *Of the circular motion of fluids*

BOOK III. THE SYSTEM OF THE WORLD

RULES OF REASONING IN PHILOSOPHY
PHENOMENA, OR APPEARANCES
PROPOSITIONS
OF THE MOTION OF THE MOON'S NODES
GENERAL SCHOLIUM

**આકૃતિ-૨**

યોગ્ય પ્રમેયોના જૂથ ઉપર વાચકને સમજવામાં ઉપયોગી થાય તેવું વિવરણ (Scholium) આપેલું છે. જે ખૂબ જ મદદરૂપ છે.

કોઈ પણ જાતના પ્રતિકાર વગરના વાતાવરણમાં ગતિનો અને બળોનો અભ્યાસ ન્યૂટને પ્રિન્સિપિયાના પ્રથમ પુસ્તકમાં કર્યો છે.

બીજા પુસ્તકમાં પ્રતિકાર કરનારા વાતાવરણમાં ગતિનો અને બળોનો અભ્યાસ, ઘડિયાળનું લોલક (Pendulum), તરંગ ગતિ (Wave Motion) અને વમળોનો અભ્યાસ મળશે.

(1) હાલના ગતિશાસ્ત્રનાં પુસ્તકો સંજ્ઞાઓ (Symbols), બીજગણિત અને સમીકરણોથી ભરપૂર હોય છે તે તમને પ્રિન્સિપિયામાં જોવા મળશે નહિ. આના બદલે બે હજાર પૂર્વે યુક્લિડે ભૂમિતિ લખેલી જેમાં વ્યાખ્યાઓ, ધારણાઓ અને પ્રમેયો હોય છે તે જ રીતે ન્યૂટને પ્રિન્સિપિયા લખ્યું છે.

## પ્રિન્સિપિયાની લાક્ષણિકતા (Style)

આ પુસ્તક ગણિત વાપરીને લખાયેલું પુસ્તક છે. હાલના ગતિશાસ્ત્રના પુસ્તકમાં સંજ્ઞાઓ (Notations) જેવાં કે વિકલન, સંકલન વગેરે, બીજગણિત અને સમીકરણો છે તે પ્રિન્સિપિયામાં નથી. બે હજાર વર્ષ પૂર્વેની યુક્લિડની ભૂમિતિની રીતે લખાયેલું આ પુસ્તક છે. વ્યાખ્યાઓ, પૂર્વ ધારણાઓ, પ્રમેયો અને પ્રમેયોની ભૂમિતિ વાપરીને આપેલી સાબિતિઓ છે.

ન્યૂટનનું બાવા આદમના સમયનું ગણિત વાપરીને લખાયેલું પુસ્તક હાલના વાચકો માટે કઠિન પરિશ્રમવાળું છે. ન્યૂટનના સમયમાં પણ તે સમયના લોકો માટે આ પુસ્તક વાંચવાનું અકળામણવાળું હતું, આથી બહુ જ ઓછા લોકોએ આખું પ્રિન્સિપિયા વાંચ્યું હોય. તે સમયે પણ પ્રિન્સિપિયા ન વાંચી શકાય તેવો ગ્રંથ છે તેવી ખ્યાતિ પ્રિન્સિપિયા ગ્રંથની છે. તે કરતાં વધારે ઝડપથી ફેલાયેલી. અરે ન્યૂટન જ્યારે કોઈ વિદ્યાર્થી પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તે વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થીને કહેલું, "અરે જુઓ, આ જઈ રહેલા પ્રોફેસરે એવું પુસ્તક લખ્યું છે કે જે ન તો તે કે કોઈ બીજું સમજી શકે."

આ બધું છતાંયે આપણે એટલું યાદ રાખવું જરૂરી છે કે આ પુસ્તક ત્રણસો વર્ષ પહેલાં ટૂંકા સમયમાં લખાયેલું પુસ્તક છે અને તેમાં આપેલાં પ્રમેયો, ઉપપ્રમેયો તે સમયે તદ્દન નવાં જ હતાં અને પહેલી વખત જ પ્રજા સમક્ષ મૂકવામાં આવેલાં હતાં.

## મુખ્ય સિદ્ધિઓ

ન્યૂટનના પહેલાં બળનો વિચાર કર્યા વગરનું ગતિશાસ્ત્ર હતું. કેપ્લરના નિયમો ગ્રહોની ગતિના જ છે. શાથી ગ્રહોની ગતિ તે પ્રમાણે છે તેનો જવાબ તે સમયે ન હતો. ગેલિલિયોએ અદ્ધર ફેંકેલો પથ્થર ($90^0$ અંશથી ઓછો ખૂણો ધરતી સાથે બનાવતો હોય) પરવલયના માર્ગે મુસાફરી કરે છે. શા માટે ? ન્યૂટને ગતિશાસ્ત્રમાં બળ દાખલ કર્યું અને ગતિમાં પહેલાં પદાર્થો તેમને લગતા બળોથી શું કરશે તેના નિયમો બનાવ્યા. આટલેથી જ ન્યૂટન અટક્યા હોત તો પણ તે મોટા વૈજ્ઞાનિક ગણાતા હોત. ન્યૂટનની આ રીતથી આપેલા બિંદુએ શું બને છે તે મળે છે અને હાલની ગતિ અને તે પદાર્થ ઉપર લાગતા બળોથી તુરત જ શું બનશે તે બતાવે છે. ગણિતની

ભાષામાં કહીએ તો ન્યૂટને વિકલનમાં નિયમો આપ્યા જેનું સંકલન મેળવીને ગતિની પૂરેપૂરી માહિતી મેળવી શકીએ. ન્યૂટને ઘણાં બધાં બળો અને શરતો માટે આ રીત કામ કરે છે તે બતાવ્યું.

ગુરુત્વાકર્ષણની અસર વર્ણવા માટે ન્યૂટને કેન્દ્રીય બળ દાખલ કર્યું $F = \frac{m_1 \times m_2}{r^2}$ થી અને કેપ્લરના નિયમો તેમાંથી મેળવ્યા. પૃથ્વી ઉપરના પદાર્થો જેવાં કે લોલકો (pendulums) અને ગેલિલિયોના ફેંકી શકાય તેવા ગોળાઓની ગતિ વિશ્વમાં આવેલા ગ્રહો અને પૂંછડિયા તારાની ગતિ જોડે જોડાયેલી છે તે બતાવવાનું મહત્ત્વપૂર્ણ પગલું ન્યૂટને ભરી બતાવ્યું.

આ લેખ નીચેનાં પુસ્તકોના આધારે લખાયો છે.

(1) Motte, Andrew. Translations of the Principia, English Version, 1729
(2) Cajori, Florian. Newton's Principia : Motte's Translation Ravised. Berkaley : University of California Press, 1934
(3) Cohen, I. Barnard and Whitman, Ann. The Principia. Translation. Berkely, University of California Press, 1999
(4) Cohen, I. Bernard. A Guide to Newton's Principia. Berkeley, University of California Press, 1999
(5) Chandrasekhar S. Newton's Principia for the Common Reader. Oxford Clarendon Press, 1995
(6) Colin, Pask. Magnificient Principia, Prometheus Books, New York, 2019

**વિઠ્ઠલભાઈ અં. પટેલ**
'સ્વરાજ', ઉવારસદ રોડ, નરસિંહજીના મંદિર પાસે
મુ. પો. શેરથા, તા. જિ. ગાંધીનગર
મો. ૯૪૨૮૦ ૧૯૦૪૨

---

**પૃષ્ઠ ૩૦નું અનુસંધાન**

**Winter Visitor : Raptors :** Common Kestrel, Peregrine Falcon, Barbary Falcon, Black eared kite, Osprey, Pallid Harrler, Long-Legged Buzzard, Greater Spotted Eagle, Steppe Eagle, Golden Eagle and Amur Falcon.

**Winter Visitor :** Duck Species, Sand Piper Species, Raptor Species

**Duck :** Greylag Goose, Barheaded Goose, Ruddy Shelduck, Gadwall, Eurasian Wigeon, Northern Shoveler, Northern Pintail, Common Teal, Common Pochard, Tufted Duck.

**Sand Pipers :** Wood Sandpiper, Spotted Sandpiper, Spotted Redshank, Black tailed godwit, Ruff, White, Wagtail, Yellow Wagtail.

## સંદર્ભગ્રંથો :

1. ભારતનાં પક્ષીઓ : સલિમ અલી કૃત (13મી આવૃત્તિ, અનુવાદક - અશોક કોઠારી, BNHS, મુંબઈ - 2019
2. પ્રકૃતિ અને પ્રાણીજગત - લે. નગેન્દ્ર વિજય. સંપાદન હર્ષ પુષ્કર્ણા, યુરેનસ બુક, અમદાવાદ, બીજી આવૃત્તિ-2007
3. Animal behaviour by Dr. M. M. Ranga. 2nd edi. Agrobios (India Publication-2005)
4. Animal behaviour by Reena Mathur. 3rd edi. Rastogi publications, Meerut, 2005.
5. Animal behaviour by Harjindra Singh. 3rd edi. Pub. Anmol. Publications, New Delhi, 2003.
6. Animal behaviour by Dr. P. Natarajan and Dr. N. Arumugani. Saras Publication, Nager coil.

# યાયાવર પક્ષીઓ

**પ્રિ. (ડૉ.) એમ. આઈ. પટેલ**

(નોંધ : પ્રસ્તુત લેખના લેખક પ્રિ. ડૉ. એમ. આઈ. પટેલ હવે આપણી વચ્ચે રહ્યા નથી. હાર્ટ એટેકના કારણે વિસનગરમાં તા. ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ તેમનું અવસાન થયું. તેમનું વતન હાજીપુર, તા. ઊંઝા છે. તેઓશ્રી વિસનગરની એમ. એન. કૉલેજના પ્રિન્સિપાલપદેથી સેવાનિવૃત્ત થયા હતા. આ પૂર્વે તેમણે આર. આર. લાલન કૉલેજ, ભુજમાં પણ પ્રિન્સિપાલ તરીકે સેવાઓ આપી હતી. તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણની કારોબારી, એકેડેમિક કાઉન્સિલ, બૉર્ડ ઑફ સ્ટડીઝ વગેરેના સભ્ય તથા સાયન્સ ફેકલ્ટીના ડીન તરીકે સેવાઓ આપી હતી. તેમના અધ્યયન – અધ્યાપનનો વિષય પ્રાણીશાસ્ત્ર અને આ પૈકી પક્ષીઓ વિશે તેમનો વિશદ અભ્યાસ રહ્યો હતો. 'Bombay Natural History Society'નું આજીવન સભ્યપદ ધરાવવાની સાથે સક્રિય રીતે સંકળાયેલા રહ્યા હતા. પ્રાણીશાસ્ત્ર ઉપરાંત ગાંધી સાહિત્ય, હિંદુધર્મ – દર્શન, વ્યક્તિત્વવિકાસ, જાહેરજીવન વગેરેના પ્રબુદ્ધતા અને વક્તા તરીકે ખ્યાતિપ્રાપ્ત હતા. તેમના અભ્યાસુ વ્યક્તિત્વ સંબંધી ખાસ નોંધપાત્ર બાબત એ છે કે તેમણે શ્રી નારાયણ દેસાઈના પગલે 'ગાંધીકથા'નું ગાન વિસનગર રોટલી ક્લબના ઉપક્રમે કેટલાક હપ્તાઓમાં કર્યું હતું. જેને સારો આવકાર સાંપડ્યો હતો. આ ઉપરાંત આપણે જાણીએ છીએ તેમ તેઓશ્રી વિજ્ઞાનના વિદ્યાર્થી, પરંતુ ભાષાશુદ્ધિના ખાસ આગ્રહી બની રહ્યા હતા. આ વૃત્તપત્રમાં તેમણે જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૨૦ના અંકથી પક્ષીજીવન વિશેની લેખમાળા પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવાના કૃતસંકલ્પ સાથે શરૂ કરી હતી. વાચકો તરફથી ભારે ઉત્સાહજનક પ્રતિસાદ પણ સાંપડી રહ્યો હતો, પરંતુ અચાનક જ કુદરતે તેમની લીલા સંકેલી લીધી. ઈશ્વર સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી સર્વ વિદ્યાલય પરિવારની પ્રાર્થના – **સંપાદક** )

પક્ષીઓમાં માળો બાંધવાની, સંવનનની, પિતૃસંભાળ અને સંદેશાવ્યવહારની મનોવૃત્તિની જેમ સ્થળાંતરણ કરવાની વર્તણૂક વિસ્મયકારક છે. પક્ષીઓ શા માટે સ્થળાંતરણ (Migration) કરે છે? કેવી તૈયારી કરે છે ? પ્રવાસરૂટ કઈ રીતે જાણે છે ? દિશાસૂચન માટે કોની મદદ લે છે ? આવા અનેક પ્રશ્નો પ્રકૃતિ વિશે અને પક્ષીવિદ્દો માટે હજુ સુધી યક્ષ પ્રશ્નો જ રહ્યા છે. પ્રયોગ દ્વારા કેટલાક અભિપ્રાયો અપાયા પણ છે. એકસાથે ચાલીસ હજાર કિલોમીટરનો પ્રવાસ ખેડવો, આવતી મુશ્કેલીઓનો સામનો કરવો અને તેમ છતાં નિર્ધારિત સમયે અને સ્થળે પહોંચી જવું ! એ જ વિસ્મયકારક બાબતો છે. કેટલાંક પક્ષીઓ માટે આવો પ્રવાસ પ્રથમ વાર હોય છે.

ઉપરોક્ત બાબતોને પરોક્ષ રીતે કેન્દ્રમાં રાખી મારી ટીમે ૧૯૯૫થી ૨૦૧૦ સુધી પક્ષીઓની જાતિઓ ઓળખવાનો, તેમની જાતિ પ્રમાણે સંખ્યાની વર્ષ દરમિયાન વધ-ઘટ જોવાનો અભ્યાસ આનર્ત પ્રદેશમાં પ્રથમ વાર હાથ ધરેલો. ખૂબ જ સારાં પરિણામો પ્રાપ્ત થયેલાં. પ્રથમ વખતે જળપ્લાવિત (wetland) પક્ષીઓનો અભ્યાસ ૧૯૯૫-૧૯૯૯ દરમિયાન કરેલો. નિરીક્ષણ દરમિયાન વિસનગરના વિસ્તારમાં તળાવકાંઠે વસતાં પક્ષીઓની સો ઉપર જાતિઓ જોવા મળેલી. હાલમાં આ સંખ્યામાં ઘટાડો છે! નિરીક્ષણ દરમિયાન પક્ષી વસતિનું પ્રમાણ જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં મહત્તમ દર વર્ષે રહેતું, તે પછી માર્ચના અંતથી સંખ્યામાં ઘટાડો સ્પષ્ટ જણાતો. અહીં તે પાછળનું સ્પષ્ટ કારણ અહીં પણ શિયાળો ગાળવા આવતાં પક્ષીઓનું આવાગમન જવાબદાર હતું. આવું જ થોળ પક્ષી અભયારણ્ય, બાલારામ-અંબાજી અભયારણ્યના પરીક્ષણમાં પણ જણાયેલું. શહેરી નિવસનતંત્ર (urban ecosystem)માં પણ આવો જ ફેરફાર હતો. આથી સ્પષ્ટ કહી શક્યા હતા કે સ્થળાંતરણ, ખોરાક પ્રાપ્તિ, પ્રજનન, રક્ષણ જેવાં

પરિબળો વસતી ઉપર સીધી કે પરોક્ષ અસર કરે છે. સ્થળાંતરણને ઊંડાણથી સમજીએ.

સ્થળાંતર અર્થાત્ migration (L. migrare - to go from one place to another) તેની વ્યાખ્યા આ પ્રમાણે છેઃ 'Any cyclical movement with respect to food and weather that occurs during the life history of an animal at definite intervals, and always includes a return trip from when it began is migration અર્થાત્ 'પ્રાણીજીવનના ઇતિહાસમાં ખોરાક અને હવામાનની ચોક્કસ અસરો તળે સક્રિય સ્થાનફેર પ્રાણીઓ કરે છે, પરંતુ પ્રવાસ પૂરો કરી માદરે વતન પાછા આવવાની શરત હોય છે. આ ઘટનાને સ્થળાંતરણ કહે છે.' તીડનો પ્રવાસ સ્થળાંતરણ નથી.

ભારતમાં આવતાં તેમજ ભારતમાં જ અંદરોઅંદર આવન-જાવન કરતાં પક્ષીઓનો અભ્યાસ લાંબા દાયકાઓથી 'બૉમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી,' મુંબઈ કરે છે ( મને BNHSના આજીવન સભ્ય બનવાની તક સાંપડી છે). સલિમ અલીએ તેમનું સમગ્ર જીવન પક્ષી નિરીક્ષણ અને અભ્યાસમાં વિતાવ્યું હતું. ડૉ. જે. સી. ડેનિયલનો પણ ઊંડો અભ્યાસ રહ્યો છે. 'ભારતનાં પક્ષીઓ' નામક પુસ્તક પક્ષીવિદ્દો માટેની ગીતા છે. અનુવાદ ડૉ. અશોક એસ. કોઠારીએ કર્યો છે. ફિલ્ડ સ્ટડી માટે અદ્‌ભુત પુસ્તક છે. ગુજરાત સમાચાર ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૦ જણાવે છે કે આ વર્ષે સુરખાબ(ફ્લેમિંગો) કચ્છના રણમાં મહેમાન બની ગયાં છે.

ભારતનો શિયાળો પરદેશી પંખીડાંને ખૂબ માફક રહે છે. જેથી નીચે આપેલ યાદીમાં નિર્દેશિત યાયાવરણ પક્ષીઓ અહીં ચોક્કસ મુલાકાત લે છે. નળ સરોવર કાંઠે એક વખત મુલાકાત લેવા જેવી છે. વધુમાં ભરતપુર કેવલાદેવ રા.ઉ.ની મુલાકાત તો ખરી! આ વર્ષે સુરખાબે કુડા, લોદાણી, શિરાની વાંઢ રણમાં નવી વસાહત ઊભી કરી છે. અહીં પહેલો જ પડાવ છે.

રાજહંસ (Goose), નીલ શિર, શાહ ઝૂમસ, મોટી બટેર (comman Quil), સાઇબેરિયન ક્રેન, બારણ હિટોડી (Grey plover), તુતવારી (Sand piper), વન ગારાખોદ, નાનો ગારાખોદ (Tack snipe), ભૂરા માથાનો ધોમડો (Guil), શાહી બટાવડાં (Sand grouse), નીલપૂંછ પતરંગો (Bee-eater), ભેખડ અભાબીલ, દેરાસરી અબાબીલ, સોનેરી પીળક, વૈયુ (Rosy starling), નીલકંઠ માખીમાર, પીળો, પિદ્દો, દિવાળી ઘોડો (wagtail), ગંદમ, મોરચકલી (Bunting), પીપીટ, નીલ કસ્તુરો (Thrush), નાચણ, ફૂત્કી, દિવાળી શ્વેતકંઠ, નાનો શ્વેતકંઠ વગેરે અનેક આપણાં શિયાળુ મહેમાનો છે. કેટલાંક પક્ષી તો ભારતમાં જ અંદરોઅદર સ્થળાંતર પણ કરે છે. દા. ત., નીલપૂંછ પતરંગો (Bee eater), શાહી બટાવડા (sand grouse) પાનલવા (Snipe), ચોટલિયો સાયમાર, વગેરે, ખાસ કરીને ભારતમાં આવતાં યાયાવર પક્ષી મોટા ભાગે સપ્ટેમ્બર-ઑક્ટોબરમાં આવવાનું શરૂ કરી દે છે અને માર્ચ-એપ્રિલમાં માદરે વતન જવા ઉચાળા ભરે છે.

યાયાવર પક્ષીઓ કયા હેતુથી લાંબા પ્રવાસ ખેડે છે? તેનાથી કેલરી ખર્ચના બદલામાં તેમને શું મળે આવો પ્રશ્ન ઉદ્‌ભવે. ઉત્તર જુઓ : આવા પક્ષીઓના મુખ્ય હેતુ ત્રણ છે : (૧) પ્રજનન, (૨) ખોરાક પ્રાપ્તિ અને (૩) સુરક્ષિત સ્થળપ્રાપ્તિ - આ પ્રવૃત્તિ જન્મજાત જણાય છે. વારસાગત ગણાવાઈ છે. પ્રેરણા આપતાં પરિબળોમાં તેમના જનન પિંડોનો ઋતુ અનુસાર વિકાસ, અંતઃપ્રેરણા, જન્મજાત વૃત્તિ (instinct) ખોરાકની અછત, પ્રકાશ સમય અવધિકાળ(photoperiodisum)માં ઘટાડો થવો, તાપમાન વગેરે મુખ્ય ગણાવ્યાં છે. આવા પક્ષીઓને સ્થળાંતરણ કરવાથી અતિશય ઠંડી અને વાવાઝોડાંથી બચાવ થાય છે. વધુ પ્રકાશકાળ મળતાં પૂરતો ખોરાક મેળવવો સરળ પડે છે. ઠંડા પ્રદેશોમાં હિમપાત થતાં ખોરાકની તીવ્ર અછત તેમને સ્થળાંતરણની આદતો પાડે છે. તેમને સુરક્ષિત સ્થળો મળે છે. દા.ત., કાળી ચકલી (swallow) ઠંડીથી બચવા દુનિયાના ગરમ ભાગો તરફ ઊડી જાય છે. શિયાળો પૂરો થતાં માદરે વતન આવે છે. પ્રત્યેક વર્ષ ખોરાક અને તાજા ઘાસની શોધમાં ઝીબ્રા અને સાબરનાં મોટાં ટોળાં આ જ રીતે લાંબા પ્રવાસ ખેડતાં હોય છે.

આપણને એમ થાય કે આ પક્ષીઓ આવું સ્થળાંતર ૧૦૦ કિલોમીટરનું કરતાં હશે! એવું નથી. કેટલાંક વિસ્મયકારક ઉદાહરણો જોઈએ - આર્કટિક ટર્ન (વા બાગલી) સૌથી લાંબો પ્રવાસ કરતું નાનું પક્ષી છે.

વાસ્તવમાં તે દરિયાઈ પક્ષી નથી છતાં દરિયાઈ માર્ગ પસંદ કરે છે. તે ચાર મહિનાનો ૧૭,૬૦૦ કિલોમીટરનો પ્રવાસ ખેડે છે. તેની લંબાઈ ૧૩ ઇંચની પણ નથી. વજન માત્ર ૧૦૦ ગ્રામ છતાં રોજનું સરેરાશ ૧૨૫ કિલોમીટરનું અંતર કાપે છે. આ પક્ષી ઉત્તર ગોળાર્ધનું છે. આલ્બાટ્રોસ દક્ષિણ ગોળાર્ધનું છે. તે ચોવીસ કલાકમાં ૧૬૦૦ કિલોમીટરનું અંતર કાપે છે. સરેરાશ ૮૦ દિવસમાં ૩૦,૪૦૦ કિલોમીટરનું અંતર કાપી શકે છે. તેનું કદ ૩.૫ મીટર છે. દરેક પાંખની લંબાઈ આપણી ઊંચાઈ જેટલી ધરાવે છે. કેટલાંક તો માત્ર એક દિવસમાં ૧૦૦૦ કિલોમીટરનું ઊડાણ કરે છે. અબાબીલ (બાર્ન સ્વેલોઝ) પણ ૧૪,૪૦૦ કિલોમીટરનો પ્રવાસ કરે છે. બોબોલિંક ૧૧૨૦૦ કિલોમીટરનો પ્રવાસ ખેડે છે. કીચડિયો ૧૪૪૦૦ કિલોમીટર, બારણ ટિટોડી (GOlden plover) ૧૬૦૦૦ કિલોમીટર, સફેદ બગલો ૬૪૦૦-૮૦૦૦ કિ.મી.નો પ્રવાસ કરે છે. ઉત્તર અમેરિકામાં નાઇટહોક અને અબાબીલ (barn swallow) સૌથી લાંબો રૂટ કાપે છે. જે ૧૨૨૦૦ કિલોમીટરનું અંતર હોય છે.

ઊડવાની ગતિ પણ કેવી ! સામાન્ય. રીતે સ્થળાંતર દરમિયાન સરેરાશ ગતિ એક કલાકમાં ૩૦-૫૦ માઈલની ગણાવી છે, તેમ છતાં અબાબીલ (swifts) એક કલાકમાં ૨૦ માઈલ ઊડે છે. કેટલાંક પક્ષી તો એક કલાકમાં ૯૦ કિ.મી.નું અંતર કાપતાં હોય છે. મેંક્સ સિયર વોટરની ઊડવાની ક્ષમતા વિમાન કરતાં વધુ છે. તેમની આવી ઝડપ ડોપ્પલર રડારથી મપાય છે. નાનાં પક્ષીમાં ગતિક્ષમતા કલાકની ૩૨થી ૬૪ કિમી. કલાક હોય છે, જ્યારે મોટા કદનાં પક્ષીઓમાં આ ક્ષમતા ૪૦-૯૬ કિ.મી. છે. ફાલ્કન, બતકો, ગીધ જેવાં પક્ષી કલાકના ૭૭-૯૬ કિલોમીટરની ઝડપવાળાં પણ છે.

એક પ્રશ્ન એવો પણ થાય કે આ પક્ષીઓ કેટલી ઊંચાઈએ ઊડતાં હશે? આ અંગેનો અભ્યાસ ટી.સી. વિલિયમે કર્યો છે. તેણે ટેલિસ્કોપ, રડાર અને રેડિયો ટેલિમેટ્રીનો ઉપયોગ કર્યો હતો. તેના મત પ્રમાણે આ બાબત પક્ષી ઉપર આધારિત છે. કેટલાંક પક્ષી દરિયાઈ સપાટી નજીક જ ઉડ્ડયન રાખે છે. કેટલાંક માઉન્ટ એવરેસ્ટ જેટલી ઊંચાઈએ ઊડે છે. મોટા ભાગનાં પક્ષી દરિયાઈ સપાટીથી ૭૪૦૦ ફૂટની ઊંચાઈથી ઓછી ઊંચાઈએ ઊડવાનું પસંદ કરે છે. હિમાલયની પહાડીઓમાં તેનો ૮૦૦-૧૬૦૦ ફીટની ઊંચાઈએ ઊડે છે. રાત્રી મુસાફરો નીચી ઊંચાઈ પસંદ કરે છે, ફૂત્કી (warbler) ૨૧૦૦૦ ફીટની ઊંચાઈએ ઊડે છે તો ગડેરો ૨૨૦૦૦ ફીટ અને કીચડિયો (sand piper) ૧૩૦૦૦ ફીટની ઊંચાઈ પસંદ કરે છે. ધાંમડા ૧૫૫૭૦ ફીટ પર અને કેટલીક બતકો ૩૧૦૦૦ ફીટની ઊંચાઈએ પણ ઊડતી માલૂમ પડી છે. કેટલાંક પક્ષીઓ તો એવાં છે જે દર વર્ષે તેઓના નિર્ધારિત સમયે અને સ્થળે પહોંચે જ. પર્પલ માર્ટન્સ તો તેના જ બનાવેલા અગાઉના માળામાં તે જ દિવસે દરેક ઋતુએ આવ્યાનું નોંધાયું છે. અબાબીલ પક્ષીઓ આ બાબતે જાણીતાં છે. વનપીળકિયો નિયમિતપણે મુંબઈ આવતો.

આપણા દેશમાં બંને કદ ધરાવતાં મહેમાનો છે. મોટાં પક્ષીઓમાં ગાજહંસ, રાજહંસ કુંજ, ગારાખોદ, સાઈબેરિયન ક્રેન, કરકરા મુખ્ય છે. નાના પક્ષીઓમાં નાની-મોટી વિવિધ તુતવારી, કાંટ કરકરિયો, ટીટટીકી, ફૂત્કી, પુલક, દિવાળી ઘોડા, ધાન ચીડિયા મુખ્ય છે.

પક્ષી સ્થળાંતરણના બે પ્રકાર માલૂમ પડ્યા છે. : જો પક્ષીઓ પોષણ સ્થાનકથી પ્રજનન અર્થે બહાર જાય તો તેને emigration કહે છે. તેથી ઊલટું પ્રજનન સ્થળેથી ખોરાક પ્રાપ્તિ સ્થળે જાય તો તેને immigration કહે છે. પર્વતની ટોચે રહેનારાં પક્ષીઓ ઠંડીથી બચવા ખીણમાં આવી જાય છે. જેને તુંગ પ્રવાસ (altitudinal migration) કહે છે. કેટલાંક પક્ષી ઉત્તરથી દક્ષિણ તરફ અને દક્ષિણથી ઉત્તર તરફ જવાનું પસંદ કરે છે. જેને અક્ષાંસ ગમન (satitudinal migration) કહે છે. ઉત્તર ધ્રુવ ઠંડોગાર થાય છે ત્યારે ત્યાંનાં રહેવાસી દક્ષિણ ધ્રુવ તરફ જવા માંડે છે. ઉનાળામાં ઊલટું બને છે. કેટલાંક પક્ષી અક્ષીય સ્થળાંતરણ એટલે કે પૂર્વથી પશ્ચિમ (latitudinal migration) તરફ જવાનું પસંદ કરે છે અથવા પશ્ચિમથી પૂર્વ તરફ જતાં હોય છે.

કેટલીક જાતિઓ સામૂહિક સ્થળાંતરણમાં માને છે. એક જ જાતિના બધા જ સભ્યો તેમના સામાન્ય નિવાસસ્થાનેથી પ્રવાસમાં જોડાય છે. કુલંગ કે ફ્લેમિંગો આમાં માને છે. જ્યારે કેટલાંકમાં તે જાતિના કેટલાક સભ્યો જ યાત્રામાં જોડાય છે, જેને અંશિય સ્થળાંતરણ

(partial migration) કહે છે. કેટલાંક પક્ષીઓ દિવસે સ્થળાંતરણ (fiurnal migration) કરે છે તો કેટલાંક નિશાચર બને છે જેને nocturnal migration કહે છે. કાગડા અને ગલ દૈનિક સ્થળાંતરણ કરનારા પક્ષી છે.

ઋતુને અનુસરતાં અનેક પક્ષી છે. દા. ત., અબાબીલ, કુહુકંઠ (cuckoos) નાઇટિંગલ વગેરે. આ પક્ષીઓ ઉનાળામાં દક્ષિણથી ઉત્તરીય પ્રદેશોમાં જનારાં છે. જેને ઉનાળુ યાયાવર (Suumer visitors) કહે છે. તેનાથી ઊલટું ફિલ્ડફેર, સ્નોબન્ટીંગ્ઝ અને રેડવિંગ શિયાળુ યાયાવરણ છે તેઓ ઉત્તરીય ભાગો છોડી દક્ષિણ તરફ જાય છે. પક્ષીઓમાં આવું દિશાજ્ઞાન (navigation) હોવું એ રહસ્ય (mystery) છે. પક્ષીવિદ્ પક્ષીઓને એલ્યુમિનિયમની વીંટી (ring) પહેરાવે છે. તેમાં રજિસ્ટ્રેશન નંબર કોડ લખે છે. યાયાવર પક્ષીઓ પ્રવાસ દરમિયાન ભૂષ્ઠફલકનાં ભૌગોલિક નિશાનો જેવાં કે નદીઓ, ખીણો, દરિયાકિનારા, સાગર કે મહાસાગરો, રણ-પર્વતો, નદીઓ ને મગજમાં નિશાની તરીકે અંકિત (print) કરી રાખે છે. ગ્રીફીન (૧૯૪૮)નું માનવું છે કે યાયાવર પક્ષીઓ પૃથ્વીય ચુંબકીય ક્ષેત્ર દ્વારા માર્ગ શોધે છે. રાત્રી મુસાફરો તારાં સ્થાનોને યાદ રાખે છે. દા. ત., કરકરિયા (warbler) ક્રામેર અને મેથ્યુ એ પ્રયોગો દ્વારા સાબિત કર્યું છે કે પક્ષીઓ સૂર્યકમ્પાસનો ઉપયોગ કરે છે. કેટલાક તજ્જ્ઞોનું માનવુ છે કે યાયાવર વિહગ તેમની દૈહિક યાંત્રિક -જૈવિક ઘડિયાળ ગોઠવી દે છે. તો કેટલાક કહે છે કે તેઓ અનુભવથી શીખે છે.

આવી સ્થળાંતરણ મનોવૃત્તિ ક્યારથી શરૂ થઈ હશે તેવો પણ પ્રશ્ન ઉદ્ભવે. તેના માટે બે થિયરી રજૂ કરાવી છે. જે પક્ષીઓનું વારસાગત મુકામ વર્ષો પહેલાં ઉત્તરીય પ્રદેશો હતા ત્યાં સ્થાયી મોટો વસવાટ હતો, પરંતુ હવામાનના ફેરફારો થતાં આ પક્ષીઓ ફરજિયાતપણે દક્ષિણ દિશામાં ધકેલાયાં, પાછાં માદરે વતન આવતાં, ફરી ધકેલાતાં. આ વૃત્તિ વારસાગત બની ગઈ. તેવી જ રીતે દક્ષિણીય ક્ષેત્રમાં વસતીવધારો થવાથી તેમને ઉત્તરીય ભાગમાં ધકેલાયાં વર્ષો જૂની ટેવ (habit) વારસાગત (inherited) બની. આ ઉપરાંત પક્ષીઓમાં દૈનિક/સ્થાનિક સ્થળાંતરણ પણ કરતાં હોય છે. આવાં પક્ષી તેમના માળા કે આરામની જગ્યાઓથી ખોરાક શોધવા દૂર-સુદૂર જતાં હોય છે. દા.ત., ચકલી. પેરેડાઇઝ ફ્લાયકેચર, પીબક (goldor oriole) અને પીત્તા આ પ્રકારનું નિયમિતપણે સ્થળાંતરણ કરતાં હોય છે.

દરેક યાયાવરને તજજ્ઞોએ migration status આપ્યાં છે. જે ચાર પ્રકારનાં છે. (૧) કાયમી વસવાટવાળાં (૨) ઉનાળુ યાયાવર (૩) શિયાળુ યાયાવર અને (૪) એક ઠેકાણેથી બીજે ઠેકાણે જનારાં-કાયમી વસવાટવાળાં તેમના ચોક્કસ નિવાસસ્થાને જ રહે છે. દા. ત., કોટન ટીલ (ગિરજા), સ્પોટબીલ ડક (ટીલિયાણી બતક), વ્હીસલિંગ ટીલ, બાર હેડેડ ગૂઝ (રાજહંસ), નીલશિર (mallards), દેવહંસ (comb duck). ઉનાળુ યાયાવર પક્ષીઓ USAથી મધ્ય અને દક્ષિણ અમેરિકા જાય છે. ઉદાહરણ તરીકે પીળક, ટેનેન્જર્સ, માર્ટિન્સ, બીટર્ન, કુહુકંઠ, કોમ હોફ વગેરે. શિયાળુ યાયાવરણમાં ગ્રે લેગ ગૂઝ઼, પીનટેઇલ, કોમન ટેઇલ, ગાડવાલ, સોવેલર, યુરોપિયન વૈયાં (starling) વગેરે યુરેશિયાથી આવે છે. કોમન પોચાર્ડ ફ્રાન્સથી આવે છે. ગમે ત્યાં જનારાં પક્ષીઓમાં ગ્રે લેગ ટીલ માંગોલિયાથી અથવા સાઈબેરિયાથી ભરતપુર આવે છે. જે વર્ષમાં બે વાર પણ આવે. ભારતની કેટલીય પક્ષી જાતિઓ ઉત્તર-પૂર્વીય રાજ્યમાંથી પ્રવાસ શરૂ કરે છે, ભોપાલમાં રોકાય છે, વળી પાછાં શ્રીલંકા જવા ઊપડી જાય છે. એક સ્થળે આપણે તેમને જોયાં હોય તે જ પક્ષી અમુક સમય પછી ન જોવા મળે (અમારા ફિલ્ડ વર્કમાં આવું અનેક વાર બનતું). દૂધરાજ (શાહી બુલબુલ), પીળક, નવરંગ આવાં સ્ટેટસવાળાં અંતઃસ્થળીય સ્થળાંતર કરનારાં પક્ષી છે.

પક્ષીઓનો ક્ષેત્રીય અભ્યાસ કરવો એ નિજાનંદ છે. તમો પણ આ આનંદને માણતા થાઓ. જો રસ પડે તો સલિમ અલી કૃત પુસ્તક - ભારતનાં પક્ષીઓ (૧૩મી આવૃત્તિ) અનુવાદક ડૉ. અશોક કોઠારી વાંચો. ફિલ્ડમાં સાથે લઈ જાઓ. જો-જો બાયનોક્યૂલર ભૂલતા નહિ.

**Sumer Migrant** : Jacobiylpide Cuckoo, Blue-tailed Bee-eaters, Blue-Cheeked Bee-eaters, Red tailed Shrike, Red Barked Shrike, Green Warbler, Hume's Whitethrote, Orphean Warbler and Common White throat.

અનુસંધાન પૃષ્ઠ ૨૬ પર

# મહિલાઓને સમાન અધિકારની ચળવળનાં ૧૦૦ વર્ષ ૧૯૨૦-૨૦૨૦

ડૉ. ભાવના જોશીપુરા

૨૬મી ઑગસ્ટ, ૨૦૨૦ના રોજ ''મહિલા સમાનતા દિન''ની ઉજવણી કરવામાં આવી. ૨૬મી ઑગસ્ટ આંતરરાષ્ટ્રીય સમાનતા દિન તરીકે ઉજવાઈ રહેલ છે. આ વર્ષ એટલે કે ૨૦૨૦નું વર્ષ. આ દિન વિશેષ તેમજ આ દિવસ ઉજવવા પાછળ ઐતિહાસિક ઘટનાક્રમની શતાબ્દી છે. ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો અમેરિકામાં ફાટી નીકળેલ સિવિલવોર (૧૮૬૧-૧૮૬૫) પૂર્વે જ મહિલાઓનાં અધિકારો માટેની ચળવળ વ્યાપક સ્વરૂપે શરૂ થઈ ગયેલ હતી અને આમ તો ૧૮૩૦માં અમેરિકાના અધિકાંશ રાજ્યોએ પ્રત્યેક શ્વેત પુરુષ નાગરિકોને મતાધિકાર આપ્યો હતો. આ પહેલા માત્ર મિલકતધારક શ્વેત પુરુષોને જ મતાધિકાર હતો. તેમાંથી મિલકત સંદર્ભેની જોગવાઈ કાઢી નાખવામાં આવેલ, આ જ સમયગાળામાં કેટલીક નાગરિક ચળવળો જેવી કે ગુલામીપ્રથા નાબૂદી, દારૂબંધીનું અમલીકરણ સહિત લોક આંદોલન સ્વરૂપની ચળવળો વ્યાપક સ્વરૂપે ચાલુ થયેલી. દરમિયાનમાં ૧૮૪૮ની સાલમાં સેનેકા ફોલ્સ ખાતે કેટલીક મહિલા ક્રિયાશીલો એકત્ર થઈને મહિલાઓની સ્વતંત્ર ઓળખ, સ્વઅધિકાર અને સમાન અધિકારો માટે લડત ચલાવવાનો મક્કમ નિર્ધાર કર્યો, કેટલાક સામાજિક અગ્રણીઓ એવા પુરુષ નેતાઓએ તેને જબ્બર સમર્થન પણ આપ્યું. આ સમાન અધિકારોમાં મુખ્યત્વે સિવિલ ઍન્ડ પોલિટિકલ રાઇટ્સ એટલે કે નાગરિક અધિકારો તેમજ રાજનૈતિક અધિકારો કે જેમાં મતાધિકાર કેન્દ્રસ્તાને રાખી અને સમગ્ર ચળવળની રૂપરેખા ઘડી કાઢી. અલબત્ત, આ જ અરસામાં ગુલામી નાબૂદીનું જબરદસ્ત આંદોલન શરૂ થતાં, પ્રજા માનસમાં આ લડતની વધુ વ્યાપક અસર થતાં મહિલાઓની મતાધિકારની ચળવળ થોડી નબળી પડી, પરંતુ ૧૦ વર્ષના ગાળા પછી ફરીથી મહિલાઓને પુશઅત મતાધિકારની ચળવળે વ્યાપક સ્વરૂપે જોર પકડ્યું. સવિશેષ રીતે પ્રત્યેક વર્ગની મહિલાઓ આ અધિકાર મેળવવા માટે અનેક રાજ્યોમાં રસ્તા ઉપર ઊતરી આવતાં આંદોલન લોક આંદોલન બન્યું. આ જ અરસામાં કેટલાંક રાજ્યોએ મહિલાઓને મતાધિકાર આપ્યો, અલબત્ત પૂર્વ અને દક્ષિણના અમેરિકી રાજ્યોએ મક્કમ રીતે મતાધિકાર નહિ જ આપવાનું વલણ અપનાવ્યું. મહિલાઓને પુખ્ત મતાધિકારનું આંદોલન આગળ વધ્યું અને ૨૬મી ઑગસ્ટ, ૧૯૨૦ના રોજ અમેરિકાએ ૧૯મો બંધારણીય સુધારો સ્વીકારી અને મહિલાઓને ''પુખ્ત મતાધિકાર''ની ભેટ આપી. અમેરિકાનાં મહિલા જગતે આ લડતની સફળતાની જબરદસ્ત ઉજવણી કરી અને એટલું જ નહિ પરંતુ સ્વાતંત્ર્યદેવીની પ્રતિમા ખાતે સૌનું ધ્યાન ખેંચાય તે રીતે ૪૦ ફૂટ ઊંચું બેનર પ્રદર્શિત કરી સમાનતાની લડતમાં મળેલ સફળતાનો જયઘોષ કર્યો.

અમેરિકી મહિલાઓને મતાધિકાર ચળવળનાં ૫૦ વર્ષ ૧૯૭૦માં પૂર્ણ થતાં વૈશ્વિક દૃષ્ટિથી સુવિખ્યાત ધી વુમન્સ સ્ટ્રાઇક ફોર ઇક્વાલિટી એટલે મહિલાઓ દ્વારા ઑગસ્ટ ૨૬, ૧૯૭૦ના રોજ રાષ્ટ્રવ્યાપી હડતાળ અને વિરાટ રેલીનું આયોજન કરવામાં આવ્યું. ન્યૂયૉર્ક સિટિમાં ૫૦,૦૦૦ મહિલાઓ એકત્ર થઈ અને ત્રણ માંગણીઓની ઘોષણા કરવામાં આવી. પ્રથમ એટલે ગર્ભપાત સંદર્ભેના નિર્ણયની સ્વતંત્રતા, નોકરીમાં સમાન તક અને નિઃશુલ્ક બાળ સંભાળ. આ ત્રણેય માંગણીઓ મહિલા ચળવળ સંદર્ભે અમેરિકામાં વ્યાપક સ્વરૂપે આગળ વધી. પ્રગતિશીલ ગણાતા અમેરિકા જેવા દેશમાં ૧૯૬૩નાં સમાન કામ સમાન વેતન ધારાનાં અસ્તિત્વ

છતાં પુરુષ અને સ્ત્રીના વેતનમાં વ્યાપક અસમાનતા થતી એટલું જ નહિ પરંતુ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે હાર્વર્ડ યુનિવર્સિટીમાં ૧૯૭૭ સુધી મહિલાઓને પ્રવેશ ન હતો, એટલું જ નહિ પરંતુ સ્ટેનફોર્ડ લૉ સ્કૂલમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર સુ. શ્રી. સાન્દ્રા ઓકોનોરને એસોસિયેટ જસ્ટિસ ઑફ સુપ્રિમ કૉર્ટમાંથી પ્રથમ મહિલા જજ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયેલ તેને પણ જજ બનાવવાને બદલે લૉ ફર્મમાં સેક્રેટરિયલ વર્ક અપાયેલ.

મહિલા અધિકારીઓની વ્યાપક ચળવળનાં પરિપાકરૂપ અને સવિશેષ મહિલાઓ દ્વારા રાષ્ટ્રવ્યાપી હડતાળને કારણે મહિલાઓને વિવિધ ક્ષેત્રે સમાન અધિકારો મળ્યા, કૉંગ્રેસ વુમન (સંસદ) સુ. શ્રી બેલા અબઝુગે અમેરિકી કૉંગ્રેસમાં ૨૬મી ઑગસ્ટને મહિલા સમાનતા દિન તરીકે ઉજવવા ઠરાવ મૂક્યો તે અનુસંધાને ૧૯૭૨માં અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ શ્રી રિચાર્ડ નિકસને ૪૧૪૭નું જાહેરનામું બહાર પાડી ૨૬મી ઑગસ્ટને ''મહિલા સમાન અધિકાર દિન''' તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો. આમ ૨૬મી ઑગસ્ટ ૧૯૨૦માં શરૂ થયેલ ચળવળને ૨૦૨૦ની ૨૬મી ઑગસ્ટના રોજ ૧૦૦ વર્ષ થયાં. ૨૦૨૦ની સાલ શતાબ્દી વર્ષ તરીકે વિશ્વના વિવિધ ભાગોમાં મહિલાઓ સવિશેષ તરીકે ઉજવી રહેલ છે.

અમેરિકન મહિલાઓના અધિકારો સંદર્ભે ઇતિહાસ વાંચી અને તેની મુલવણી ભારતનાં બંધારણ સાથે કરતાં બંધારણનાં આમુખથી જ સમાનતાની સંકલ્પના વ્યક્ત થાય છે. અને કાયદા સમક્ષ સમાનતા, સમાન તક અને સમાન કાયદાની બાબત મૂળભૂત અધિકારોમાં જ સમાવાયેલ છે. જે આપણાં માટે ગૌરવરૂપ છે.

વાસ્તવમાં આંતરરાષ્ટ્રીય ફલક ઉપર પણ ખાસ કરીને મહિલાઓના અધિકાર તેમજ સમાનતા અને વિકાસલક્ષી સશક્તિકરણના સંદર્ભમાં જે સંહિતાકરણ થવું જોઈએ તે થયું નથી. વાસ્તવમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ અંગેની ચર્ચા વિશ્વભરમાં થાય છે પરંતુ તેમાં સ્વતંત્ર સમાનતા તેમજ નાગરિક અધિકારો અંગે વિશેષ ચર્ચા જોવા મળે છે, પરંતુ મહિલાઓના અધિકારની સ્થિતિ કયા પ્રકારની છે તે સંદર્ભે હજુ પણ વિકાસની વિપુલ તકો પડેલી છે. વાસ્તવમાં ૧૯૨૦ની સાલમાં જે પ્રકારે મહિલા ચળવળ તેમજ વૈશ્વિકસ્તર ઉપર પશ્ચિમના રાષ્ટ્રોમાં જે રીતે જાગૃતિ જોવા મળી તેનો અનુવર્તી ભાગ એટલે બીજા વિશ્વયુદ્ધ પછી એ પરિસ્થિતિમાં એટલે કે ૧૯૪૫થી ૧૯૬૫નો જે ગાળો છે તેમાં ઘણી બધી ઘટનાઓએ આકાર લીધો. ૧૯૨૦ લીગ ઑફ નેશન્સની સ્થાપના અને પછી ૨૪ ઑક્ટોબર, ૧૯૪૫ના રોજ સાન ફ્રાન્સિસ્કો, કેલિફોર્નિયા રાજ્ય - અમેરિકા ખાતે સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના, ૧૯૨૦ની ચળવળ એટલા માટે મહત્ત્વપૂર્ણ સાબિત થઈ, કારણ કે સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના શરૂઆતના વર્ષોમાં જ જે પ્રકારે ૧૯૨૦ની સફળ લડતની અસર હતી તે જોવા મળી, એટલું જ નહિ પરંતુ વાસ્તવમાં સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપનાની સાથે જ મહિલાઓને સમાન અધિકાર, કાયદા સમક્ષ સમાનતા, સ્વાતંત્ર્ય તેમજ સમાન વ્યવહાર માટેની એક પ્રારંભિક સંકલ્પના સરસ રીતે પ્રસ્થાપિત થઈ. આમ, ૧૯૨૦ની મહિલાઓની લડતે વૈશ્વિક સ્તર ઉપર મહિલાઓ અને સમાન અધિકાર માટેની એક મજબૂત એવી પ્રારંભિક સ્થિતિનું નિર્માણ કર્યું અને તેના જ પરિપાકરૂપે ૧૯૪૫માં પણ મહિલાઓના અધિકારના સંદર્ભમાં સુસ્પષ્ટ નીતિ જોવા મળે છે. તે જ રીતે જોવા જઈએ તો માનવ અધિકારની ઘોષણા ૧૦ ડિસેમ્બર, ૧૯૪૮માં પણ મહિલાઓ સાથે સમાન વ્યવહાર, સમાન અધિકાર તેમજ સાર્વત્રિક દૃષ્ટિથી સમાનતાનો ખ્યાલ સરસ રીતે પ્રસ્થાપિત થયો છે.

૧૯૪૫માં જ્યારે સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના થઈ અને તેમાં ૧૬૦ જેટલા વૈશ્વિક નેતાઓએ સહી કરી અને સંયુક્ત રાષ્ટ્રસંઘને વિધિવત રીતે પ્રસ્થાપિત કરવામાં આવ્યું તેમાં ચાર જેટલી મહિલાઓએ પણ સહી કરી હતી અને તેમાં પણ ઉલ્લેખનીય છે ચારમાંથી ત્રણ મહિલાઓ ત્રીજા વિશ્વના દેશોનું પ્રતિનિધિત્વ કરતી હતી. સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ડિવિઝન ફોર એડવાન્સમેન્ટ ઑફ વુમન ખાસ ૧૯૯૯ની સાલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના સમયે ભલે ચાર જ મહિલાઓ હોય પરંતુ સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપનાના આદ્ય સંસ્થાપક તરીકે Hiika Pietilaને ખૂબ જ સન્માન આપવામાં આવે છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘમાં Commission on Status of Womenની સ્થાપના કરવામાં આવી છે અને મારું – આ લખનારનું સદ્ભાગ્ય રહ્યું કે ૨૦૧૮ની

સાલમાં મને વૈશ્વિક સ્તરે એક કરતાં વધારે ઇવેન્ટમાં વક્તા તરીકે મારા વિચારો વ્યક્ત કરવાની તક મળી. કોરોનાની સ્થિતિને કારણે CSW-65 આ વખતે ન્યૂયોર્ક ખાતે નહિ મળે પરંતુ ઓનલાઇન મીટિંગ હશે અને અલગ-અલગ ફોરમમાં વિચારો વ્યક્ત કરવાની તક વિશ્વની મહિલાઓને મળશે; સમગ્ર રીતે ૨૦૨૦નું વર્ષ આખી દુનિયા માટે કોરોનાની મહામારીથી લઈ અનેક રીતે ઐતિહાસિક બની રહેશે અને સંયુક્ત રાષ્ટ્રસંઘની મહિલાઓ સંદર્ભેની વિવિધ આંતરરાષ્ટ્રીય પરિષદ પણ આ વખતે online બેઠકના સ્વરૂપમાં મળશે.

એક ખૂબ મહત્ત્વપૂર્ણ બાબતનો ઉલ્લેખ અત્યારે ખૂબ જે પ્રસ્તુત બની રહેશે. વર્તમાન વર્ષમાં ખાસ કરીને ૧૯૯૫ની મહિલા સશક્તિકરણ સંદર્ભેની બેઇજિંગ કૉન્ફરન્સની ઘોષણાઓને ૨૫ વર્ષ થવા જઈ રહ્યાં છે. આ ૨૫ વર્ષને વિશેષ રીતે બેઇજિંગ પ્લસ + ૨૫, એવું નામાભિધાન કરવામાં આવ્યું છે. બેઇજિંગની ઘોષણાનો આધાર પણ મૂળભૂત રીતે ૧૯૨૦ના વર્ષમાં અમેરિકામાં મહિલાઓને જે મતાધિકાર ઉપલબ્ધ થયો અને આંદોલનને જે ઐતિહાસિક સફળતા મળી તે પણ ખૂબ જ પ્રસ્તુત છે અને આ જ આધારશિલા ઉપર મહિલા સશક્તિકરણની સંકલ્પના કરવામાં આવેલી છે. આજે આપણે ૨૦૨૦ની સાલમાં જ્યારે ચર્ચા કરી રહ્યા છીએ ત્યારે સંયુક્ત રાષ્ટ્રસંઘે ૨૦૨૦ની સાલ સુધીમાં એટલે કે જો અમેરિકાના મહિલા અધિકારના આંદોલન ૧૯૨૦ની સાલનો વિચાર કરીએ તો લગભગ ૧૧૦ વર્ષ એટલે કે ૨૦૩૦ની સાલમાં ૨૦૩૦... ૫૦...૫૦... એટલે કે સમાજ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં મહિલાઓની અડધોઅડધ હિસ્સેદારી સુનિશ્ચિત કરવાનો નિર્ધાર સંયુક્ત રાષ્ટ્રસંઘે રાખેલ છે જે સમગ્ર રીતે આપણા માટે અનેક રીતે મહત્ત્વપૂર્ણ છે, કારણ કે ૨૦૩૦ સુધીમાં આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર સંતુલિત વિકાસ લક્ષ્યાંકો જે ૨૦૧૫માં તૈયાર કરવામાં આવેલ અને તેમાં ખાસ કરીને શિક્ષણ, આરોગ્ય, ન્યાયિક સમાનતા, ગરીબી નિવારણ, તેમજ મહિલાઓને સમાન અધિકારો ઉપરાંત દરેક ક્ષેત્રોમાં સરખી હિસ્સેદારી આપવાની બાબત છે તે આવરી લેવામાં આવેલ છે. આ સંદર્ભમાં વિચાર કરીએ તો આપણને ખ્યાલ આવશે કે મહિલાઓ જ્યારે સંગઠિત થઈ અને અવાજ ઉઠાવે છે એની અસર દીર્ઘકાલ સુધી પડતી હોય છે અને તેના પડઘા પણ લાંબા સમય સુધી પડતા હોય છે.

ભારતવર્ષનો સવાલ છે ત્યાં સુધી ૭૪મો બંધારણીય સુધારો અને સ્વરાજ્ય ક્ષેત્રે મહિલાઓને માટે અનામતનો ઐતિહાસિક સુધારો અમલમાં આવ્યો છે અને તેને પણ લગભગ ૨૫ વર્ષ થવા જઈ રહ્યાં છે. પંચાયતો, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ તેમજ ખાસ કરીને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પ્રમુખ તરીકે - મેયર તરીકે નગરપાલિકાના પ્રમુખ તરીકે, કે ચૂંટાયેલા સભ્ય તરીકે મહિલા પ્રતિનિધિઓએ ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો, પરંતુ અનેક મહિલાઓએ વહીવટી કુશળતાના દર્શન કરાવ્યાં છે અને રાજનૈતિક ક્ષેત્રમાં ખાસ કરીને એક સફળ મહિલા નેતૃત્વ તરીકે અનેક મહિલાઓ ઉભરી આવી છે; આ નાનીસૂની ઘટના નથી અને માટે એમ આપણે કહી શકીએ કે ૧૯૨૦ની સાલમાં જે રીતે મહિલા મતાધિકાર માટે જે લડત શરૂ થઈ તેની અસર વિશ્વવ્યાપી બનેલ છે. ભારતવર્ષનો સવાલ છે ત્યાં સુધી આપણે સૌ એ બાબતનું ગૌરવ લઈ શકીએ છીએ કે ભારતમાં ૭૪મો બંધારણીય સુધારાથી દૂરના ગ્રામ્ય વિસ્તારમાં વસતિ બહેનો, તેમજ શહેરના આર્થિક પછાત વિસ્તારમાં વસતિ બહેનોએ પણ નગરપાલિકાઓ અને પંચાયતોમાં ધીમી પણ મક્કમ ગતિએ પોતાનો અવાજ બુલંદ બનાવવાનું શરૂ કર્યું છે. ખાસ કરીને સેનિટેશન પ્લાન્ટેશન અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ જેવા અનેક ક્ષેત્રોમાં દેશની મહિલા સ્થાનિક પ્રતિનિધિઓએ ખૂબ જ સારી કામગીરી કરી છે તેનો ઇન્કાર થઈ શકે તેમ નથી, એટલું જ નહિ પરંતુ હજુ પણ તેમાં મક્કમ પ્રગતિ થઈ રહી છે તે આપણા સૌ માટે ગૌરવની બાબત છે.

આમ, ૧૯૨૦થી ૨૦૨૦નો સો વર્ષનો સમયગાળો અને મહિલાઓના અધિકારના સંદર્ભમાં ઐતિહાસિક છે.

**ડૉ. ભાવના જોશીપુરા**
રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અખિલ હિંદ મહિલા પરિષદ
અને પૂર્વ પ્રથમ મહિલા મેયર, રાજકોટ
સભ્ય, એડવાઇઝરી ગ્રૂપ - UNCSW NGO
BEIJINg + સવા શતાબ્દી

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**

**ગાંધીની નજરે દુનિયા / મનસુખ સલ્લા.** અમદાવાદ : ગૂર્જર પ્રકાશન, ૨૦૧૯. પુનર્મુદ્રણ ૨૦૨૦. xii + ૧૪૮ પૃ. કિં. રા. ૧૯૦. ISBN : ૯૭૮-૯૩-૫૧૭૫-૩૫૭-૫.

પ્રસ્તુત ગ્રંથના સર્જક પ્રાચાર્યશ્રી મનસુખ સલ્લાનું શૈક્ષણિક અને વ્યવસાયિક ઘડતર અને ચણતર ગાંધીજીવનદર્શન પ્રેરિત શૈક્ષણિક સંસ્થાઓમાં થવાની સાથે જ તેમના આચાર-વિચારમાં ગાંધીદર્શન વણાઈ ગયું છે. બીજા શબ્દોમાં કહીશું કે તેઓશ્રી ખરા અર્થમાં ગાંધીજીવનદર્શનથી અનુપ્રાણિત છે. ગાંધીસાહિત્યનો સ્વાધ્યાય અને ચિંતન અને તેમાંથી કંઈક પામવાની મથામણ એ તેમની પ્રકૃતિ રહી છે. આ સંદર્ભે તેમણે પ્રસ્તુત ગ્રંથની 'ભૂમિકા'માં નોંધેલ શબ્દો : ''ગાંધીજીવન અને કાર્યે મારો કબજો લીધો હતો. એથી આ લેખન માત્ર સ્વાધ્યાય ન રહ્યો, પણ કંઈક અંશે ખોજ બની ગઈ. ભારત અને દુનિયાની બદલાતી પરિસ્થિતિ, ન ધારેલા એવા જાગેલા પ્રશ્નો... એ મને પ્રેર્યો કે આમાં ગાંધીજી કામના છે. એમની પાસેથી ઉત્તર મળી શકે એમ છે'' ધ્યાનાર્હ બની રહે છે. આ મથામણના ભાગરૂપે જ આપણને ગાંધીદર્શનનું નવનીત પ્રસ્તુત ગ્રંથસ્વરૂપે સુલભ થયું છે.

અહીં ગ્રંથસ્થ ૨૬ લેખો પૈકી મોટા ભાગના મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી નિમિત્ત વિવિધ સંસ્થાઓ દ્વારા આયોજિત સમારોહોમાં રજૂ કરેલાં પ્રવચનો છે. આ બધા લેખોમાં ગાંધીજીનું ચિંતન કોઈ એક પ્રદેશ વિશેષ, ધર્મ કે જાતિના લોકો માટે કે કોઈ કાળખંડ માટે નહીં પરંતુ સમગ્ર માનવજાત માટે - સમગ્ર સૃષ્ટિ માટે સદાકાળ એક શાશ્વત મૂડી છે તે સમજાવવામાં આવ્યું છે. અર્થાત્ ગાંધીજી વિશે પ્રચલિત ભ્રમણાઓ, ગાંધીવિચારમાં કાંઈ રસ નથી કે કોઈ નિસબત નથી તેવા ખ્યાલોનું નિરસન કરીને ગાંધીવિચારની પ્રસ્તુતતા વ્યાપક પરિપ્રેક્ષ્યમાં સ્પષ્ટ કરી આપવામાં આવી છે. આ સંદર્ભે લેખકનું સ્પષ્ટ મંતવ્ય રહયું છે કે ''ગાંધીજીનું દર્શન કદી વાસી નહિ થાય. એમણે સૂચવેલા તત્કાલીન કાર્યક્રમો કાળગ્રસ્ત થશે, બદલાશે, પરંતુ ગાંધીજીએ પ્રબોધેલાં તત્ત્વો તો ચિરંજીવ રહેશે... ભારત અને સમગ્રવિશ્વ માટે પણ એટલાં જ માર્ગદર્શક રહેશે''.

અહીં ગાંધીજીનાં આચાર-વિચારનાં વિવિધ પાસાંઓ જેમ કે વ્રતવિચાર, સાધનશુદ્ધિ, સત્યાગ્રહ, શિક્ષણ, પ્રાર્થના, નેતૃત્વ વગેરેનું અનુસરણ કરવાથી માત્ર માનવીય ગુણવત્તા / ઘડતરનો વિકાસ જ નહીં, પરંતુ દેશમાં અને વિશ્વમાં શાંતિનું સુરાજ્યની પ્રસ્થાપનામાં તેમ જ પ્રવર્તમાન સમયમાં ઊભી થયેલી / વકરી રહેલી સમસ્યાઓ જેમ કે અનામત, કાશ્મીર, પાકિસ્તાન, પર્યાવરણીય, ભાંગતાં જતાં ગામડાં અને શહેરીકરણની સમસ્યા, સમાજજીવન અને કુટુંબજીવન, વિશ્વયુદ્ધના ભણકારા, વિનાશક શસ્ત્રોની શોધ અને તેના સંભવિત ઉપયોગથી ભયના ઓથાર હેઠળ જીવી રહેલી પ્રજા, રાજાઓનાં સાલિયાણાં બંધ કર્યાં પરંતુ રાજકીય બદઇરાદા સર શરૂ કરેલાં ધારાસભ્યો / સંસદ સભ્યોનાં મોંઘાંમસ વેતન/પેન્શન, અને કોઈ વિવશતાવશ ચાલુ રાખવાનું વલણ, રાષ્ટ્રીય ભાવના બળવત્તર થવી જતી જોઈએ તેના સ્થાને ભાગલાવાદી વલણોનો વધતો જતો સૂર, હિંદુ-મુસ્લિમ સમસ્યા, અસ્પૃશ્યતા, માનવીય ઘડતરના સ્થાને મશીનો ઉત્પન્ન કરતી શિક્ષણપ્રણાલી વગેરે અનેકાનેક પ્રશ્નોની ગુરુચાવી ગાંધીજીવનદર્શનમાં છે તે તર્કબદ્ધ રીતે અને વિગતે સંબંધિત લેખોમાં ઉજાગર કરી આપવામાં આવ્યું છે. બાપુએ ચીંધેલા માર્ગોની આગવી વિશેષતા એ છે કે તે બધા પ્રયોગજાનિત છે - આચરણમાં મૂક્યા બાદ બાપુએ તેના વિશે વાત કરી છે. લેખકે એ પણ તારવી આપ્યું છે કે આ બધા માર્ગોના પાલન થકી મોહનમાંથી મહાત્મા ગાંધી તરીકે કેમ ઓળખાયા તથા તેમનું વિચારદર્શન કેમ શાશ્વત છે તે,

તેમજ તેમનું નેતૃત્વ વિશ્વભરના નેતાઓની તુલનાએ મૌલિક અને અનન્ય બનવા પાછળનાં કેટલાંક કારણો, જેમ કે, સત્યાગ્રહ, આત્મશુદ્ધિ, લોકશક્તિનું નિર્માણ, વિકેન્દ્રીકરણ, છેવાડાના માનવીનું હિત હૈએ હોવું (આ સંદર્ભે કાલ માકર્સ સાથે તુલના કરતાં ગાંધીજીને આગળ જતા દર્શાવ્યા છે), પ્રત્યેક વ્યકિતનું સ્વરાજ્ય અને જીવન તથા વાણીની એકરૂપતાની સંક્ષેપમાં છતાં સ્પર્શી જાય તેવી છણાવટ કરી છે. ગાંધીજીના નેતૃત્વ સંબંધી લેખકનું અવલોકન : 'મારું જીવન એ જ મારી વાણી' જગતભરના સંતોના જીવનમાં આવું એકત્વ જોવા મળે છે, પરંતુ કોઈ લોકનાયકના જીવનમાં નહીં. કોઈ મહાનાયકે હક્કપૂર્વક આવું વિધાન કર્યું નથી... તેમનું જીવન પ્રતિપળ સત્યના ઉપાસકનું, અહિંસાના પૂજારીનું, સાધન શુદ્ધિના આગ્રહીનું નહોતું. એટલે તેઓ આમ બોલી શકે તેમ નહોતા. ગાંધીજીનું જીવન એ કક્ષાનું છે, જેમાં પ્રતિપળ આત્મશુદ્ધિ દ્વારા સત્યની ઝાંખી અને સત્યના પ્રસાર માટેની મથામણ અને તાલાવેલી હતી. એટલે તેમના જીવન અને વાણીમાં વિરોધ નહોતો.'' ધ્યાનાર્હ બની રહે છે. આ સાથે જ લેખકે આ ગુણરાશી / માર્ગોને એક એકમ તરીકે ન જોતાં અખંડદર્શનના પરિપ્રેક્ષ્યમાં તેની મૂલવણી કરીને તે દૃષ્ટિએ જોવા અપીલ કરી છે. વધુમાં, સદ્‌ગુણોનું સામાજિકરણ એ ગાંધીજીનું મોટામાં મોટું પ્રદાન છે.

'ગાંધીજીનું શિક્ષણદર્શન'માં ગાંધીજી પ્રદત્ત નઈ તાલીમ અને આ અંતર્ગત માણસનો સ્વ, માણસ અને પ્રકૃતિ સાથેના સંબંધો અને આ ત્રણેયમાં અહિંસા, પ્રેમ અને સાધનશુદ્ધિ કસોટીના પથ્થર છે તે વિગતે સમજાવીને શિક્ષણ ક્ષેત્રે પ્રવર્તમાન સમસ્યાઓને ધ્યાને લઈને લેખકે રજૂ કરેલ મંતવ્ય' ગાંધીજીના આ ક્રાન્તદર્શનને શિક્ષણમાં અવતારીને જ ભારત નવું ભારત બની શકે... સ્વરાજ પછીના નીતિનિર્ણાયકોએ ગાંધીદર્શનની ઉપેક્ષા કરી, વિચારણામાં એકાંગી બન્યા તેથી જૂની શિક્ષણરચના જ થોડા નામ-ફેરે ચાલુ રાખી. એથી આજે ભણેલાઓ કરોડો છે પણ જવાબદાર, દૃષ્ટિપૂત નાગરિકો બહુ ઓછા છે ...ગાંધીજીએ હૃદય, બુદ્ધિ અને કાર્યશક્તિનો સર્વાંગી વિકાસ કરવા નઈ તાલીમનું દર્શન આપ્યું હતું... આ દર્શન સ્વીકાર્યા સિવાય ભારતનો જયવારો નથી' આંખ ઘાડનાર બની રહે છે.

શ્રી રોહિત શાહ દ્વારા ગાંધીજીના મંતવ્ય વિશે પૂછવામાં આવેલા ૧૩ પ્રશ્નોના ઉત્તરોમાં લેખક ગાંધીસાહિત્યના આકંઠ અભ્યાસી અને ગાંધીજીને કેટલા આત્મસાત કર્યા છે તેની સ્પષ્ટ પ્રતીતિ થાય છે. આ સંદર્ભે નમૂના તરીકે થોડાક ઉત્તરો જોઈએ. આ પ્રશ્નો પૈકી અનામત પ્રથા, પાકિસ્તાન સાથેનો વ્યવહાર, કાશ્મીર સમસ્યા અને બિનસાંપ્રદાયિકતા સંદર્ભે શબ્દાન્તરે પ્રજાના દૃષ્ટિ પરિવર્તન - માનવીય પરિવર્તન, સમજણ અને સૌહાર્દ ફેલાય તેવાં પગલાંના ગાંધીજી હિમાયતી હોત તે જણાવવાની સાથે જ આ પ્રશ્નોમાં રાજકીય પક્ષોની સ્વાર્થી નીતિ તથા સંકલ્પશક્તિ, સૂઝ વગેરેના અભાવની ટકોર કરવાનું ચુકતા નથી. નેતાઓનાં વેતન અને પેન્શન સંદર્ભે ટકોર સાથે જ ગાંધીજીએ અવશ્ય સત્યાગ્રહો કર્યા હોત તેવું મંતવ્ય જણાવ્યું છે. સ્વચ્છતા અભિયાનને આવકાર્ય ગણાવીને તેમાં કૃત્રિમતા અને દેખાવ સામે નારાજગી દર્શાવીને ગાંધીજી ફોટા વગેરેથી અળગા રહી સ્વચ્છતાનો સંદેશો જન જન સુધી પહોંચાડવા અને તેને આત્મસાત કરવા પ્રયત્ન કરત, કેળવણીમાં સમૂળી ક્રાંતિ માટે મથામણ કરત તેમજ પ્રયોગો કરીને નમૂનો બતાવત તેમ જણાવ્યું છે.

અંતિમ લેખમાં ગુજરાતના ખૂણે ખૂણે સમાજવિકાસમાં આપેલા ફાળાનું ગાંધીજીવનદર્શનનું પ્રચાર-પ્રસાર કરતી સંસ્થાઓ/આશ્રમો અને તેના સ્થાપકોએ વિહંગમ દર્શન કરાવીને આજે પણ ગુજરાતમાં ગાંધીજી કેટલા જીવંત છે તે તારવી આપ્યું છે. આ સાથે જ લેખકનું અવલોકન આઠમા દાયકાથી રાજકીય વર્ગ અને કાર્યકર્તાઓ અલગ પડી ગયા પછી આવી સંસ્થાઓ ક્રમશઃ ઉપેક્ષા પામતી ગઈ... લોકશક્તિ નિર્માણમાં ...આવી પ્રજાકીય સંસ્થાઓ વિકાસના નરવા અને બહુમુખી સ્વરૂપ માટે જરૂરી છે'' ધ્યાનાર્હ બની રહે છે.

ગાંધીજીવનદર્શનની વાત કરતાં કરતાં પ્રસંગોપાત્ત પ્રવર્તમાનકાલીન સ્થિતિને યથાતથ ઉજાગર કરતું લેખકનું અવલોકન સ્વાધ્યાયશીલતા, નિર્ભીકતા અને ગાંધીજનનું દ્યોતક બની રહે છે. આ સંબંધી કેટલાંક વેધક વિધાનો આ રહ્યાં :

- આજે સૌથી ભ્રષ્ટ શિક્ષણક્ષેત્ર બન્યું છે. (પૃ. ૪)
- આજે તો ધર્મને નામે મોટા પ્રમાણમાં અધાર્મિક કાર્યો

થઈ રહ્યાં છે. એમાંથી વાજબી માર્ગો કાઢવા પડશે. (પૃ. ૫)

- રાજકીય પક્ષ અ હોય કે બ, તેમના દર્શનમાં ખાસ ફરક નથી રહ્યો. ભાષા અને સૂત્રો ગમે તે હોય, તેમનું લક્ષ્ય પ્રજા નથી, સત્તાસ્થાન છે. એ માટે અસત્ય, અતિશયોક્તિ, અમુક વર્ગનું હિત જાળવવું, વ્યક્તિગત પ્રતિષ્ઠા વગેરે વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે... એમનાં જીવન ગાંધીજીનાં મૂલ્યોથી વિપરીત થતાં ગયાં અને ભ્રષ્ટાચારના કળણમાં ખૂપતાં થયાં છે. (પૃ. ૬)
- ગાંધીજીની વેષભૂષાનું અનુકરણ તે ગાંધીમાર્ગ નથી, તેમણે આપેલાં જીવનમૂલ્યોનું અનુકરણ એ ગાંધીમાર્ગે ચાલવાનો પ્રારંભ છે. (પૃ. ૬)
- આજે સત્યાગ્રહને નામે ટોળાશાહી, સંકુચિત દૃષ્ટિ, લઘુસ્વાર્થ કે રાજકીય લાભની ગણતરી હોય છે. માટે એ સત્યાગ્રહ નથી. સત્યના માર્ગનું આચરણ એટલે નવી જીવનશૈલીનો સ્વીકાર. (પૃ. ૪૬)
- રાજ્યસત્તાનો એકાધિકારવાદ વધતો જાય છે તેમ દેખાય છે, કારણ કે રચનાત્મક કાર્યો અને વ્રતનિષ્ઠા ભુલાયાં છે કે ઝાંખાં પડ્યાં છે. (પૃ. ૪૮)
- 'ગાંધી-૧૫૦' નિમિત્તે ગાંધીજી પ્રત્યેનો આદર પ્રગટ કરીએ, એ સાથે જ ગાંધીજીની નેતૃત્વની, પ્રેરકતાની, પ્રભાવકતાની શી ખૂબીઓ હતી તે સમજવાની જરૂર છે. નહિ તો ગાંધીજી પૂજાની સામગ્રી બની જશે, નૂતન જગતના નિર્માણનું દર્શન નહિ બની શકે. (પૃ. ૭૩)
- આજે ભારત જે રીતે વર્તી રહયું છે એ તો ગાંધીવિચારથી વિપથગામી છે. (પૃ. ૮૨)
- અસ્પૃશ્યતા નિવારણ : આજે આ કામ લગભગ રાજકીય બન્યું છે, તેથી રાહતો અપાય છે અને દેખાડા થાય છે, પણ પાયાનું કામ ખાસ થતું નથી. (પૃ. ૧૪૬).
- દારૂબંધી : આ ક્ષેત્ર સાતમા દાયકા પછી ઉપેક્ષિત રહયું છે. (પૃ. ૧૪૭).

●

**મહાત્મા ગાંધીનો પુનર્જન્મ : ગાંધીબાપુની પ્રતિભાને આધારે કાલ્પનિક વિચારવિહાર** સંપાદન : રોહિત શાહ, અમદાવાદ - ગૂર્જર, ૨૦૧૯, ૧૩ + ૧૫૪ પૃ. ISBN-૯૭૮-૯૩-૫૧૬૨-૬૬૩૩, કિં. રૂ. ૧૮૦.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય તેનાં શિષ્ટ, સત્ત્વશીલ અને સમયોચિત પ્રકાશનો માટે પ્રસિદ્ધ છે, જેમાં તેના સંસ્થાપકો અને ઉત્તરાધિકારીઓની ઉદાત્ત ધ્યેયનિષ્ઠ દૃષ્ટિ, કંઈક નવું આપવાની સતત મથામણ અને સાહિત્યકારો તથા કર્મશીલો સાથે સતત ઘરોબો કેળવવાની ભાવના જોવા મળે છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સાર્ધશતાબ્દી નિમિત્તે પ્રગટ કરવામાં આવેલું પ્રસ્તુત પુસ્તક બહુવિધ રીતે અનોખું હોઈ તેનું આ એક પ્રમાણ બની રહે છે. સૌપ્રથમ તો આ પુસ્તકના સર્જન પાછળનો વિચાર અને તે પણ રાષ્ટ્રહિતને કેન્દ્રમાં રાખીને રાષ્ટ્રના આજના સળગતા કેટલાક મહત્ત્વપૂર્ણ અને અન્ય આનુસંગિક પ્રશ્નો : અનામત, પાકિસ્તાન સાથે વ્યવહાર, કાશ્મીર સમસ્યા, કોમન એક્ટ, વસ્તીનિયંત્રણ, વિદેશી ચીજોનો બહિષ્કાર, ધારાસભ્યો અને સંસદસભ્યોને પગાર અને પેન્શન, કમ્પ્યૂટરનો ઉપયોગ, સ્વચ્છતા અભિયાન, નારીસ્વાતંત્ર્ય અને નારીશોષણ સમસ્યા, સોશ્યલ મીડિયા, બિનસાંપ્રદાયિકતા અને આજની શિક્ષણપ્રથા વિશે આજના યુગસંદર્ભમાં જો બાપુ હયાત હોત તો તેમનો કેવો અભિગમ હોત – કેવું વલણ દાખવત – કયો માર્ગ પસંદ કરત તે વિશે વિશ્વસનીય અને ચોક્કસ ઉત્તરો મેળવવા હેતુ ગાંધીસાહિત્યના પસંદગીના ૧૨ અભ્યાસીઓ, ચિંતકો, કર્મશીલો જેમ કે ઓમપ્રકાશ ઉદાસી, જ્યોતિભાઈ દેસાઈ, નગીનદાસ સંઘવી, પ્રકાશ શાહ, પ્રવીણ પંડ્યા, પ્રવીણ લહેરી, ભદ્રાયુ વચ્છરાજાની, ભાણદેવ, મનસુખ સલ્લા, આચાર્ય રાજશેખરસૂરિ મહારાજ, સંપાદક રોહિત શાહ અને સોનલ પરીખ – ને આ પ્રશ્નો મોકલી આપીને ઉત્તરો મેળવીને ગ્રંથસ્થ કરવા બદલ સંપાદક શ્રી રોહિત શાહ અને પ્રકાશક શ્રી મનુભાઈ શાહ આપણા અભિનંદનના અધિકારી બની રહે છે અને આ સાથે જ ખાસ ધ્યાનપાત્ર બાબત એ છે કે 'મહાત્મા ગાંધી કેવી પ્રતિભા હતા તેના આધારે નહિ, પણ જે-તે મહાનુભાવે ગાંધીજીને કેવી પ્રતિભા તરીકે ઓળખ્યા હતા તેના આધારે જવાબ આપવા' ખાસ આગ્રહ રાખવામાં આવ્યો હતો. પરિણામસ્વરૂપે ગાંધીજીના સાહિત્યના પરિપ્રેક્ષ્યમાં આ બધા મહાનુભાવો-ચિંતકોએ ગાંધીજી વિશેનું દર્શન આપણને સુલભ થયું છે, જે આપણી સમૃદ્ધ મૂડી બની

રહે છે. દેશના પ્રજાજનો, રાજકારણીઓ, નીતિનિર્ધારકો વગેરે માટે આ ઉત્તરો પ્રવર્તમાન પ્રશ્નોની ગંભીરતા સમજવા માટે અને તેના સમયોચિત નિવારણ માટે દિશાપ્રેરક બની રહે છે.

અહીં ગ્રંથસ્થ મંતવ્યોમાં એક સમાન સૂર એ ઊપસી આવે છે કે ગાંધીજી સિદ્ધાંતનિષ્ઠ હોવાની સાથે જ નિત્યવિકાસશીલ – પરિવર્તનશીલ યુગપુરુષ હતા. વૈચારિક બંધિયારપણું તેમનામાં ન હતું. નિત નવું શીખતા રહેવું અને નવા વિચારો અપનાવવા એ તેમની પ્રકૃતિ હતી. પોતે જરૂરિયાત અનુસાર તેનો ઉપયોગ પણ કરતા હતા અને તેથી જ બધા ચિંતકો/મનીષીઓએ એક સ્વરે નોંધ્યું છે કે ગાંધીજીએ કમ્પ્યૂટર અને સોશિયલ મીડિયાનો માનવહિતમાં મર્યાદિત રીતે પણ ઉપયોગ કરવાનું મુનાસિબ માન્યું હોત. આ જ રીતે ધારાસભ્યો/સંસદ સભ્યોને મળતાં પગાર અને પેન્શનને ગાંધીવિચાર વિરોધી ગણાવ્યાં છે. આજે તો આ ક્ષેત્રે 'દલા તરવાડી'ના ન્યાયે જાહેર નાણાંનો રાજકીય ખીચડી પકવવા માટે ભારે વ્યર્થ થઈ રહ્યો છે. સાહસિક અને નવપ્રસ્થાનકારક કદમો ઊઠાવવામાં પાવરધા એવા આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ ગાંધીચિંતકોના આ આર્તનાદને હૈયે ધરીને આ દિશામાં અગ્રેસર થશે તો તેમનું આ પગલું ધ્રુવતારક સમ બની રહેશે.

આ બારેય ચિંતનોમાંથી પસાર થતાં પ્રતીત થાય છે કે આ બધા ચિંતકો ગાંધી સાહિત્યના અભ્યાસીઓ રહ્યા છે કે જેમણે ગાંધીજીના આચાર-વિચારને તથા પ્રવર્તમાન યુગસંદર્ભને નજરસમક્ષ રાખીને તેમજ પોતાના પક્ષ-વિપક્ષસંબંધી ગાંધીજીનાં જ વિધાનો પ્રસંગોપાત્ત ઉદ્‌ધૃત કરીને પ્રત્યેક પ્રશ્ને સંદર્ભે ગાંધીજીનું સ્ટેન્ડ (અભિગમ) કેવું હોત તે અસંદિગ્ધ રીતે ઉજાગર કરી આપ્યું છે. જાણીતા વિચારક અને આખાબોલા પ્રકાશ ન. શાહે પોતાના પ્રત્યુત્તરના પ્રારંભમાં જ નોંધ્યું છે કે ''ગાંધીજી આજે આપણી વચ્ચે હોત તો વિવિધ મુદ્દે શું વિચારતા (અને, અલબત્ત, આચરતા) હોત તે કહેવું ખુલ્લી કિતાબ જેવી એમની જીવનચર્યા અને આયુર્યાત્રા જોતાં કદાચ એટલું અઘરું નથી. સત્ય અને અહિંસાના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા પરત્વે અભિમુખ ન્યાય મંડિત શાસન માટેનો એમનો આગ્રહ હોત. એમ હોવું વધારે અસહજ નથી. બંધારણીય મર્યાદા અને લક્ષ્ય, સંસદીય લોકશાહી વત્તા સત્યાગ્રહ, રિપીટ, સત્યાગ્રહ થકી તે મુખરિત અને આકૃત થતો હોત.'' જ્યારે સામા છેડે આજની કડવી વાસ્તવિકતાને અર્થાત્ ગાંધીજીથી આપણે કેવા વિમુખ થઈ રહ્યા છીએ તેને ધ્યાને લઈને આચાર્ય રાજશેખરસૂરિ મહારાજસાહેબનું નિવેદન ''ગાંધીજી આજે હયાત હોત તો કોઈ ગોડસેએ તેમની હત્યા કરવાની જરૂર જ ન પડી હોત! વિરોધો કરી-કરીને ગાંધીજી પોતે જ મરી ગયા હોત! કારણ કે તેઓ એકલા કેટકેટલી વાતોનો વિરોધ કરતા હોત?'' અને આ સાથે સાબરમતી આશ્રમ વિશે વ્યક્ત કરેલ ચિંતા એટલું તો ચોક્કસ કે સાબરમતી આશ્રમ અત્યારના જેવો નિષ્ક્રિય અને નિસ્તેજ તો ન જ બની ગયો હોત. રાષ્ટ્રનિર્માણ અને જીવનઘડતરના અનેક પ્રયોગોથી આશ્રમ આજે પણ ધમધમતો હોત.''

પ્રવીણ પંડ્યાનું સુચિંતનીય અવલોકન ''ગોહત્યા માટે માણસને ન મારી શકાય.'' અને ''સ્વતંત્ર ભારતમાં સાંપ્રદાયિક પ્રતિનિધિત્વ ન હોવું જોઈએ.'' બસ આટલું જ તો આપણે કરવાનું હતું! પણ આપણે આ તો ન કરી શક્યા, ઊલટાના ૧૯૮૯ના 'મંડલ-મંદિર' જેવા બે મજબૂત રાજકીય ધ્રુવો ઊભા કરી જાણે ધર્મવિગ્રહ અને જાતિવિગ્રહની સ્થાપના જ કરી કાઢી... હિંદુત્વના બહાને રાષ્ટ્રવાદ તરફ અને રાષ્ટ્રવાદના બહાને ક્યારે બહુમતીવાદ તરફ ધકેલાયા એનું ભાન જ ન રહ્યું. લોકશાહી, રાષ્ટ્ર અને માનવતા માટે ચાહે બહુમતીવાદ હોય કે લઘુમતીવાદ, ચાહે હિંદુત્વ આધારિત બહુમતીવાદી રાજનીતિ હોય કે ચાહે મુસ્લિમ તૃષ્ટિકરણ આધારિત લઘુમતિની રાજનીતિ, બંને ઘાતક છે'' આપણી આંખ ઉઘાડનાર અને દિશાપ્રેરક બની રહે છે.

હિંદુ સમાજમાં સદીઓથી ઘર કરી ગયેલી સામાજિક અસમાનતા – ઊંચનીચની અન્યાયી પ્રથા જ્યાં સુધી નાબૂદ ન થાય ત્યાં સુધી અન્યાય અને શોષણનો ભોગ બનેલાઓ માટે બાપુ અનામતના પક્ષધર હતા. ગાંધીજીના આ દૃષ્ટિબિંદુ સાથે પ્રકાશ ન. શાહ અને લહેરીસાહેબ અનામત આપવી તે સાચો સામાજિક ન્યાય' તરીકે સ્વીકાર કરે છે. અન્ય ચિંતકો આ પ્રશ્ને સંવેદનશીલ હોવાની સાથે શોષિતોના સાથે વિકાસ અને સામાજિક સમાનતા કેળવવા હેતુ અન્ય જરૂરી ઉપાયો અને સુવિધાઓ પૂરી પાડવા સાથે રાજકીય બદઇરાદાઓ

– વોટબૅન્ક – હેતુ થઈ રહેલ અનામતના ઉપયોગનો વિરોધ કરે છે. આ પ્રથાથી ઊભી થઈ રહેલ અન્ય સંભવિત સમસ્યાઓ પણ રેખાંકિત કરી આપે છે. પાકિસ્તાન સાથે વ્યવહાર, કાશ્મીર સમસ્યા અને બિનસાંપ્રદાયિકતા સંદર્ભે બધા જ ચિંતકો ગાંધી ચીંધ્યા માર્ગે સૌહાર્દપૂર્ણ સંબંધો કેળવવા – પૂર્વ અને પશ્ચિમ જર્મનીની દીવાલ તૂટી શકતી હોય તો ભારત-પાક બાંધવો એક થઈ શકે તેવા વિશ્વાસ સાથે – ના હિમાયતી રહ્યા છે. આ જ રીતે રાષ્ટ્રના સુશાસન માટે કોઈ ધર્મ કે જાતિને ધ્યાને લીધા સિવાય બંધારણની મર્યાદામાં કોમન સિવિલ કોડ તૈયાર કરી અમલીકૃત કરવા સૌએ સંમતિ દર્શાવી છે.

આજની શિક્ષણપ્રણાલીની બદીઓથી સૌ જ્ઞાત અને ગ્રસ્ત પણ છે. અને તેથી સૌએ ગાંધીજીની નઈ તાલીમનું આધુનિક મોડલ અમલમાં મૂકવા સૂચવ્યું છે. સ્વચ્છતા, નારીસ્વાતંત્ર્ય અને નારીશોષણ નાબૂદીના બાપુ હિમાયતી રહ્યા હતા અને આજના પરિપ્રેક્ષ્યમાં બાપુ સભાનતા સાથે વિશેષ સક્રિય બની રહેત એવું સૌનું મંતવ્ય રહ્યું છે. જોકે વસ્તી-નિયંત્રણ વિશે બાપુ બ્રહ્મચર્ય અને સંયમ પાળવાના આગ્રહી રહ્યા હોત તેવું મોટા ભાગનાનું વલણ રહ્યું છે. વિદેશી ચીજોના બહિષ્કાર સંદર્ભે બાપુ વિદેશી વસ્ત્રોની હોળી જેવો બહિષ્કાર ન જ અપનાવત, પરંતુ રાષ્ટ્રહિતને કેન્દ્રમાં રાખીને વિવેકપુરઃસર બાહ્ય ચીજોની જરૂરિયાત ઘટાડવા માટે સ્વાશ્રયી બનવા – સ્વદેશી ચીજો વાપરવાના આગ્રહી બની રહેત. અહીં જે ચિંતકોનાં મંતવ્યો ગ્રંથસ્થ કર્યાં છે તે પૈકી શ્રી જયંતીભાઈ દેસાઈ દ્વારા પ્રત્યેક પ્રશ્નને વિચાર, અભિગમ, આગ્રહો અને ચિંતનના પેટામથાળા હેઠળ સોદાહરણ, સાધાર અને સૌથી વધુ સવિસ્તાર પોતાનું મંતવ્ય સમજાવવામાં આવ્યું છે, જે વિશેષ ધ્યાનાર્હ બની રહે છે, જ્યારે પ્રવીણ પંડ્યાએ સૌથી ટૂંકું છતાં ગાંધીજીનાં અવતરણો સૌથી વધુ વખત ઉદ્‌ધૃત કર્યાં છે. લહેરીસાહેબનાં અસંદિગ્ધ મંતવ્યો મમળાવવાનો લ્હાવો અનેરો બની રહે છે.

સંપાદક-પ્રકાશક બેલડીનો રાષ્ટ્રની પ્રવર્તમાન સમસ્યાઓ શોધીને રેખાંકિત કરી આપીને વિચારશીલ ગાંધીજનો પાસેથી ગાંધીને અભિપ્રેત એવા ઉત્તરો – ઉપાયો મેળવીને – ગાંધીજીને શબ્દદેહે પુનર્જીવિત કરવાનો આ પ્રયાસ શ્લાઘનીય બની રહે છે. આશા રાખીએ કે આ સંદર્ભે પ્રજાજનોમાં જાગ્રતિ આવે અને આપણા રાજકીય ધુરીણો ભારતની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા – ગાંધીને અભિપ્રેત એવી ઓળખ હેતુ અહીં નિર્દેશ્યા માર્ગે પ્રવૃત્ત થાય.

●

**મહાત્મા ગાંધી સાથે સંવાદ** / સંપાદન : પ્રભાકર ખમાર; સહાયક : અનિલ ખત્રી. અમદાવાદ : ગૂર્જર, ૨૦૨૦. ૮ + ૮૮ પૃ. ISBN : ISBN-૯૭૮-૯૩-૫૧૬૨-૬૬૩૩, કિં. રૂ. ૧૦૦.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ઉપલક્ષ્યમાં ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ દ્વારા ગાંધી જીવનદર્શન વિશે સારી એવી સંખ્યામાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં છે. આ પૈકી કેટલાંક પુસ્તકોના અકલ્પ્ય એવા વિષયો અને પ્રવર્તમાન સમયમાં તેની પ્રસ્તુતતાને ધ્યાને લેતાં હૃદયને સ્પર્શી જાય તેવાં હોઈ તેના લેખકો/સંપાદકો અને તેની સાથે મૂઠી ઊંચેરા દૃષ્ટિ સંપન્ન પ્રકાશક શ્રી મનુભાઈ શાહ આપણાં વંદનના અધિકારી બની રહે છે.

પ્રસ્તુત પુસ્તક ‘સંવાદ’માં સંપાદકશ્રી પ્રભાકર ખમારે ગાંધીકૃત સાહિત્યનું અવગાહન કરીને - ગાંધી સાહિત્યરૂપી મહાસાગરમાં ડૂબકી લગાવીને વિચારપ્રેરક અને માર્ગપ્રશસ્ત કરનાર સામગ્રીનું ચયન કરીને રજૂ કરી છે. અને તે પણ વિવિધ સ્તરના વ્યક્તિઓ / જિજ્ઞાસુઓ દ્વારા ગાંધીજીને સમયાન્તરે વિવિધ વિષયક પૂછવામાં આવેલા પ્રશ્નો અને ગાંધીજીએ જ આપેલા તેના ઉત્તરો તેમના જ શબ્દોમાં. પરિણામસ્વરૂપે તેની દસ્તાવેજી વિશ્વસનીયતા બની રહે છે. વિશ્વ-વંદનીય આપણા બાપુનાં માનવીય મૂલ્યો, વિશ્વશાંતિ અને વિશ્વબંધુત્વ સંબંધી વિચારો વિશ્વભરમાં પ્રસ્તુત બની રહ્યા હોવા છતાં ગાંધીજી વિશે ચોરે ને ચોટે સામાન્ય જિજ્ઞાસુઓ / બૌદ્ધિકોમાં પણ કેટલાક અજીબોગરીબ પ્રશ્નો / સંશયો અને આ પૈકી ઘણાખરા તો ગાંધી સાહિત્યનું અધ્યયન કર્યા સિવાય તથાકથિત વહેતી વાતોના આધારે ચર્ચાતા સાંભળવા મળે છે. આવા અનેકાનેક પ્રશ્નોના ગાંધીના મુખે જ તેના ઉત્તરો મેળવવા માટે આ ગ્રંથનું અદકેરું દસ્તાવેજી મૂલ્ય બની રહે છે. આ પ્રકારના ગ્રંથનું સંપાદન કરવાનો વિચાર કોઈ ગાંધીજનને, ગાંધીસાહિત્યના

આકંઠ અભ્યાસીને જ આવે અને તે જ સાકાર કરી શકે. આ માટે સંપાદક શ્રી પ્રભાકરભાઈ ને સલામ.

ગાંધીજીને પૂછવામાં આવેલા બહુવિધ પ્રશ્નો પૈકી અહીં આશરે ૨૦૫ જેટલા પ્રશ્નો-ઉત્તરો ગ્રંથસ્થ કરવામાં આવ્યા છે. કેટલાક પ્રશ્નો અને ઉત્તરો સંક્ષેપમાં જોઈએ : તમે મહાત્મા છો કે ? સાથે સાથે સ્ટેટ્સમેન - 'જે મહાત્મા છે તે સ્ટેટ્સમેન હોવો જ જોઈએ. હું મહાત્મા નથી', આપને હિંદુસ્તાનના સરમુખત્યાર બનાવવામાં આવે તો - ''હું ડિકટેકટર બનું નહીં અને માની લો કે બનું તો વાઈસરોય-ભવનને ઈસ્પિતાલમાં ફેરવી નાખું'', ગોવધ કાયદાથી બંધ કરવો - 'કાયદાથી કદાપિ બંધ ન થાય હિંદુધર્મ હિન્દુને ગોહત્યાનો નિષેધ કરે છે, આખી દુનિયાનો નહીં'', પ્રતિનિધિ કેવો હોવો જોઈએ તથા તેનો પગાર - 'ખાનગી જીવન અને ચારિત્ર્ય નિષ્કંલક. પોતાને માટે / કુટુંબ માટે વાજબી લાગે તેટલો', તમારા પુત્ર ઉપર ખૂનનું તહોમતનામું હોય તો - 'બચાવ ન કરવાની મારામાં હિંમત છે. ઘણાય મિત્રોને તેમ કરવા સલાહ આપી છે', કાંગ્રેસ કોમી સંસ્થા - 'કાંગ્રેસ કદી હિંદુ કોમી સંસ્થા નહીં બની શકે. એવી ઉમેદ રાખનારા હિંદના ને હિંદુ ધર્મના દુશ્મનો છે', રાષ્ટ્રભાષા હિંદી કે હિંદુસ્તાની - 'હિંદુસ્તાની'. દેશસેવા કરતાં કુટુંબસેવા ન કરવી જોઈએ ? - 'જરૂર કરવી જોઈએ પણ લોકસેવા - જગતના કલ્યાણની વિરોધી ન હોવી જોઈએ', શાસ્ત્ર કે શરિયતની વાત રાષ્ટ્રવિરોધી હોય તો - 'કોઈ પણ કોમ કે તેના ધર્મનું હિત અને રાષ્ટ્રનું હિત એક જ હોવાં જોઈએ', પ્રચલિત શિક્ષણ પ્રથા - 'તે ખોટી છે', તમે બળવો કરવા માગો છો - 'હા, પરંતુ વિકાસક્રમને અનુસરીને થતો વિપ્લવ અને તે વિના છૂટકો નથી', ખાદી મોંઘી છે - 'પરદેશી કપડું મફત મળે તો પણ મોંઘું છે, વિદેશી કપડાં બાળવામાં અહિંસાભંગવ્રતનો - મેલ ધોવામાં હિંસા નથી, જેમાં આત્માનું પતન છે તે પાપ છે'. આ ઉપરાંત અન્ય કેટલાક પ્રશ્નો જેવા કે નિશાળ છોડવાનું કહો છો ત્યારે આગગાડી, પાણીના નળનો લાભ વગેરે છોડવાનું કેમ કહેતા નથી ? રવીન્દ્રનાથ અને રામન જેવા પણ પોતાની રોટી શરીરશ્રમ વડે કમાય તેવો કેમ આગ્રહ ?, ઈશ્વરનાં દર્શન કર્યાં છે, હિંદ અને બ્રિટન વચ્ચે કેવો સંબંધ હોવો જોઈએ વગેરે દષ્ટ્વ્ય છે. ક્વચિત્ પ્રશ્નકર્તાના પ્રશ્ન, તેની ભાષા અને તાત્પર્યથી પ્રભાવિત થઈ ગાંધીજી અભિનંદન આપતા પણ જોવા મળે છે. આ બધા પ્રશ્નો અને ઉત્તરો સંદર્ભે ગાંધીજીએ નિખાલસતા સાથે જે એકરાર કર્યો છે તે ગાંધીજીને સમજવા માટે ધ્યાનાર્હ બની રહે છે : 'મારાં લખાણો એ મારા આદર્શો, આકાંક્ષા અને જીવનધ્યેયની રજૂઆત કરે છે પરંતુ મારી જીવનસિદ્ધિઓનો એ દસ્તાવેજ નથી, એનો ખ્યાલ દરેક વાચકે રાખવો જોઈએ'. ગાંધીજીએ આ પ્રકારના અકલ્પિત પ્રશ્નોના ઉત્તરો પરિપક્વ બુદ્ધિ અને શીઘ્રતાથી આપ્યા હતા. આ બધા પ્રશ્નોના ઉત્તરોમાં ગાંધીજીની પરિશુદ્ધ, કુશાગ્ર, જાગ્રત, વિવેકશીલ, સત્યદર્શી બુદ્ધિનું તાર્દશ્ય દર્શન' થવાની સાથે સંપાદકનો ગાંધીજી વિશેનો સઘન અભ્યાસ પરિલક્ષિત થાય છે.

સમગ્રતયા, વિષયવસ્તુને દષ્ટિએ અર્થાત્ ગાંધી વિચારને - ગાંધીજીને સમજવા માટે આ ગ્રંથ ગાંધી વિચારની હાથપોથી બની રહે છે. સંપાદકશ્રી પ્રભાકરભાઈએ ગ્રંથારંભે 'મહાત્મા ગાંધીનું મનોરાજ્ય : મંથન અને મંતવ્ય શીર્ષક હેઠળના સંપાદકીયમાં ગાંધીજીનું જીવન ખુલ્લી કિતાબ જેવું ગણાવીને તેમના જીવનસંદેશને - માનવજીવનનાં મૂલ્યોની માવજત કરે એવા અનુભવોની એરણ ઉપર ઘડાયેલા વિચારો - ને આત્મસાત કરવા માટે અભ્યાસની સાથે શ્રદ્ધા - ભકિતની આવશ્યકતા વિશે સંક્ષેપમાં છતાં ગાંધીભણી પ્રેરવા માટે અસરકાર વાત કરી છે. ગાંધી દર્શનથી અનુપ્રાણિત ઇલાબહેન ભટ્ટે આ ગ્રંથને આવકારતાં નોંધેલ શબ્દો : 'ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી પ્રસંગે ગાંધીવિચાર તેમને જ મુખે સમજવામાં ભાઈ પ્રભાકર ખમારનું આ પુસ્તક સૌને ઉપયોગી નીવડશે. તેવી મને આશા છે. વિવિધ સંવાદોને... સવાલ-જવાબને તવારીખ જાળવીને ભેગા કરી એકસૂત્ર પ્રસાદીરૂપે સંકલિત કરીને ભાઈ પ્રભાકરે દષ્ટિપૂત અને ઉપયોગી કામ કર્યું છે. આ પ્રકારનું સંકલિત પુસ્તક કદાચ સૌ પ્રથમ હશે.'' ધ્યાનાર્હ બની રહે છે. શાળા-કૉલેજ, સાર્વજનિક વગેરે ગ્રંથાલયો માટે આ ગ્રંથનું ઉમેરણ ગાંધીજી વિષયક દસ્તાવેજી સામગ્રીમાં વૃદ્ધિકારક બની રહેવાની સાથે ગાંધી વિષયક પ્રચલિત ભ્રાંતિઓના નિરાકરણ તથા ગાંધીજીને તેમના જ શબ્દોમાં સમજવા માટે મૂલ્યવાન બની રહેશે. ગ્રંથનો ગેટ-અપ ધ્યાનાકર્ષક છે.

આમછતાં, આ ગ્રંથને શાસ્ત્રીયતાની દષ્ટિએ

મૂલવીએ તો તેની મર્યાદા એ છે કે અહીં સમાવિષ્ટ અંદાજિત ૨૦૫ પ્રશ્નો - ઉત્તરો પ્રમુખ વિષયો હેઠળ વિભાજિત કરવામાં આવ્યા હોત અને અથવા ગ્રંથાન્તે ચાવીરૂપ શબ્દસૂચિ આપવામાં આવી હોત તો ગ્રંથના ઉપયોગની સરળતા વધી જાત ! આ સ્થિતિમાં કોઈ એક ચોક્કસ વિષય સંબંધી પ્રશ્ન / પ્રશ્નોની શોધ માટે સમગ્ર ગ્રંથમાંથી અનિવાર્ય પણે પસાર થવું પડે છે. પ્રશ્નોની ગોઠવણી કોઈ કાળક્રમમાં પણ નથી. આ ઉપરાંત પ્રશ્નો અને ઉત્તરોની વિશ્વસનીયતા અને આધારભૂતતા માટે - જો કે સંપાદકની નિષ્ઠા અને પ્રામાણિકતા સંદર્ભે કોઈ જ આશંકા નથી - છતાં તેના મૂળસ્રોતનો સંદર્ભ અનિવાર્ય બની રહે છે. આ દૃષ્ટિએ જોઈએ તો અહીં ફક્ત૪૮ પ્રશ્નો - ઉત્તરોના સ્રોતો દર્શાવવામાં આવ્યા છે : 'નવજીવન -૬, 'હરિજનબંધુ' - ૩૯, 'ગાંધીજીને કહાથા'-૧, 'ગાંધીશિક્ષણ'-૧, અને ફકત માસ અને વર્ષ (પૃ. ૩-૪) - ૧. વળી, આ બધા પ્રશ્નો કોણે પૂછ્યા અને બાકીના ૧૫૭ પ્રશ્નોના સ્રોતો ક્યાં શોધવા એ પ્રશ્ન બની રહે છે.

●

**આલોક / કેશુભાઈ પટેલ. અમદાવાદ : રંગદ્વાર પ્રકાશન, ૨૦૧૯. ૮ + ૧૦૪ પૃ. કિં. રૂ. ૧૨૦.**

ભકતકવિ ચંડીદાસના શબ્દો : 'સાબાર ઉપરિ માનુષ સત્ય, તાહાર ઉપરે કોઈ નાહિ = વિશ્વનું સૌથી મોટામાં મોટું સત્ય માનવતા છે, એનાથી કશું જ શ્રેષ્ઠ નથી' જેમના હૈયામાં વસેલા રહયા છે અને અંતિમ ક્ષણ સુધી માનવતા ન વિસરાય તે માટે ઈશ્વરને સતત પ્રાર્થના કરી રહેલા આચાર્યશ્રી કેશુભાઈ પટેલ (૧૯૩૧) આકંઠ શિક્ષકનો જીવ છે. એક સહૃદયી, સેવાપરાયણ અને વિદ્યાર્થી-વત્સલ અધ્યાપક / આચાર્ય તરીકે તેમણે ભારે લોકચાહના મેળવી છે. માણસાની આર્ટ્સ - કૉમર્સ કૉલેજના પ્રિન્સિપાલપદેથી સેવાનિવૃત્ત (૧૯૯૧) થયા બાદ મહેસાણામાં સ્થાયી થયા છે અને આજે ૯૦ વર્ષે પણ વાચન, સર્જન અને સ્મૃતિસમૃદ્ધ બની રહયા છે.

'આલોક' એ તેમનો તાજેતરમાં પ્રગટ થયેલો ગ્રંથ છે કે જેમાં પોતાના આયખાભરનાં કેટલાંક હૃદયસ્પર્શી સ્મૃતિસંવેદનોને ૨૯ લલિત નિબંધોમાં વાચા આપી છે. જેમાં પોતાની વિષમ પરિસ્થિતિઓમાં હાથ પકડનારાઓ, હૂંફ આપનારાઓ, સૌજન્ય દાખવનારાઓ કે પીઠ થાબડનારાઓ પૈકી પોતાના ગામના કાન્તિભાઈ પંડ્યા, કાન્તિભાઈ પટેલ, પોપટભાઈ, એન્જિનિયર મોહનકાકા વગેરે, મોડેલ સ્કૂલના ટ્રસ્ટી શ્રી વિષ્ણુપ્રસાદ ઠાકોર અને આચાર્યશ્રી સોલંકીસાહેબ, પ્રો. અનંતરાય રાવળસાહેબ, વિદ્યાર્થી દંતચિકિત્સક કાન્તિ પટેલ વગેરે ઘણાં બધાં પ્રતિ દિલથી ઋણસ્વીકારની ભાવના વ્યકત કરી છે. અને તેટલી જ સહજતાથી પોતાની મર્યાદાઓ પણ જણાવી છે. આ વાત આટલેથી જ અટકતી નથી, પરંતુ ઉઘાડી આંખે જે અનુભવ્યું છે - સમાજદર્શન કર્યું છે, કવચિત આપણામાં ઘર કરી ગયેલા પરંપરાગત ખ્યાલો, જેમકે, મુસલમાન એટલે... ડૉક્ટર એટલે... ના સ્થાને માનવતાનાં અમીઝરણાં જેમના હૃદયમાં વહ્યા કરે છે તેવા પોતે અનુભવેલાં મૂઠી ઊંચેરાં માનવીઓનાં અહીં દર્શન કરાવ્યાં છે, જેમ કે કોમી હુલ્લડગ્રસ્ત અમદાવાદનો એહમદમીયાં ટાંગાવાળો કે જેણે બે અજાણ્યા રખડું હિન્દુ છોકરાઓને (આ પૈકી એક સ્વયં લેખક) પનાહ દીધી. ભાડું તો એક બાજુ રહ્યું અને આ ભૂખ્યાં બાળકોને ચણા ખવડાવ્યા અને સલામત ઠેકાણે પહોંચાડ્યાં, તો બીજી બાજુ આણંદની મિશનરી હૉસ્પિટલના ડૉ. કૂકે ટી.બી.ગ્રસ્ત લેખકની ફી તો ન લીધી, પરંતુ પોતાના ટેબલ પર પડેલા વિઝિટ ફીના પૈસામાંથી મુઠો ભરીને નોટો લેખકના ગજવામાં ઘાલીને કહ્યું 'મારે તને મરવા દેવાનો નથી'. લેખક ડૉક્ટર કૂકને વિકટર હયુગોની વિખ્યાત નવલકથા 'લામિઝરેબલ'ના કેન્દ્રીય ચરિત્ર જિન વાલજીન સાથે સરખાવીને મનોમન વંદન કરતા જોવા મળે છે.

પોતાને મદદરૂપ નીવડનારા ઘણા બધાઓ કઈ રીતે પોતાને ઉપકારક નીવડયા તેમના પ્રતિ ઓશિંગણભાવ તો પ્રગટ કરવા ઉપરાંત સમાજજીવનમાં પોતાના સંપર્કમાં આવનાર વિવિધસ્તરનાં ઉદાહરણસ્વરૂપ ભોળાં માનવીઓનાં રેખાચિત્રો પણ અહીં છે કે જે વાચક માટે દીવાદાંડી બને તેવાં છે, જેમકે પોતાના જ ગામનો મેલોઘેલો કુંવારો ખેમો રામજી રાજી રહે તેવાં કાર્યો - ઉનાળાના ધોમધખતા તાપમાં વાડોલિયામાં પાણીનું સિંચન કરવું, કૂતરાં વગેરેને રોટલા ઉઘરાવી ખવડાવવા વગેરે - કરનાર, પોતાનાં પડોશણ બાળવિધવા શુચિવ્રતા માણેક મા કે જેમના કારણે લેખકમાં અને પોતાના મહોલ્લામાં 'બ્રાહ્મણિયા સંસ્કાર'નું સિંચન થવું વગેરે. આ સાથે જ ગાંધીજીવન - દર્શનથી પ્રભાવિત કેટલાક કર્મશીલો કે જેમના સીધા સંપર્કમાં

લેખક આવ્યા છે તે પૈકી પૂ. રવિશંકર મહારાજ, શ્રી નાગજીભાઈ દેસાઈ - શાંતાતાઈ, અને ડૉ. દેવયોગી વગેરેનાં ચરિત્રાંકનોમાં તેમની કાર્યશૈલી, માનવજાત માટે કંઈક કરી છૂટવાનો ધખારો અને આ સાથે જ તે બધાંની અનાસકત ભાવના ઉજાગર કરી આપી છે. શ્રી રવિશંકર મહારાજને માણસા કૉલેજમાં બપોરના ભોજન બાદ ગોષ્ઠી માટે નિમંત્રિત કરતાં પાણી સિવાય લીંબુનું શરબત પણ 'મારે ખપનું નથી' તેમ કહી તેનો અસ્વીકાર કરવો, જેમાં તેમની અપરિગ્રહ અને અકિંચન ભાવનાનાં દર્શન કરી લેખકે આજની પરિસ્થિતિ સંદર્ભે તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં વ્યથા સાથે નોંધેલ શબ્દો : 'ક્યાં આજના ભ્રષ્ટાચારી સરકારી તંત્રના અબજો રૂપિયા વગે કરતા રાજકારણીઓ, અમલદારો અને કયાં એ વખતના આવા પૂજનીય રવિશંકર મહારાજની અનાસકત ભાવના' સુચિંતનીય બની રહે છે. આ જ રીતે સુરેન્દ્રનગરમાં સ્થાઈ થયેલાં નાગજીભાઈ દેસાઈ - શાંતાતાઈ ને 'અનોખી સારસ્વત જોડી' તરીકે ઓળખાવીને તેમનાં વિશુદ્ધ પ્રેમ - ભાવના અને માનવતાને ઉજાગર કરતાં સેવાકાર્યોનો વિગતે પરિચય કરાવ્યો છે. આ ગ્રંથના અંતિમ લેખ 'ઉફરા ચાલનારા ડૉ. દેવ યોગી'માં પ્રારંભમાં માણસા કૉલેજ અને બાદમાં કડીની પ્રમુખ સ્વામી સાયન્સ કૉલેજમાં વનસ્પતિશાત્રના અધ્યાપક તરીકે નિવૃત્તિપર્યંત સેવાઓ આપનારા તથા નવી કેડી કંડારનાર માનવતાના ભેરુ ડૉ. દેવ યોગીએ પ્રારંભમાં નાની કડીમાં અપંગ બાળાઓ માટે 'મમતા કેન્દ્ર'ની સ્થાપના કરી સેવાકાર્યોની શરૂઆત કર્યા બાદ નિવૃત્તિ પછી પ્રાપ્ત નિવૃત્તિવેતનની સઘળી રકમ સેદ્રાણા (સિદ્ધપુર - કાકોશી રોડ)માં રળિયામણી વનસ્થલીનો વિકાસ કરવામાં ખરચીને તેમાં વૃદ્ધાશ્રમ અને અનાથાશ્રમ સ્થાપીને સેવકાર્યોમાં વ્યસ્ત અને મસ્ત રહેનારા એકલવીરના સેવાયજ્ઞને સલામ કરીને તેમનો પરિચય કરાવ્યો છે. આ સાથે જ થોડાક લેખોમાં માનવજીવનમાં ગુરુના સ્થાનનો મહિમા સાધાર વર્ણવીને પોતાના વિદ્યાગુરુજનોનાં સ્નેહસંભારણાં - તેમની ભણાવવાની ખાસિયતો, વિદ્યાર્થી પ્રેમ, લાક્ષણિકતાઓ વગેરે વર્ણવીને તેમની સાદરવંદના કરતાં લેખકે નોંધ્યું છે કે 'આવા ગુરુજનો એ જ તો મારા જીવનનું અમૂલ્ય સંભારણું છે.' જે ધ્યાનાર્હ બની રહે છે. અહીં લેખક પોતાના ગુરુજનો પ્રત્યે કેટલી અસાધારણ આદરભાવના ધરાવે છે તેનાં શબ્દે-શબ્દે દર્શન થાય છે. ગુરુમહિમા અને ગુરુજનોની સ્મૃતિ ઉજાગર કરવાની સાથે સાથે અત્ર તત્ર પ્રવર્તમાન - શિક્ષણ - પ્રણાલી / રીતિ - નીતિ સામે સંબંધિતોને ઉદ્‌બોધન કરતા પણ જોવા મળે છે : 'જે અધ્યાપક પૂરેપૂરી નિષ્ઠા રેડી, મહેનત કરી વિદ્યાર્થીઓને સારું ભણાવવા કોશિશ કરે છે એ સમગ્ર વિદ્યાર્થી આલમમાં પ્રિય અને આદરપાત્ર બને છે. આ બધા વિદ્યાર્થીઓ માટે વશીકરણ મંત્ર એ માત્ર સારું અધ્યાપન છે' (પૃ. ૫૭), 'ઉત્તમ અધ્યાપક કદી અવસાન પામતો નથી, એ તો એના પ્રિય શિષ્યોના હૈયામાં જીવતો જાગતો બેઠેલો હોય છે' (પૃ. ૫૭), 'આપણે પાથેર પાંચાલીવાળા સત્યજીત રે નો રસ્તે ચૂકી ગયા છીએ કારણ કે પડકારો ઝીલવા કરતાં સલામત સુંવાળપ આપણને ગમે છે' (પૃ. ૬૮), 'તમારી નોટબુકના પહેલા પાને લખી રાખો - 'મારે જે કંઈ કામ કરવાનાં છે તેમાં દિલ દઈને, પૂરી નિષ્ઠા રેડી સારામાં સારું કામ થાય તેમ કરીશ અને કદી કામમાં વેઠ નહિ વાળું' (પૃ. ૫૯) વગેરેમાં તેમનાં ચિંતન અને અનુભવના વિત્તનાં સહજમાં દર્શન થાય છે. આ શીખ અંકે કરવા જેવી છે. આ સાથે જ પ્રવર્તમાન સમયમાં આર્થિક સમૃદ્ધિ વચ્ચે પણ વૃદ્ધો એકાકી જીવન પસાર કરી રહ્યા છે તે વિશેની હૃદયસ્પર્શી બે ઘટનાઓનાં ચિત્રણો આંખ ઉઘાડનારાં બની રહે છે.

સમગ્રતયા આ બધાં સ્મૃતિસંવેદનોના પાને-પાને એક સહૃદયી અને સાચુકલા જીવંતશિક્ષકનાં દર્શન થાય છે. અને તેથી જ આપણા પ્રાજ્ઞપુરુષ ગુણવંત શાહે આ પુસ્તકને આવકારતાં નોંધ્યું કે : 'પુસ્તક વાંચી રહ્યો ત્યારે કેશુભાઈ જેવા શિક્ષકની અંતઃસમૃદ્ધિ આગળ મારું માથું નમી રહ્યું. નાસ્તિક મનુષ્ય પણ આસ્તિક બની જાય એવી ઘણી વાતો કેશુભાઈના આત્મવૃત્તાન્તના પાને-પાને વાંચવા મળે છે. પુસ્તકમાં પાને-પાને શિક્ષકની નિષ્ઠાની ઉત્ક્રાંતિની મનોહર વાર્તા પ્રગટ થતી દીસે છે. એમાં ક્યાંય આત્મશ્લાઘા નથી. એમાં તો પોતાને ખરે ટાણે મદદરૂપ થનાર અનેક મનુષ્યોને યાદ કરીને ઈશ્વરકૃપાનો ધોધ નિહાળનારી ભકિતની શોભા પ્રગટ થતી રહે છે.... હું આ પુસ્તકને માથું નમાવીને આવકારું છું. સુશિક્ષણમ્ વિના સુજીવનમ્ ક્યાંથી ? કોઈ શિક્ષક જ્યારે અંદરથી કોળી ઊઠે ત્યારે ગુરુ બની રહે છે.'

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### ઔદ્યોગિક મુલાકાત

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) ના ૨૫૦ વિદ્યાર્થીઓએ આર્કોગુલ કંપનીની ઓનલાઈન મુલાકાત તા. ૯ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ લીધી હતી. પ્રયોગથી વિદ્યાર્થીઓ પણ કંપનીની વર્ચ્યુઅલ મુલાકાત માટે ઉત્સાહિત રહ્યા હતા. આ સાંપ્રત પડકારજનક સમયમાં આચાર્યશ્રી ડૉ. રમાકાન્ત પૃષ્ટીએ આ મુલાકાત બાબત માટે કંપનીના અધિકારીશ્રીઓનો ખાસ આભાર માન્યો, તેમજ વિદ્યાર્થીઓને આ મુલાકાત થકી ઔદ્યોગિક ક્ષેત્રના પ્રાયોગિક જ્ઞાનવર્ધન માટે ઈજન આપ્યું હતું. કંપનીના ચેરમેનશ્રી વિપુલભાઈ કે. પટેલ તથા તેમના સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને કંપની સંબંધી તલસ્પર્શી માહિતી આપવામાં આવી હતી.

### પીએચ.ડી.

● કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓને તેમના નામ સામે જણાવેલ શોધપ્રબંધ સ્વીકારીને તેમને Ph.D. ની ડિગ્રી એનાયત કરવામાં આવી.

**Biotechnology**

1. Kasudiya, Trupti Vinaychandra : 'Correlative Study of Foeto-Sonography & Biological Markers For Early Identification of Abnormal Foetus" / Subject : Biotechnology / Guide : Dr. Rakesh Rawal /Ref. N0. Ph.D. / 403/ 2019. 26/11/2019.

**Chemistry**

2. Lagdhir, Mohit Jeetendrabhai : 'Synthesis of Some Novel Bioactive Heterocyclic Motifs and its Biological Study' / Subject : Chemistry / Guide : Dr. Chintan V. Pandya / Ref. No. Ph.D. /423/2020. 09-05-2020

3. Patel, Dharmeshkumar Rajeshkumar : 'Isolation and Characterization Of Some Bio-Active Medicinal Plants' / Subject : Chemistry / Guide : Dr. Chintan V. Pandya / Ref. No. Ph.D. /425/2020. 13-05-2020

4. Patel, Nirav Prafulbhai : 'Estimation of Selected Drugs in Human Matrix By Lcms/ Ms and Its Application to Bioequivalence Study' / Subject : Chemistry / Guide : Dr. Mallika Sanyal /Ref. No. Ph.D. /424/2020. 11-05-2020

**Civil Engineering :**

5. Desai, Sejal Dhyanesh 'Analysis and Optimization of Water Distribution System Using Computational Techniques' / Subject : Civil Engineering / Guide : Dr. Gargi Rajpara / Ref. No. Ph.D. /427/2020. 13-06-2020

6. Pandya, Jigar Vikrambhai : 'Critical Factors Affecting Real Estate; Evaluation of Tangible and Intagible Parameters Affecting Property Value' / Subject : Civil Engineering / Guide : Dr. Vikram M. Patel / Ref. N0. Ph.D. / 393/ 2019. 17/08/2019.

**Commerce**

7.Arora, Radhika : 'Study and Analysis of Investment Opportunities in the Electronic Manufacturing Sector in Context to Consumer Electronic Products In India' / Subject : Commerce / Guide : Dr. Vigna M. Oza / Ref. N0. Ph.D. / 406/ 2019. 13/12/2019.

**Computer Science**

8. Jani, Kaushal Maheshbhai : 'Object Detection For Driving Assistance In Autono-

mous Defence Vehicle' / Subject : Computer Science / Guide : Dr. Nileshkumar K. Modi / Ref. No. Ph.D. /422/2020. 07-05-2020

### Economics

9.Ishwar Kumar : 'An Economic Analysis of Employee Turnover & Engagement and Framework Designing for Productivity Improvement of Apparel Industry' / Subject : Economics / Guide : Dr. Natubhai B. Patel / Ref. N0. Ph.D./404/ 2019. 02/12/2019.

### Education

10. Hema G. : 'Effectiveness of Intervention Programme to Enhance Adversity Quotient of Higher Secondary School Students" / Subject : Education / Guide : Dr. Sanjay M. Gupta / Ref. N0. Ph.D. / 395/ 2019. 12/09/2019.

11. Jani, Kalpesh Jayantilal : 'A Study of Emotional Intelligence and Mental Health of English Medium Higher Secondary Students' / Subject : Education / Guide : Dr. Bhavik M. Shah / Ref. N0. Ph.D. / 416/ 2020. 29/01/2020.

12. Jha, Sushma Kumari : 'Effectiveness of Intrapersonal, Interpersonal and Naturalistic Based Teaching Strategies on Academic Achievement of Secondary School Students' / Subject : Education / Guide : Dr. Bhavik M. Shah / Ref. N0. Ph.D. / 415/ 2020. 29/01/2020.

13. Patel, Himanshukumar Manilal : 'Construction and Standardization of Primary Teacher Aptitude Test' / Subject : Education / Guide : Dr. Harikrishna A. Patel / Ref. N0. Ph.D. / 396/ 2019. 30/09/2019.

### Electrical Engineering

14. Patel, Amit Narayanbhai : 'Computer Aided Design, Parametric Analysis & Performance Improvement of Axial Flux Permanent Magnet Brush Less DC (PMBLDC) Motor' / Subject : Electrical Engineering / Guide : Dr. Bhavik N. Suthar / Ref. N0. Ph.D. / 410/ 2019. 27/12/2019.

### English

15. Budhbhatti, Kamlesh Kantilal : 'An Ecopsychanalytical Reading of Select Poems of T. S. Eliot' / Subject : English / Guide : Dr. Hitesh D. Raviya / Ref. N0. Ph.D. / 421/ 2020. 16/03/2020.

16. Sharma, Hardik Shankarbhai : 'An Evaluation of English Curriculum of UG Courses Under Choice Based Credit System In The Universities of Gujarat' / Subject : English / Guide : Dr. Vikas M. Raval / Ref. No. Ph.D. /428/2020. 29-06-2020.

### Gujarati

17. Patel, Hardika Pravinkumar : એકવીસમી સદીના પ્રથમ દાયકાની નવલકથાઓમાં 'નારીપાત્રો : એક અધ્યયન.' / Subject : Gujarati / Guide : Dr. Hasyada B. Pandya / Ref. N0. Ph.D. / 420/ 2020. 06/03/2020.

### Pharmaceutical Science

18.Bhatt, Dhara Rajendrakumar : 'Study of Some Medicinal Plants for Their Activity on Breast Cancer" / Subject : Pharmaceutical Science / Guide : Dr. Maitreyi Zaveri / Ref. N0. Ph.D. / 408/ 2019. 24/12/2019.

19. Dave, Dhwani Tarunkumar : 'Antidiabetic Activity of Polysaccharide Fraction/ s of Vitex Negundo linn. Leaves: Exploring Possible Mechanisms" / Subject : Pharmaceutical Science / Guide : Dr. Mustakim M. MansurI / Ref. N0. Ph.D. / 413/ 2020. 04/01/ 2020.

20. Patel, Roshni Satishkumar : 'Evaluation of Insulin Sensitizers and Sex Hormone Modulators in Letrozole Induced and High Fat Diet-Streptozotocin (Hfd-Stz) Induced Rat Model For Polycystic Ovary Syndrome" / Subject : Pharmaceutical Science / Guide : Dr. G. B. Shah / Ref. N0. Ph.D. / 392/ 2019. 13/ 08/2019.

21. Patel, Shekhaben Arvindkumar : 'A Study on Competency Analysis for Medical Representatives in the Indian Pharmaceutical Sector' / Subject : Management / Guide : Dr. Indra Sen Singh / Ref. N0. Ph.D. / 407/ 2019. 16/12/2019.

22. Rathod, Mansi Mukeshbhai : 'Formulation and Characterization of Nasal Spray for Highly Metabolized Drugs' / Subject : Pharmaceutical Science / Guide : Dr. Punit Parejiya / Ref. N0. Ph.D. / 418/ 2020. 29/02/2020.

23.Soni, Arunkumar Kiritkumar : 'Pharmacological Approach to Study the Association Between Obesity and Asthma' / Subject : Pharmaceutical Science / Guide : Dr. Shrikalp Deshpande / Ref. N0. Ph.D. / 398/ 2019. 24/10/2019.

**Library & Information Science**

24. Patel, Hiral Thakorlal : 'A Study on the Awareness of Legal Aspects Among Indian Library Professionals" / Subject : Library & Information Science / Guide : Dr. Hanumappa Anilkumar / Ref. N0. Ph.D. / 402/ 2019. 19/11/2019.

**Management**

25. Dua, Hemali Prakashbhai : 'Impact of Mergers on Indian Banking Industry' / Subject : Management / Guide : Dr. M. Mallikarjun / Ref. N0. Ph.D. / 414/ 2020. 07/ 01/2020.

26. Joshi, Neeta Piyushbhai : 'A Study on the Impact of Demographic and Psychographic Factors on Investment Pattern of Mutual Fund Investors of Gujarat State' / Subject : Management / Guide : Dr. Indra Sen Singh / Ref. N0. Ph.D. / 394/ 2019. 31/08/2019.

27.Mehta, Krupa Kirtikumar : 'A Study on Consumer Behaviour towards Private Label Brands With Respect to Groceries' / Subject : Management / Guide : Dr. Bhavin U. Pandya / Ref. N0. Ph.D. / 401/ 2019. 11/ 11/2019.

28.Mohanty, Sushil Sudamchandra : 'A Study on Lead Lag Relationship Among Selected Indices of American and Asian Stock Markets' / Subject : Management / Guide : Dr. Priyanka B. Pathak / Ref. N0. Ph.D. / 400/ 2019. 09/11/2019.

29. Patel, Krutibahen Rameshbhai : 'Study of An Occupational Role Stress of Women Working in Hospitals of Ahmedabad' / Subject : Management / Guide : Dr. Indra Sen Singh / Ref. N0. Ph.D. / 417/ 2020. 27/02/2020.

30. Rami, Ashishkumar Subhashchandra : 'Measuring Effectiveness of Marketing Strategies for Gujarat Tourism with Reference to Satisfaction Level of Tourists' / Subject : Management / Guide : Dr. Kavita Pradeep Kshatriya / Ref. N0. Ph.D. / 419/ 2020. 04/03/2020.

31. Salvi, Priti Devendrakumar : 'Analyzing the Impact of Sales Promotion on Consumer Buying Behavior: A Study of Organized Apparel Retailers in Gujarat" / Subject : Management / Guide : Dr. Kavita Pradeep Kshatriya / Ref. N0. Ph.D. / 412/ 2020. 04/01/2020.

32. Shah, Bhavik Sureshkumar : 'An Empirical Study on Impact of Advertisement on Buyung Behaviour and Health of Teenagers With Reference to Fast Food' / Subject : Management / Guide : Dr. Ramakanta Prusty / Ref. N0. Ph.D. / 409/ 2019. 26/12/2019.

33. Sheth, Yesha Harishbhai : 'Retention of Knowledge Workers With Reference to Information Technology Industry' / Subject : Management / Guide : Dr. Indra Sen Singh / Ref. N0. Ph.D. / 411/ 2019. 30/12/2019.

**Mathematics**

34. Chauhan, Ashaba Devrajsinh : 'A Study on Optimal Inventory Policies with Uncertain Framing" / Subject : Mathematics / Guide : Dr. Hardik Soni / Ref. N0. Ph.D. / 397/ 2019. 19/10/2019.

35. Suthar, Dipaliben Narendrabhai : 'Modelling of Inventory Problems in Uncertain Environment" / Subject : Mathematics / Guide : Dr. Hardik Soni / Ref. N0. Ph.D. / 405/ 2019. 11/12/2019.

36. Suthar, Shivangi Narendrabhai : 'A Study on Inventory Models Under Imprecise Framework" / Subject : Mathematics / Guide : Dr. Hardik Soni / Ref. N0. Ph.D. / 399/ 2019. 09/11/2019.

**Mechanical Engineering**

37. Gajjar, Nimeshkumar Maheshbhai : 'Experimental Investigation On HFO - 1234yf As A Replacement Of R-134a In Domestic Refrigerator' / Subject : Mechanical Engineering / Guide : Dr. Nilesh M. Bhatt / Ref. No. Ph.D. /426/2020. 25-05-2020.

**Physics**

38. Patel, Ghanshyambhai Rambhai : 'Search of An Equation of State For Nanomaterial and Effect of Size on Properties of Nanomaterial' / Subject : Physics / Guide : Dr. Tushar C. Pandya / Ref. No. Ph.D. /429/2020. 01-08-2020

## વ્યાખ્યાન

● શ્રીમતી એમ. પી. પટેલ કૉલેજ ઑફ કોમર્સ એન્ડ સેન્ટર ફોર પ્રોફેશનલ કોર્સિસ તથા શ્રી એચ. પી. પટેલ પોસ્ટ ગ્રેજ્યુએટ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કોમર્સ દ્વારા ઓન લાઈન વ્યાખ્યાન શ્રેણીનું આયોજન B. com. અને M. com.ના વિદ્યાર્થીઓ માટે તા. ૧૧ થી ૨૨ સપ્ટેમ્બર દરમિયાન કરવામાં આવ્યું. આ અંતર્ગત Accounting lssues in Business Combination : An Integrated Approach અને Jindagi Biggins' @ 21 વિષય પર પ્રો. પાર્થ ભટ્ટ (આસિસ્ટનટ પ્રોફેસર, આર. સી. કૉલેજ ઑફ કોમર્સ, અમદાવાદ)એ અકાઉન્ટ વિષયક્ષેત્રે સાંપ્રત સમયમાં બિઝનેસ કોમ્બિનેશન તેમજ 21મા વર્ષે જિંદગીમાં આવતાં પરિવર્તનો અને જીવન જીવવાની સરળ પદ્ધતિ, Rural Entrepreneurship વિશે ડૉ. આશિષ દવે (આચાર્ય, એચ. કે. આર્ટસ કૉલેજ, અમદાવાદ), Digital Trends in Modern Era વિશે ડૉ. અભિજિત સિંહ જાડેજા (આસિસ્ટન્ટ પ્રોફેસર, બી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ, ગાંધીનગર)એ વિદ્યાર્થીઓને ટેકનોલોજી શીખવા પ્રેરિત કરી ટેકનોલોજીનો ઉપયોગ કોમર્સમાં કેવી રીતે કરવો તેમજ ટેકનોલોજીના ભયસ્થાનો, પ્રો. કિશોર ગોહિલ (આસિસ્ટન્ટ પ્રોફેસર, દેહગામ કોમર્સ કૉલેજ)એ વિદ્યાર્થીઓને સરળ, આનંદયુકત જીવન જીવવા, CA કબીર મન્સૂરી (આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી નારાયણ કૉલેજ ઑફ કોમર્સ, અમદાવાદ)એ GSTની જરૂરિયાત તેમ જ વ્યવહારિક જીવનમાં તેના અમલ, Identify Your Hidden Skills વિષય પર સુશ્રી ગાયત્રી પંચાલ (GSTV)એ વિદ્યાર્થીઓને પોતાની આંતરિક શક્તિઓ વિકસાવવા વિશે સમજણ આપી હતી.

## શિક્ષક દિન

● આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કૉલેજ દ્વારા તા. ૫/૦૯/૨૦૨૦ ના રોજ ઓનલાઈન શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ અન્વયે તાલીમાર્થીઓએ વિવિધ વિષયોનો ઓનલાઈન અભ્યાસ કરાવ્યો હતો અને શિક્ષકનું સમાજમાં મહત્ત્વ શું છે ? ચાણક્યની શિક્ષણનીતિ, વર્તમાન સમયમાં શિક્ષક સમાજમાં કેવા પ્રકારનું પરિવર્તન લાવી શકે છે ? તેના વિશે પોતાના વિચારો વ્યકત કર્યા હતા. કૉલેજનાં એચ.ઓ.ડી ડૉ. કુસુમબહેન યાદવે આજના પ્રવર્તમાન સમયમાં કોરોના જેવી મહામારીમાં પણ શિક્ષણ અટકતું નથી, પણ શિક્ષકો પોતાની જવાબદારીથી સભાન રહીને શિક્ષણ આપતા જ રહે છે તેમ જણાવીને 'શિક્ષણનીતિ-૨૦૨૦' સંદર્ભે શિક્ષકની જવાબદારીઓ વિશે વાત કરી હતી. આ કાર્યક્રમમાં અધ્યાપકો પણ ઓનલાઈન ઉપસ્થિત રહ્યા હતા.

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં તા. ૫ સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિનની ઓનલાઈન ઉજવણી કરવામાં આવી, જેમાં ૭૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રિ. ડૉ. રમાકાંત પૃષ્ટિએ

વિદ્યાર્થીઓને શિક્ષકદિનનું મહત્ત્વ સમજાવીને જમીન સાથે જોડાઈને ઉત્તમ પરિણામ મેળવવા કૃત સંકલ્પ બની રહેવા જણાવ્યું હતુ.

### સન્માન-પત્ર

● એસ. એસ. પટેલ બી.એડ. કૉલેજ, ગાંધીનગરના ભૂતપૂર્વ તાલીમાર્થીઓ ભવર ગણેશભાઈ (વલસાડ જિલ્લાની કપરાડા પ્રાથમિક શાળા), વિજયકુમાર ટી. ચાવડા (બોટાદ જિલ્લાની વનાળી પ્રાથમિક શાળા) અને સ્નેહલકુમાર (કોઠાવાલા વેલવાસ પ્રાથમિક શાળા)ને શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ના દ્વિતીય સત્ર દરમિયાન સમગ્ર કલસ્ટરમાં ઉત્તમ શૈક્ષણિક કાર્ય, શાળાકીય સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ, નાવીન્યપૂર્ણ પ્રયોગો અને સામાજિક ક્ષેત્રે ઉત્સાહપૂર્વક વિશિષ્ટ કામગીરી કરવા બદલ ગુજરાત રાજયના શિક્ષણ વિભાગ દ્વારા 'પ્રતિભાશાળી શિક્ષક સન્માનપત્ર' એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા.

### સર્વ નેતૃત્વ

● 'સર્વ નેતૃત્વ' ટીમ દ્વારા મહાત્મા ગાંધીની ૧૫૧મી જન્મજયંતી નિમિત્ત 'BE THE INSPIRATION' થીમ આધારીત વેબિનારનું આયોજન તા. ૩-૫ ઑક્ટોબર દરમિયાન કરવામાં આવ્યું હતું, જેનો હેતુ ગાંધીજીનાં મૂલ્યો અને સિદ્ધાંતો વિશે વિદ્યાર્થીઓને વૈચારિક ચેતના, સ્ફોટ અને પ્રેરણા પૂરી પાડવાનો હતો, જેમાં સર્વ વિદ્યાલયની વિવિધ સંસ્થાઓમાંથી ઓનલાઈન ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને નગરજનો જોડાયા હતા. પ્રથમ દિવસે સેવાનિવૃત્ત IAS અધિકારી શ્રી ભાગ્યેશ જહાએ 'ગાંધી - એક વિચાર' વિષય પર ગાંધીજીના વિવિધ જીવનપ્રસંગો આધારિત શિક્ષણ, મૂલ્યો અને સિદ્ધાંતો વિશે અર્થસભર ચર્ચા કરી હતી. તા. ૪ના રોજ આંતરરાષ્ટ્રિય સોફ્ટ ટ્રેનર અને મોટિવેશનલ સ્પીકર શ્રી રાકેશ ચોપરાએ 'તમારા વિચારો બદલો - તમારી દુનિયા બદલાશે' વિષય પર ક્રિટિકલ થિંકિંગ, ક્રિએટિવ થિંકિંગ, મનના પ્રકારોની સાથે સકારાત્મક વિચારવાની રીત વિશે વિવિધ ઉદાહરણો, વિડિયો અને પી.પી.ટી. પ્રેઝન્ટેશન આપીને સમજાવ્યું હતું. તા. ૫ના રોજ નાર્કોટિક કંટ્રોલ બ્યુરોના પૂર્વ ઝોનલ ડાયરેકટર અને હાલ ઝારખંડ ખાતે સી.આઈ.એસ.એફ.ના સિનિઅર કમાન્ડન્ટ શ્રી હરીઓમ ગાંધીએ 'નવા ભારતના નિર્માણમાં આજના યુવાનોની ભાગીદારી' વિષય પર પોતાનાં કાર્યો અને યુવાનો માટે શરૂ કરેલ Healthy Campus પ્રોજેકટની ચર્ચા કરી યુવાનો કેવી રીતે રાષ્ટ્રનિર્માણને વેગ આપી શકે તેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમનું આયોજન અને સંચાલન સર્વ નેતૃત્વના ઇન્ચાર્જ ડૉ. ધર્મેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## શાળા વિભાગ

### ઓઝોન દિન

● શ્રી કડી નાગરિક સહકારી બેંક પ્રાથમિક શાળા, કડીમાં તા. ૧૬/૦૯/૨૦૨૦ ના રોજ ઓનલાઈન ઓઝોન દિવસની ઉજવણી કરવામાં આવી. ઉલ્લેખનીય છે કે ૧૬ સપ્ટેમ્બરે મોન્ટ્રીઅલ પ્રોટોકોલની યાદમાં આંતરરાષ્ટ્રીય ઓઝોન દિવસ તરીકે ઊજવવામાં આવે છે, જેનું મુખ્ય ધ્યેય વિશ્વમાં ઓઝોનનું સ્તર જળવાઈ રહે અને તેનાથી થતી પૃથ્વી પર હાનિકારક અસરોમાં ઘટાડો થાય તે રહ્યો છે. આ અન્વયે ઓનલાઈન વર્ગમાં વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ઓઝોનસ્તર વિશેની સમજ આપતો વિડિયો PPT દ્વારા અને વિદ્યાર્થીઓ પાસે ચાર્ટ બનાવડાવીને ઓનલાઈન કલાસમાં 'Trees are our Friends', 'Trees are our Life.' નો સંદેશ આપ્યો હતો.

### કલા પ્રવૃત્તિ

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં માટીનાં રમકડાં બનાવવાની પ્રવૃત્તિનું આયોજન ધોરણ - ૩ માટે મદદનીશ શિક્ષક શ્રી  ચેતનભાઈ કે. પંચાલ અને ધો. ૬-૮ માટે શિક્ષકો સર્વ શ્રી સતીશભાઈ પટેલ અને માયાબહેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ઘડિયાળનું મહત્ત્વ અને તેના વર્કીંગ ડાયલની સહઅભ્યાસિક પ્રવૃત્તિમય શિક્ષણ મેળવી તેના વર્કીંગ મોડેલ ધો.-૬ની વિદ્યાર્થિનીઓ દ્વારા બનાવડાવામાં આવ્યાં હતાં. જેનાં વિડિયો અને ફોટોગ્રાફસ વિદ્યાર્થિનીઓએ શાળામાં મોકલી આપ્યાં હતાં. આ પ્રવૃત્તિનું માર્ગદર્શન શ્રી ભગવતીબહેન તથા અંગ્રેજી વિષયના શિક્ષકશ્રી ઘનશ્યામસિંહ ડાભી એ આપ્યું હતું. શિક્ષિકા શ્રી સુધાબહેન પટેલ દ્વારા ધો. : ૧-

૫ ની વિદ્યાર્થિનીઓ માટે વેશભૂષા સ્પર્ધાનું, અને ધો. ૬-૮ માટે એકપાત્રિય અભિનય સ્પર્ધાનું આયોજન શિક્ષકો શ્રી ચંદ્રકાન્ત પટેલ અને શ્રી લતા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

● એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ : ૧ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ઈકો ફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિ પ્રવૃત્તિનું આયોજન ૨૩ ઑગસ્ટના રોજ ઓનલાઈનથી કરવામાં આવ્યું હતું. આ વિશે માર્ગદર્શન હેતુ શિક્ષિકો સર્વશ્રી સ્નેહલબહેન અને પંકજભાઈ દ્વારા ડેમો વિડિયો બનાવીને મૂકયો હતો. તા. ૧ ઑક્ટોબર ના રોજ ઓનલાઈન બૉટલ સુશોભન પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં નીચે મુજબની પ્રવૃત્તિઓનું ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું : તા. ૫/૦૯/૨૦૨૦ ના રોજ ધોરણ-૫ના વિદ્યાર્થીઓ માટે પ્રિન્ટિંગ (છાપ) મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પોતાના ઘરે રહી કલા-શિક્ષકોના માર્ગદર્શન અને માતા-પિતાના સહયોગથી શાકભાજીના વિવિધ આકારો કાપી તેમજ કલરનો ઉપયોગ કરી સુંદર સર્જનાત્મક કૃતિઓ બનાવી હતી, ધોરણ : ૧-૩ નાં બાળકો માટે વેશભૂષા સ્પર્ધાનું તા. ૨૨ ઑગસ્ટના રોજ તથા તા. ૧૫ ઑગસ્ટના રોજ ધોરણ : ૪ માટે 'ગણેશની મૂર્તિ' અને વૉલપીસ બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૧ સપ્ટેમ્બરના રોજ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં ધોરણ ૭ના વિદ્યાર્થીઓએ હળદર વગેરેનો ઉપયોગ કરી જન્મદિન શુભેચ્છા કાર્ડ, કુદરતી દૃશ્ય અને પાણી બચાવોની થીમ પર ચિત્રો બનાવ્યાં હતાં. તા. ૦૧/૧૦/૨૦૨૦ ના રોજ ધોરણ ૩થી ૫ નાં ૧૧૫ જેટલા વિદ્યાર્થીઓએ માતા પિતાના સહકાર અને શિક્ષકોનાં માર્ગદર્શનથી દિવાસળીનાં બૉક્સમાંથી સોફાસેટ, ડાઈનિંગ ટેબલ, વિવિધ રમકડાં, સુશોભનની વસ્તુ, વગેરે કલાકૃતિઓનું સર્જન કર્યું હતું. તા. ૩/૧૦/૨૦૨૦ ના રોજ ધોરણ ૧ અને ૨ માટે સર્જનાત્મક પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવતાં વિદ્યાર્થીઓએ વિવિધ કઠોળનો ઉપયોગ કરી ચિત્રો અને વિવિધ કલાકૃતિઓ બનાવી હતી.

## કોરાના જાગૃતિ

● ગુજકોસ્ટ દ્વારા સમગ્ર ગુજરાતમાં લોક વિજ્ઞાન કેન્દ્રના માધ્યમથી કોરોના જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જેને અનુલક્ષીને નિસર્ગ સાયન્સ સેન્ટરના સહયોગથી શ્રી જે. બી. પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓ માટે COVID-19 'Pandemic Awareness & Understanding' વિષય પર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકો જોડાયા હતા. સાયન્સ સેન્ટરના કો-ઓર્ડિનેટર શ્રી હાર્દિકભાઈ મકવાણા દ્વારા વિદ્યાર્થીઓને COVID-19ની પરિસ્થિતિ અંગે માહિતી આપવામાં આવી હતી તેમજ કોરાનાથી બચવા માટે માસ્ક, સેનેટાઈઝર, સામાજિક અંતર જેવી બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની વાત કરી હતી. ગુજકોસ્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલ વિડિયોમાં એપોલો હૉસ્પિટલના નિષ્ણાંત ડૉ. મનોજ ગુમ્બર અને ગાંધીનગરના ઓર્થોપેડિક સર્જન ડૉ. વિવેક વાછાણી વચ્ચે કોરોના વાયરસનાં લક્ષણો, બચવા માટેનાં ઉપાયો તેમજ જરૂરી સાવચેતી અંગેની પ્રશ્નોત્તરી રજૂ કરવામાં આવી હતી, વિડિયો બતાવવામાં આવ્યો હતો.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલની ધોરણ ૬ ની વિદ્યાર્થિનીઓએ કોરોના વાઈરસ વિશે જન જાગૃતિ દર્શાવવા પ્રસ્તુતિ કરી હતી. વિજ્ઞાન શિક્ષક શ્રી સ્મિતાબહેન એ. જોષીએ વિડિયો બનાવી વિદ્યાર્થિનીઓને મોકલી આપ્યો હતો. અને વિદ્યાર્થિનીઓ પાસે પણ આવો વિડિયો બનાવડાવ્યો હતો.

## ગાંધીજયંતી

● શ્રી કડી નાગરિક સહકારી બેંક પ્રાથમિક શાળા, એસ. વી. કેમ્પસ, કડી દ્વારા ૨ ઑકટોબરના રોજ મહાત્મા ગાંધીની ૧૫૧મી જન્મજયંતીની ઓનલાઈન ઉજવણી અંતર્ગત આચાર્યશ્રી ડૉ. બાબુભાઈ અને શિક્ષકોએ બાળકોને ઓનલાઈનથી ગાંધીબાપુનો જીવનસંદેશ સમજાવીને વિદ્યાર્થીઓને ગાંધીબાપુ વિશે જીવનપ્રસંગો વક્તવ્ય રજૂ કરવાની પ્રેરણા પૂરી પાડતાં વિદ્યાર્થીઓએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. ગાંધીબાપુના જીવન સંદેશ, સ્વચ્છતાનો સંદેશ વગેરે જેવા વિષયો પર ચિત્ર-સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, તેમજ પોતે જ્યાં નિવાસ કરતા હોય તેના કોમન પ્લોટ, શેરીઓ વગેરેની સ્વચ્છતાનું કાર્ય કર્યું હતું.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં

ગાંધીજયંતી નિમિત્તે સ્વચ્છતા દિનની ઉજવણીનો ઓનલાઈન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થિનીઓએ પોતપોતાના વિસ્તારમાં સ્વચ્છતાની કામગીરી કરીને તે અંગેના ફોટા મોકલી આપ્યા હતા. આ પ્રવૃત્તિનું સંચાલન શ્રી જયશ્રીબહેન પટેલ તથા શ્રી હિનલબહેન ઉપાધ્યાયે કર્યું હતું.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળા દ્વારા તા. ૨ ઑક્ટોબરના રોજ ગાંધીજયંતી નિમિત્તે 'ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં ૩૬ વિદ્યાર્થીઓએ 'મને શું થવું ગમે ?' તે વિશે વક્તવ્યો રજૂ કર્યાં હતા.

## નવી શિક્ષણ નીતિ

● નવી શિક્ષણ નીતિ વિશે રત્નસાગર પ્રકાશકોના સહયોગથી તા. ૪ સપ્ટેમ્બરના રોજ ઓનલાઈન કાર્યશિબિરનું આયોજન કરવામાં આવતા તજજ્ઞ હીના અન્સારીએ 'નવી શિક્ષણ નીતિ - ૨૦૨૦'ના મુખ્ય વિષયો વિશે વાત કરી હતી. ઝૂમ એપ્લિકેશનના ડિજિટલ પ્લૅટફૉર્મ દ્વારા શિક્ષકો અને શિક્ષણવિદોએ ભાગ લીધો હતો, જેમાં એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાથમિક શાળાનાં શિક્ષકો રમેશભાઈ ગોહિલ, કુ. રીમા ભાવસાર અને કુ. જસના સુગુનને ભાગ લીધો હતો.

## બાળ વૈજ્ઞાનિક

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં શિક્ષિકાશ્રી સ્મિતાબહેન જોષીએ વિદ્યાર્થિનીઓને આહારના ઘટકો વિશેની જાણકારી ઓનલાઈનથી આપી તથા કયા ખાદ્ય પદાર્થમાં કેટલી ચરબી પોષક દ્રવ્ય રહેલી છે તેનું પરીક્ષણ વિડિયોના પ્રોજેક્ટ દ્વારા કરી બતાવ્યું. વિદ્યાર્થિનીઓએ પણ કયા ખાદ્ય પદાર્થમાં ચરબી રહેલી છે તેનું પરીક્ષણ કરી પોષક દ્રવ્યની જાણકારી આપતો વિડિયો બનાવી શાળામાં મોકલી આપ્યા હતા.

## શિક્ષક દિન

● શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલનાં આચાર્યા ડૉ. ચેતના બૂચ, વિદ્યાર્થી પરમ પરાગ શુકલ, મનાલી પ્રજાપતિ, અશ્વિન પ્રજાપતિ દ્વારા ૫ સપ્ટેમ્બર 'શિક્ષક દિન' નિમિત્તે નામદાર રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી, શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા, શિક્ષણમંત્રી વિભાવરીબહેન દવે, કલેકટરશ્રી કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી શાલીની દુહાન અને ડી.ઈ.ઓ. શ્રી ડૉ. ભરત વાઢેરની શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. આ પ્રસંગે ડૉ. ચેતના બૂચે નામદાર રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીને વિદ્યાર્થીઓ દ્વારા પોસ્ટર સ્વરૂપે તૈયાર કરવામાં આવેલ સર્વપલ્લી રાધાક્રિષ્ણનનાં પેન્સિલ સ્કેચ અર્પણ કર્યાં હતાં.

● શ્રી કડી નાગરિક સહકારી બેંક, કડી, એસ. વી. અને એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા અને શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં સંબંધિત શાળાઓનાં આચાર્યશ્રીઓ / શિક્ષકોના માર્ગદર્શન હેઠળ ઓનલાઈન 'શિક્ષક દિન' ની ઉજવણી કરવામાં આવી.

## સૂર્યઊર્જા

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ધોરણ ૮ની વિદ્યાર્થિનીઓ માટે સોલર એનર્જી પ્રોજેક્ટની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું સંચાલન શ્રી પુષ્પાબહેન પટેલ કર્યું હતું.

## હિન્દી દિવસ

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ, એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક સ્કૂલ, એસ. વી. અંગ્રેજી માધ્યમિક પ્રાથમિક સ્કૂલ અને શ્રી કડી નાગરિક સહકારી બૅંક પ્રાથમિક શાળા (કડી) માં ઓન લાઈન હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી. આ અન્વયે રાષ્ટ્રભાષા હિન્દીનું મહત્ત્વ સમજાવવા ઉપરાંત વિદ્યાર્થીઓને હિન્દીમાં કાવ્ય અને નિબંધ લખવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર


**વર્ષ : ૧૦, અંક : ૫, સપ્ટેમ્બર-ઑક્ટોબર, ૨૦૨૦, સળંગ અંક : ૫૯**

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**

ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**

































શ્રી કડી સહકારી બેંક પ્રાથમિક શાળા, એસ. જી. ઈંગ્લિશ માધ્યમ પ્રાયમરી શાળા, એસ. જી. અને એસ. વી. ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ, એસ. વી. અંગ્રેજી પ્રાથમિક શાળા, શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાથમિક સ્કૂલ અને શ્રી જે. બી. પ્રાથમિક શાળા દ્વારા કલાપ્રવૃત્તિઓને પ્રોત્સાહન પૂરું પાડતી વિવિધ સ્પર્ધાઓનું અને અન્ય પ્રવૃત્તિઓનું ઓનલાઈન આયોજન કરવામાં આવતાં બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલી કેટલીક કલાકૃતિઓ અને પ્રવૃત્તિઓનાં દ્રશ્યો.

**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar**
**Year 10, Issue No. 5 September-October 2020**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**



શ્રી જે. બી. પ્રાથમિક શાળા દ્વારા ગણેશની મૂર્તિઓ બનાવવાની ઓનલાઈન સ્પર્ધાનું આયોજન
કરવામાં આવતાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલી કેટલીક મૂર્તિઓની તસવીર.

